

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ


વર્ષ : ૬૯ · સપ્ટેમ્બર ૧૯૯૬
સળંગ અંક ૮૨૪


તંત્રી
ધીરુ પરીખ



પંચમહાલ ← નૃત્યમુદ્રામાં ગણેશ → શામળાજી

કલકત્તાનું વિખ્યાત જૈનમંદિર





જોધપુરમાં વહેલી સવાર] [ફોટો : ચન્દ્રકાન્ત પટેલ

પૂઠા પરના ગણેશ : (ડાબી બાજુ) પંચમહાલમાં લીંબડી પાસે લીલવા નામક ગામમાંની ગણેશની આ પ્રતિમામાં જમણો પગ ઊંચો લઈ આંગળીઓ પર ટેકવેલો છે, ડાબો પગ ઢીંચણથી સહેજ વળેલો છે. માથે નાનો મુકુટ તથા મોતીનો કેરીઘાટનો પટ્ટો છે. કાનના ઉપરના ભાગે પદ્મકળી આકારના અલંકારો, ખંડિત દંતશૂળ, કોટે કિંકણીહાર, ડાબા ખભેથી પસાર થઈ જમણા હાથ નીચેથી ઉદર પર દેખાતો નાગબંધ, બાજુ પર કાપા પાડેલાં કડાં અને કટક વલય, કટિબન્ધ, ઢીંચણ નીચે ઝૂલતી વનમાળા, પાદવલય અને પાદજાલક – આ બધું પ્રતિમાની સુંદરતામાં વધારો કરે છે. (જમણી બાજુ) શામળાજીના વિષ્ણુમંદિરના પશ્ચિમ ભાગેના મંડોવરના મુખ્ય ગવાક્ષમાંની આ ગણેશ પ્રતિમા ગુજરાતમાંની ગણેશપ્રાતમાઓમાં સૌથી પ્રાચીન (ઈ. ૧૧મી સદી) છે. નૃત્યગતિલય તથા ઘડતર-શૈલી અને અલંકારોની પ્રચુરતાને લીધે તે જુદી પડે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૬૯મું | અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સપ્ટેમ્બર ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

ભાઈશ્રી ગણાત્રાએ ('કુમાર' જુલાઈ '૯૬) 'કસુંબલ રંગ'ના અર્થની પૃચ્છા સાથે 'કસુંબો'ના શબ્દાર્થોની તપાસ જે વિદ્વત્તાથી ને વિગતે કરી તે માટે આભાર. તરત યાદ આવ્યા સૂફીઓ ! એમણે 'પ્યાલા', 'પ્યાલી', 'સાકી'ની વાત એવી રીતે કરી કે એમની 'સુરા'નો 'જામ' વ્યસનમુક્ત કવિતાપ્રેમીઓએ રસથી ઘટઘટાવ્યો ! ઘણા શબ્દોને સર્જકો, આમ, સ્વાર્થ (સ્વ+અર્થ) છોડાવતા હોય છે. સર્જકચિત્તે શબ્દ ચડે કે એને સાંકડી અર્થકતા છોડવી જ પડે, ને થવું જ પડે નવદર્શનનો એક ભાગ, 'તેજે મઢ્યો' (નાનાલાલ), 'ચાર્જ્ડ વિથ મીનિંગ' (પાઉન્ડ). કેવળ અર્થના કામીથી તો કવિતા પણ ભાગે. ગણાત્રાભાઈ જેવા તો આ વાત જાણે છે જ.

અહીં નામ ('કસુંબો') વિશેષ ('કસુંબી' કે 'કસુંબલ') બનતાં જ 'રંગ' ફરી નથી જતો ? પછી 'કસુંબો' ને 'અમલ' ગાયબ થાય છે. આવો લક્ષ્યાર્થ પણ માણવા જેવો 'ઝળળ કસુંબી' 'રંગ' (નર્મદ) નથી ? વળી, મેઘાણીને તો 'કસુંબો' અભિપ્રેત નથી જ નથી. મેઘાણીની સમાજચિંતા બહુ તીવ્ર હતી. અફીણ સામે કેવી ચીડ સાથે ચેતવ્યા છે ! ૧૯૨૮માં 'સૌરાષ્ટ્રના ખંડિયેરો'માં (૧૯૫૬; ૧૩) લખે છે :

'...જવાં મર્દો ક્યાં અદૃશ્ય થયા ?' એ પ્રશ્નનો જવાબ છે 'કાળમુખો કસુંબો !... એનું વિનાશી સ્વરૂપ... એ નથી સમય-કુસમય જોતો, નથી યુવાન-વૃદ્ધ જોતો, નથી પૈસા કે ગરીબી જોતો. એ તો, બસ, પિવાય છે મરજી પડે ત્યારે, રડીને, કરગરીને, રિસાઈને... ડારા દઈને, રિવાજ બનીને ! પાછો સ્વાદ કડવો ઝેર ! જુવાનો અકાળે કરમાય અને વૃદ્ધો પ્રેત બની જાય, વિષયાસક્ત થાય.' એટલે મેઘાણીને આ 'કસુંબો' અભિપ્રેત ન જ હોય ! તો, શું અભિપ્રેત હતું ? આ 'કસુંબીનો રંગ' કાવ્યના ટિપ્પણમાં ('યુગવન્દના' ૧૯૩૫) પોતે લખે છે :

"૧૯૩૪. સ્વતન્ત્ર. સોરઠમાં ને ગુજરાતમાં નવવધૂની કસુંબલ ચૂંદડી, શૌર્યપ્રેમીની કસુંબલ આંખ, બહારવટિયાનાં 'લાલ કસુંબલ લૂગડાં' અને 'ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય અંકિત' એ કવિ નર્મદની ગીતપંક્તિ પ્રચલિત છે. સુગંધે મહેકતો, ન ભડકા જેવો ન આછો, પણ લાલપમાં કાળાશ ઘૂંટી કરેલો હોય તેવો આ કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. જીવનનો પણ એવો જ કસુંબલ રંગ : હૃદયના સર્વ ભાવો જેમાં નિચોવાયા હોય તેવો રંગ જીવનકસુંબીનો. 'એવા સકલ ઊર્મિઓના રંગે રંગાયેલા કોઈ વિરલાને... નિર્દેશી (આ ગીત) રચ્યું છે."

એ વિરલા મને મેઘાણી લાગ્યા, અને આ શીર્ષક રાખ્યું તે મુ. બચુભાઈ રાવતને જચ્યું. મેઘાણીનું સાહિત્ય આવું, 'રંગ' ('રંગ' એટલે 'આનંદ', 'રસ' વગેરે) ભર્યું હતું, ને છે એ વાત, આ જ શબ્દાર્થની ચોખવટ કરતાં, શ્રી વિ. મ. ભટ્ટે ('નિકષરેખા', ભારતી પ્રકાશન મંદિર, ભાવનગર; ૧૯૪૫. પૃ. ૨૧૩ની પાદટીપ) કરી છે :

" 'કસુંબલ રંગ' એટલે શું ? ટિપ્પણમાં એમણે એને જીવનના રંગ તરીકે ઓળખાવ્યો છે. પણ... જરા આગળ જઈને... એમ કહીએ કે જીવનનો રંગ ખરો, પણ જીવનનો સામાન્ય નહિ પણ અદ્‌ભુતતા, સુંદરતા, ભાવનાત્મકતા, વીરતા, સ્વાર્પણ આદિ લાલાશ ને ઘેરાશનો રંગ..."

એ જીવનનો રંગ પણ એવો હતો ! મૂળદાસનું ભજન છે :

'રાતો રંગ રહેણી તણો રે
એનો પૂરણ લાગ્યો પાસ !'

બસ, આ વાત : રાતો રંગ રહેણીનો. માનવમહત્તાનો એ માનદંડ. એ જ 'કસુંબલ રંગ' મેઘાણીના ખ્યાલમાં, ને એમનું જીવન આલેખનારના ખ્યાલમાં પણ. બાકી, શબ્દકોશનો અર્થ લઈને કવિ નથી ચાલતો એ આરંભે જ બતાવ્યું તેમ લોક પણ, લક્ષ્યાર્થો તો વાતવાતમાં વાપરે છે. 'અફીણ' સાંભળતાં જ 'અહિ'+'ફીણ'ની આગવી વ્યુત્પત્તિ તો કરી જ, પણ એની સાથે એક કથા પણ જોડી દીધી ! Folk-etymological and aetiological (કારણદર્શી) tale ! [કેવી રસિક ને 'વિચિત્ર' (મૂળ અર્થ 'વિશેષ સુંદર') દુનિયા છે આ શબ્દોની ! 'ઇટિયોલૉ-'જિકલ' શબ્દ મૂળ વૈદકશાસ્ત્રનો ! 'રોગનું મૂળ'. હવે લોકવિદ્યાશાસ્ત્ર વાપરે છે - 'કારણકથા' માટે : ખિસકોલીને ડીલે પટ્ટા કેમ ? તો કે, સીતાનો/રામનો હાથ ફર્યો'તો; એ આંગળાંની છાપ !] 'અફીણ' એવું નામ કેમ ? મેઘાણી પાસેથી જ એની કારણકથા - 'પરકમ્મા'ની ૧૯૮૧ની આવૃત્તિના પાન તેસઠ પરથી - સાંભળીએ. (Myth, etymology અને aetiology ત્રણેય ભેળાં છે !)

"પાતાળની પદમણી કરણ પરણી આવ્યો. પણ બહુ ખૂબસૂરત એટલે કરણ નજર નહોતો ઝાલી શકતો... બાઈ આણું વળીને પાતાળમાં માવતરે (નાગને ઘેર) ગઈ. (મા પૂછે છે) 'તારે ડીલે તેજ કાં નહિ ?' પુત્રીનો જવાબ છે : 'ધણી બધી વાતે પૂરો, પણ બરદ ખડી જાય છે.' (નાગણે જઈ શેષનાગ પતિને પુત્રીના ઊંડા મૂંગા દુઃખની વાત કહી.) શેષનાગ કહે, 'હું નિદ્રા કરું ત્યારે મારા મોં માથે જે ફીણ

(અનુસંધાન પૃ. ૪૯૨ ઉપર)

ઋત અને અદ્‌ભુત / જયન્ત પાઠક

(શિખરિણી · સૉનેટ)

હતો ફંગોળાયો પ્રથમ અવકાશે દગડ-શો
ગતિમાં ઘૂમન્તો ગ્રહ, ક્રમણમાં ઘાટ ગ્રહતો;
જલે આખેઆખો સભર ઘન વાતાવરણથી
તરુ તૃણે લીલોછમ, ગિરિ-ખીણોના પ્રભવથી
ઊંચો-નીચો શો અધ્ધર ભમત ચાકે ભમરડો!
મહા પ્રાણી પંખી કીટક જીવસૃષ્ટિ પ્રગટતો
પ્રવર્તંતા ઋતે નિયત વ્યવહારક્રમ હતો.
તહીં ઉત્ક્રાન્તિમાં મનુજ પ્રભવ્યો કાલક્રમણે
જુદેરો સૌ જીવો અવરથી, પદે બે વિચરતો,
વિચારન્તો, જોતો જગત બહિરન્તર નયનથી
રચન્તો ચૈતન્યે પ્રખર નિજમાં ને બહિરમાં
રસસ્થાનો, કોપો નવલ રસના સૂક્ષ્મતરમાં.
ગ્રહે જે આદિથી વ્યવહરત સૃષ્ટિ ઋતદશે
રસી એને છંદોલય વરણથી મહા અદ્‌ભુત રસે !

ઝાડવું / રમણીક સોમેશ્વર

(ગાન)

ઝાડવાને કહી દીધું ઝાડવું ને તેથી કંઈ
કહેવાની વાત પૂરી થાય નહીં,
એ પણ છે એટલું જ સાચું કે
બીજું કંઈ આપણાથી પાછું કહેવાય નહીં.

ઝાડવાનું એવું કે મોસમના અણસારે
ઝૂમે ને થોડું લહેરાય,
મોસમ જો રૂઠે તો લીલુંછમ ઝાડવું
અંદરથી આખું વહેરાય;

મોસમના વાયરા તો મનમોજી સાવ
એમ આપણા કહેવાથી તો વાય નહીં.

સીમાડે ઊભેલું ઝાડ એમ આખા
સીમાડાને ઓળખતું હોય,
પંખીની નાનકડી પાંખોમાં જેમ
આભ આખુંયે અવતરતું હોય;
આખીયે સૃષ્ટિની જાણી લે વાત છતાં
ડગલુંયે દૂર કદી જાય નહીં.

કોઈ ! / હેમન્ત દેસાઈ

(ગઝલ)

પ્રસંગ રમ્ય અને વાત રમ્યતમ્ કોઈ -
નિરાંત અવતરી ન ત્યાંય પણ પરમ કોઈ !

ન શબ્દની તમા, ન તોષની મનીષા પણ,
વિદગ્ધ રાત વિખેરી રહી મરમ કોઈ !

અમે તો પ્રાચીદ્વારમાં પ્રવેશ ઝંખ્યો'તો
અનસ્ત હસ્ત ભીડાયા અહો અગમ કોઈ !

અનેરી લાગી'તી લગન સમાધિની અમને
પરન્તુ અંતરા થયા ન સમ-વિષમ કોઈ !

તમામ જનને ધર્યો અર્ઘ્ય ઊર્ધ્વ રંજનનો,
કર્યું પરાયું કોઈકે ન કર્યું મમ કોઈ !

અકલ્પ્ય સુખ અજાણતાં અટુંપટું આવ્યું,
સમીપ આવ્યું નહીં ઈષ્ટ અર્થક્ષમ કોઈ !

ઊંડે ઊતરે વાણી રે / ભગીરથ બ્રહ્મભટ્ટ

(ગાન)

સહજ સહજમાં પળ નજરાતાં ઊંડે ઊતરે વાણી રે
સકલદલોમાં છલ્લક છલ્લક ક્યાંથી ફૂટે પાણી રે!
જલનગરીના દ્વારે ઊઘડે કમળકુળના ગોટા રે
ઝરણા જેવા તડકા કેવળ સૌરભના પરપોટા રે!
ઝનઝન ઝનઝન દરિયો દોડે ચમ્મકચંદર જાણી રે
સહજ સહજમાં પળ નજરાતાં ઊંડે ઊતરે વાણી રે
જીવતરડાળે કે'દા'ડાનાં કોરાં કંકુ ખરતાં રે
જળનો છાંટો સ્હેજ અડ્યો લ્યો, અવસર આભે તરતા રે!
અંદર અંદર કોતરકામણ મનખે મોસમ માણી રે
સહજ સહજમાં પળ નજરાતાં ઊંડે ઊતરે વાણી રે.

વિનંતી છે / હરીશ જસદણવાળા

(ગઝલ)

જૂના ખંડેરમાં અજવાશ મોકલવા વિનંતી છે,
થયો કલશોર ત્યાં હળવાશ મોકલવા વિનંતી છે.
વિવશ આ સૂર્ય પાસે આશ મોકલવા વિનંતી છે,
સુકાતા વૃક્ષને લીલાશ મોકલવા વિનંતી છે!
ઘણા દિવસ પછી આજે જનમ લે છે નવી પાંખો,
હવે એ પાંખને આકાશ મોકલવા વિનંતી છે.
પ્રથમ કિરણ ફૂટે ત્યારે અહીં ફેલાય છે ફૂલો,
સૂરજના હાથમાં સુવાસ મોકલવા વિનંતી છે!



ડૉ. પી. ડી. પાઠક

પ્રહ્લાદ છ. પટેલ

કેટલીક વ્યક્તિઓ સ્થાનિક સ્તરે વિશેષ જાણીતી હોય છે, રાષ્ટ્રિય સ્તરે ઓછી અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ખાસ જાણીતી હોતી નથી. તેથી ઊલટું, કેટલીક વ્યક્તિઓ સ્થાનિક સ્તરે ઓછી જાણીતી, રાષ્ટ્રિય સ્તરે વધુ અને આંતરરાષ્ટ્રિય સ્તરે તેથીય વધુ જાણીતી હોય છે. બહારની દુનિયાએ આવી એક વ્યક્તિનો ગુજરાતને પરિચય કરાવ્યો છે તે છે પ્રાધ્યાપક પુષ્કરરાય દલપતરાય પાઠક (પ્રો. પી. ડી. પાઠક).

પ્રો. પાઠક ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ અને ભૃગુ ઋષિના વંશજ છે. તેમનો જન્મ તા. ૧૬-૪-૧૯૧૬ના રોજ ભરૂચ ખાતે થયેલો. તેમણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વડોદરા ખાતે લીધેલું છે. વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં રહીને તેમણે એમ.એસસી.ની ઉપાધિ સંશોધન દ્વારા પ્રાપ્ત કરી હતી. તેમના સંશોધનનો વિષય હિલિઅમ-૨ હતો. ૨૬૮° થી ૨૭૧° C તાપમાન વચ્ચે જે હિલિઅમ અપેક્ષિત ગુણધર્મો ધરાવે છે તેને હિલિઅમ-૧ કહે છે. પણ -૨૭૧° C થી નીચા તાપમાને સદર હિલિઅમના ગુણધર્મો ઊલટાઈ જાય છે તેવું તેમણે તેમના સંશોધન લેખમાં પ્રતિપાદિત કર્યું છે.

જે ધ્વનિના તરંગોનો આપણે અનુભવ કરીએ છીએ તે દાબતરંગો (pressure waves) છે. આવા ધ્વનિતરંગો માધ્યમમાં સંઘનન (જ્યાં માધ્યમના કણો ભેગા થયા હોય છે) અને વિઘનન (જ્યાં માધ્યમના કણો છૂટા, પડતા હોય છે)ની પ્રક્રિયા દ્વારા પ્રસરે છે. પ્રો. પાઠકે હિલિઅમ-૨ના સંશોધનથી ધ્વનિતરંગોના પ્રસરણની પ્રક્રિયાને નવું આયામ આપ્યું. દાબ-તરંગોની જેમ ઉષ્મીય તરંગો (જેને દ્વિતીય ધ્વનિ કહે છે) હિલિઅમ-૨માં પેદા થાય છે. દ્વિતીય ધ્વનિ (second sound)નું તેમનું સમીકરણ મૂળભૂત અને પાયાનું પુરવાર થતાં જગતના જ્ઞાનમાં અલ્પાંશે પણ ઉમેરો કર્યો છે.

૧૯૩૭-૧૯૪૬ સુધી તેમણે મ. સ. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક સેવાઓ આપી. ૧૯૪૬માં તેઓ અમદાવાદની એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં જોડાયા. થોડાક સમય બાદ તેઓ આ વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ બન્યા. અહીં તેમણે અનુસ્નાતક શિક્ષણ સાથે સંશોધનની પ્રવૃત્તિને ધબકતી કરી. આ સંસ્થાએ વસાવેલા ક્ષ-કિરણોના એકમ ઉપર તેમણે સંશોધન કાર્ય શરૂ કર્યું અને કેટલાક વિદ્યાર્થીઓને એમ.એસસી.ની ઉપાધિ સંશોધન દ્વારા અપાવી. સંશોધન સુવિધાઓ માટે તેમણે આ વિભાગને સાધનસંપન્ન બનાવ્યો.

૧૯૫૯માં ગુજરાત યુનિવર્સિટીએ ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન માટે વિભાગ શરૂ કર્યો. આ વિભાગનું સુકાન પ્રો. પાઠકને સોંપવામાં આવ્યું. શિક્ષણ અને સંશોધનક્ષેત્રે આ વિભાગને ઊંચો દરજ્જો અપાવવા માટે તેમણે કોઈ કચાશ રાખી ન હતી. તેમના માર્ગદર્શન હેઠળ કેટલાક વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. આ વિભાગને સારી એવી ઊંચાઈએ મૂકી તેઓ ૧૯૭૭માં નિવૃત્ત થયા. તેમના શિક્ષણ અને સંશોધનની કદરરૂપે યુ.જી.સી.એ પ્રો. પાઠકને નિવૃત્તિ બાદ સન્માનનીય (ઇમેરિટસ) પ્રાધ્યાપક તરીકે નિમ્યા અને ૧૯૮૧ સુધી આ પદે રહી સેવા આપીને તેઓ સંપૂર્ણપણે નિવૃત્ત થયા.

યુનિવર્સિટીમાં સેવાઓ આપતા હતા. તે દરમ્યાન ધાતુઓના ઉષ્મીય વિસ્તરણના આંતરરાષ્ટ્રિય અમેરિકન કાર્યક્રમમાં ભાગ લેવાનો તેમને મોકો મળ્યો. આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતાં સામયિકોમાં ઘનઅવસ્થા ભૌતિકશાસ્ત્ર અને ખાસ કરીને સ્ફટિકોના ઉષ્મીય ગુણધર્મો ઉપર તેમના ૪૦ જેટલા નોંધપાત્ર સંશોધન લેખો પ્રસિદ્ધ થયા છે. આ સાથે સાથે તેમણે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ૧૨ જેટલાં પાઠ્યપુસ્તકો આપી ગુજરાતની અમૂલ્ય શૈક્ષણિક સેવા કરી છે. આ બધાની કદર રૂપે યુ.એસ.એ.ની આંતરરાષ્ટ્રિય યુનિવર્સિટી ફાઉન્ડેશને તેમને ૧૯૮૯માં 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની માનદ ઉપાધિ આપી. જૂજ લોકોને અપાતા આવા માનથી તેમણે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

વિજ્ઞાન શિક્ષણ સુધારણા કાર્યક્રમના ઉપક્રમે કેન્દ્ર સરકારે ડૉ. પાઠકને ૧૯૭૦માં યુ.એસ.એ. મોકલ્યા. ત્યાં તેમણે ભારત અને યુ.એસ.એ.ના સહયોગથી કાર્ય કરતી પ્રયોગશાળાઓની અને ૩૦

જેટલી શૈક્ષણિક અને સંશોધન-સંસ્થાઓની મુલાકાત લીધી.

નિષ્ઠા અને પ્રામાણિકપણે કાર્ય કરનારની કદર ઘરઆંગણે થાય કે ન થાય પણ પરદેશની સંસ્થાઓ તેમના માહિતી-સંકલન રડાર દ્વારા આવા માણસોની નોંધ લેતી હોય છે અને જગતના પડદા ઉપર તેમને રજૂ કરે છે. તાજેતરમાં યુ.એસ.એ.ની ઈન્ટરનૅશનલ સ્ટાર રજિસ્ટ્રી (ISR) સંસ્થાએ ડૉ. પાઠકને તેની યાદી ઉપર મૂક્યા છે અને ખગોલીય કીર્તિ-સ્થાન આપ્યું છે. પૃથ્વીથી આશરે ૩૫૦ પ્રકાશવર્ષ દૂર અંતરિક્ષમાં આવેલો ક્રમાંક ૮૪૧૮૮ ૧૨૮૮ ને હવે પછી 'ડૉ. પાઠક તારો' તરીકે ઓળખાશે. તેમની ૮૦મી જન્મજયંતી (૧૬-૪-૧૯૯૬)ના રોજ આ સંસ્થાએ તેમને ખગોલીય પદ અર્પણ કર્યું. આ તારો સપ્તવર્ષિય (ursa minor) અથવા લિટલ બીયર તારકવૃંદ નજીક આવેલા ડ્રૅગન તારકવૃંદમાં આવેલો છે.

પૃથ્વી ઉપર કોઈ સ્થળનું સ્થાન નક્કી કરવા માટે અક્ષાંશ અને રેખાંશનો ઉપયોગ થાય છે. તે રીતે અવકાશમાં કોઈ પણ સ્થાન ખગોલીય યામો વડે નક્કી કરી શકાય છે. તે છે (૧) વિષુવાંશ (Ascension Right, RA) (૨) વિનમન (Declination, D). વિષુવાંશ એ રેખાંશ જેવો યામ છે અને તેનું માપન કલાક, મિનિટ, સેકન્ડમાં થાય છે. વિષુવાંશનો પ્રત્યેક કલાક ૧૫° જેટલો હોય છે તે રીતે તેના ૨૪ કલાક ૩૬૦° બરાબર થાય છે. વિનમન એ અક્ષાંશ જેવો યામ છે. વિનમન એ ખગોલીય વિષુવવૃત્તની ઉત્તર અથવા દક્ષિણ તરફ લીધેલું કોણીય અંતર છે. પૃથ્વીના ધ્રુવ અને વિષુવવૃત્તની વિસ્તૃતિથી આ ખગોલીય યામપદ્ધતિ તૈયાર થાય છે. આ યામપદ્ધતિના સંદર્ભમાં 'ડૉ. પાઠક તારા'નો RA યામ ૧૫ કલાક ૫૩.૨૯ સેકન્ડ અને D યામ ૬૬° અને ૨૪' ૪૯.૭૮ છે. ખગોળવિદો તારાની તેજસ્વિતાને માનદંડ (Magnitude)ના સંદર્ભમાં વ્યક્ત કરે છે. તેજસ્વી વેગા તારાનું માનદંડ શૂન્ય લેવામાં આવે છે. અન્ય તારાઓને આ માનદંડ સાથે સરખાવવામાં આવે છે. વેગા કરતાં $\frac{1}{00}$ ભાગની તેજસ્વિતા ધરાવતા તારાને નરી આંખે જોઈ શકાય છે. ડૉ. પાઠક તારાની દૃશ્ય તેજસ્વિતા ૧૧.૪ (MV) છે.

ડૉ. પાઠક અત્યારે તો પ્રભુમય જીવન ગાળે છે. ભજનો લખે છે અને ગાય પણ છે. ઈશ્વરમાં તે ભારે આસ્થા ધરાવે છે. તેઓ ચુસ્તપણે માને છે કે આ વિશ્વમાં ઈશ્વરે જેનું સર્જન કર્યું છે તેમાં ક્યાંયે અસ્તવ્યસ્તતા નથી. જે કંઈ અસ્તવ્યસ્ત નજરે પડે છે તેમાં ક્યાંક ને ક્યાંક તેની પાછળ કોઈ ચોક્કસ નિયમ કામ કરતો હોય છે. આ બધું જ વિજ્ઞાનમાંથી પ્રતીત થાય છે. ડૉ. પાઠકે તેમના સેવાકાળ દરમ્યાન સંનિષ્ઠ સંશોધક અને શિક્ષક તરીકે કામ કર્યું છે અને કરાવવા કોશિશ કરી છે. શિસ્ત અને સંનિષ્ઠા તેમનાં જીવન-મૂલ્યો રહ્યાં છે. આજના શિક્ષણમાં શિસ્ત અને ઉમદા મૂલ્યોનો લોપ થયેલો જોઈ તેઓ ભારે વ્યગ્રતા અને વ્યથા અનુભવે છે. શૈક્ષણિક ઉત્તમતા (excellence) ઉપર ઊતરી આવેલા અરાજકતાના ઓળાથી તે ખૂબ નારાજ છે. આજના શિક્ષક-જગતથી પણ તેઓ ભારે ખિન્ન છે. કારણ કે શિક્ષકો પૈસા પાછળ પડી પોતાની સહજ ફરજો બજાવવાની અવહેલના કરી રહ્યા છે. ડૉ. પાઠક વિદ્યાર્થીઓની બુદ્ધિમત્તા અને ગુણવત્તાના પ્રશંસક છે. વિદ્યાર્થીઓમાં રહી જતી ઊણપો અને અસંતોષ માટે તેમના વાલીઓ અને શિક્ષકોને તેઓ જવાબદાર ગણાવે છે.

ડૉ. પાઠક વર્તમાન શૈક્ષણિક માહોલથી અસંતુષ્ટ હોવા છતાં રાષ્ટ્રના ઉજ્જ્વળ ભાવિ પ્રત્યે આશાવાદી છે. જીવનના કોઈ પણ પાસા પ્રત્યે તેઓ રચનાત્મક અને વિધેયાત્મક વલણ ધરાવે છે. વિજ્ઞાન શિક્ષણ સુધારણા કાર્યક્રમના સહભાગી હોઈ શિક્ષણ માટે અને કેટલીય સંશોધન-સંસ્થાઓ સાથે સંકળાયેલા હોઈ વિજ્ઞાન અને તંત્રવિજ્ઞાન (ટેક્નોલૉજિ) ઉપર સાર્થ ટીકા-ટિપ્પણ કરવા માટે તેઓ અધિકૃત છે.

અવકાશના બીજા એક તારા સાથે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍસ્ટ્રોફિઝિક્સના માજી નિર્દેશક સ્વ. વેણુ બાપુનું નામ જોડવામાં આવ્યું છે અને ચંદ્ર ઉપરના એક કેટર સાથે વિક્રમ સારાભાઈનું નામ જોડવામાં આવ્યું છે. આ રીતે ડૉ. પાઠક વિક્રમ સારાભાઈ અને વેણુ બાપુની હરોળમાં મુકાયા છે એ ઘટના પ્રત્યેક ગુજરાતીને માટે ગૌરવ લેવા જેવી છે. □

૧૦૦ ગ્રાહકોને 'કુમાર' એક વર્ષ માટે ભેટ

વહેલો તે પહેલો

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની ટહેલના પ્રતિસાદરૂપે અમને મુંબઈના એક 'કુમાર'પ્રેમી સજ્જન તરફથી ૧૦૦ ગ્રાહકો માટે રૂ. ૧૦,૦૦૦ની રકમ ભેટ મળી છે તેમાંથી ૧૦૦ શાળા-મહાશાળાઓને એક વર્ષ માટે 'કુમાર' માસિક આ સજ્જન તરફથી ભેટ મોકલાશે. આ યોજનાનો લાભ લેવા માગતી શાળા-મહાશાળાઓએ પોતાનું નામ-સરનામું અમને તરત જ મોકલી આપવું. વહેલો તે પહેલો એ ધોરણે 'કુમાર' ભેટ મોકલાશે. ૧૦૦ની સંખ્યા પૂરી થતાં આ યોજના બંધ થશે. સત્વરે આપની સંસ્થાનું નામ-સરનામું મોકલી આપશો. આપના ગામનો પિન કોડ અચૂક લખશો.

ભૂલકાં ખોવાયાં

બી. કેશરશિવમ્

છેલ્લા બે માસથી ગોપાળ માટે એનું પોતાનું ઘર જાણે માથાનો દુખાવો થઈ ગયું હતું. માથાનો સામાન્ય દુખાવો હોય તો બામ ઘસીને કે ગોળી ગળીને મટાડી શકાય પણ આ વેદનાનો કોઈ ઉપાય ગોપાળને જડતો ન હતો. પોતે પહેલાં કદી દારૂ પીતો ન હતો પણ ઘરના વાતાવરણને લીધે કોઈ કોઈ વાર હવે એ છાંટોપાણી કરવા માંડ્યો હતો. દારૂ પીને ઘેર આવી તે લવારે ચઢી જતો ત્યારે ઘરનાં બધાં શાંત થઈ જતાં. એની પત્ની રમા તો ડઘાઈ જ ગઈ હતી. ગોપાળની મા જીવીની ચિંતા પણ હવે વધી ગઈ હતી.

ઘરમાં કેટલાક સમયથી મા અને રમા વચ્ચે ચડભડ ચાલ્યા કરતી હતી. ગોપાળ રમાને કંઈ કહી શકતો ન હતો. રમા પોતાનું પિયર, મા-બાપ, ભાઈ-બહેન તથા એની પ્રિય સખીઓ બધું છોડીને માત્ર પોતાને સહારે આવી હતી. આટલી વાતથી ગોપાળને રમા પ્રત્યે સહાનુભૂતિ થઈ આવતી. શરૂઆતમાં રમા બે વખત પોતાને પિયર ચાલી ગઈ હતી. બેય વખત ગોપાળને તેડવા જવું પડ્યું હતું. બીજી વખત તેડવા ગયો ત્યારે રમાની માએ કહ્યું હતું, 'મીં તમન મારી સોડી આલીસ. કાંય ઢોર આલ્યું નહીં ક જયમ ત્યમ ઈન ઝૂડવા મંડી પડો.'

દારૂ પીને આવ્યા પછી બેય વખત ગોપાળે રમાને મારી હતી, એટલે જ રમા પિયરમાં ભાગી ગઈ હતી. બીજી વખત ગોપાળ તેડવા ગયો ત્યારે રમાને નહીં મારવાના એણે સમ ખાધા પછી જ એની સાસુએ રમાને મોકલી હતી.

રમા શહેરની હતી. શહેરમાં એના પિતાજી મિલમાં મજૂરી કરતા હતા. મિલની ચાલીમાં તે રહેતા હતા. રમા પહેલું સંતાન હતી એટલે લાડકોડમાં ઊછરી હતી. એનાં મા-બાપે કદી એને આંગળી પણ અડાડી ન હતી. રમા આમ તો સમજુ હતી. સાસરે આવ્યા પછી ઘરનું બધું જ કામ કરતી. નગરપાલિકાના નળ આવ્યા ન હતા ત્યારે તે દૂરના કૂવેથી પાણી ખેંચી લાવતી. કોઈને પણ શહેરની હોય એવું લાગવા દેતી ન હતી. શહેરમાં રહેતી એ પ્રમાણે ચોખ્ખી અને સુઘડ રહેતી. રમાની સાસુ ગામડાની હતી. જીવીને આ બધી રમાની ટાપટીપ લાગતી, જે એને ગમતી ન હતી. જીવી માનતી કે વહુ આખો દા'ડો બનીઠનીને ફરે છે.

જીવી જીનમાંથી કાલાંની ઘડીઓ ઘેર લાવતી. દહાડાની બે ઘડીઓ તો તે ઘરમેળે ફોલી દેતી. ઘરમાં કામને લીધે રમા કાલાં ફોલવા બહુ બેસતી નહીં. એની આંગળીઓનાં ટેરવાં પણ છોલાઈ ગયાં હતાં. શહેરમાં તેને આવી કોઈ મજૂરી કરવી પડી ન હતી. ચાલીમાંથી ઘણાં છોકરાં કાગળના ડૂચા અને પ્લાસ્ટિકના ટુકડા વીણવા જતાં પણ રમાનાં માબાપ તેને જવા દેતાં ન હતાં. રમા ઘરમાં શાંતિ જળવાઈ રહે એટલા માટે કાલાં ફોલતી. ઘડી લઈને જીનમાં આપવા જતી; ત્યાં ઘડી તોલીને લેનારો રોજ કચકચ કરતો. જીવી કાલાંમાં થોડું પાણી છંકોરતી જેથી રૂનું વજન વધારે પકડે. બદલામાં થોડું રૂ કાઢી લેતી અને બહાર વેચી દેતી. રમાને આ ગમતું ન હતું. પેલો ઘડી લેનારો દર વખતે બડબડાટ કર્યા કરતો અને કોઈ કોઈ વાર તો જયમત્યમ બોલી પણ નાખતો. એક વાર ઘડી વધારે ભીની લાગતાં પેલાએ કહ્યું કે તેં રૂ કાઢી લીધું છે અને રૂમાં પાણી છાંટ્યું છે. એમાંથી સામસામે બોલવાનું વધી ગયું. પેલાએ રમાને ચોરટી કહી ને કાલાંની ઘડી આપવાની ના પાડી દીધી. રમા ઘડી લીધા વિના ઘેર આવી. તે દિવસે સાસુ-વહુ વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો. ગોપાળે માને કહ્યું :

'મા, તું રૂ શું કરવા કાઢી લે છે? રૂય એના પરમાણમાં કાઢવાને બદલે તું વધારે કાઢી લે છે ને પાણી યે વધારે છાંટે છે એટલે જીનમાં ઝઘડો ન થતો હોય તોય થાય. પેલોય રમાને જેમતેમ બોલે છે.'

જીવીને લાગ્યું કે ગોપાળે વહુનું ઉપરાણું લીધું છે. તે બોલી :

'હું આ બધું કાંય મારા માટે કરતી નહીં. આ ઘડીઓના પરતાપે તો તું મોટો થ્યો સ. મજૂરી કરી કરીન મારી જાત નેચોવી નાખી સ. ન આજ વઉનું ઉપરાણું લઈ મન વઢવા માંડ્યો સ?'

આમ તો એ મા સામે કદી બોલતો ન હતો. પોતે કેવી રીતે મોટો થયો છે એ બધું તે બરાબર જાણતો હતો. પોતે બે-એક વર્ષનો હતો ત્યારે એના પિતાજી ગુજરી ગયા હતા. વાસમાં બધાં વાતો કરતાં કે ગોપાળની મા જીવી ગોપાળને કેડ્યમાં ઘાલીને કૂવે પાણી ભરવા જતી, ખેતરે મજૂરીએ જતી પણ ગોપાળને લીધે એણે નાતરું કર્યું ન હતું. એની ઉંમર એ વખતે માંડ ૨૨ વર્ષની હતી. પિયરિયાં તથા સાસરીવાળાંએ ફરી કોઈનું ઘર માંડવા ઘણી સમજાવી હતી, એ માટે ઘણાં પ્રલોભનો આપ્યાં હતાં, છતાં ગોપાળને લીધે એણે એક ભવમાં બે ભવ કર્યા નહોતા. એણે ખેતરમાં કાળી મજૂરી કરીને તથા બહારનાં વૈતરાં કરીને ગોપાળને મોટો કર્યો હતો, એને ભણાવ્યો હતો. ગોપાળ મૅટ્રિક પાસ થઈ ગયો હતો. પરીક્ષામાં એને સારા ટકા આવ્યા હતા એટલે નગરપાલિકામાં એને કારકુનની નોકરી પણ મળી ગઈ હતી. બધાં કહેતાં કે ભગવાને જીવી સામે હવે જોયું છે એટલે જ ગોપાળને ગામમાં ને ગામમાં જ આવી સરસ નોકરી મળી ગઈ.

કોઈ કોઈ વાર ગોપાળને પોતાના જૂના દિવસો યાદ આવી જતા. એ નાનો હતો ત્યારે ગોદડીમાં મૂતરી જતો. મા તેને

ઉઠાડીને પોતાની ગોદડી બિછાવી આપતી. ઠંડીમાં રાત્રે ઊઠીને તે ગોપાળને ઓઢાડતી. એની ઢોયણીમાં રાત્રે કૂતરું બેઠું હોય તો તે કૂતરાને ભગાડી મૂકતી. એની બગડેલી ગોદડી તળાવે જઈને મા ધોઈ નાખતી. પોતે ભૂખી રહી ગોપાળને ખાવા આપતી. નિશાળમાં દાખલ થયા પછી તે તેની બધી જરૂરિયાતો પૂરી કરતી. વહેલી સવારથી મોડી રાત સુધી માની કામગીરી ચાલુ રહેતી. તેલના કોડિયે કે પછી કેરોસીનના દીવે તે રાત્રે પણ કાલાં ફોલ્યા કરતી હતી. માએ કદી સારું ખાધું નથી, સારું પહેર્યું નથી કે ઓઢ્યું નથી, પછી દાગીનાની તો વાત જ ક્યાં કરવી? માની આબરૂ પણ એવી હતી કે કોઈ એની સામે આંગળી પણ ચીંધી શકતું ન હતું.

રમાએ જુદા રહેવાનો વિચાર કહ્યો ત્યારે એ ઊકળી ઊઠ્યો હતો. સાસરીમાં કમુને તેડવા ગયો ત્યારે એની સાસુએ પણ જુદા રહેવાની વાત કરી હતી, પણ મા સામે જોતાં તે માનતો ન હતો. માની ઉંમર ઓછી હતી પણ અકાળે જાણે વૃદ્ધ થઈ ગઈ હતી. છોકરાંને દાદી સાથે ખૂબ માયા હતી. નાનકડો સત્યેન દાદીના ખોળામાં જ ભરાઈ રહેતો. ચાર વર્ષની થઈ ગયેલી નાનકડી હંસા દાદી પાસે બેસી રહેતી ને તેમને કાલાં ફોલાવતી.

પણ આજનો ઝઘડો ખૂબ વધી પડ્યો. મા જાતે જીનમાં ધડી લેવા ગઈ. ધડી આવતાં છોકરાં પણ કાલાં ફોલાવવા બેસી ગયાં. રમાને લાગ્યું કે આને લીધે હંસા બાલમંદિરમાં પણ જતી નથી. આ કાલાંને લીધે ઝઘડો થતાં રમા તેની સાસુને જેમ તેમ બોલવા લાગી હતી. જીવીને લાગી આવ્યું. સાંજે ગોપાળ નોકરી પરથી ઘેર આવતાં ઝઘડો વધી ગયો. જીવી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. ગોપાળ કંટાળીને ઘર છોડી બહાર નીકળી ગયો.

બહુ મોડી રાત્રે ગોપાળને એનો ભાઈબંધ ઘેર મૂકી ગયો. ગોપાળે આજે હદબહારનો દારૂ પીધો હતો. રાત્રે જીવી બોલી નહીં. ગોપાળનો મિત્ર બોલ્યો :

'તમે બધાં તો સમજુ છો એટલે વધારે કહેતો નથી પણ બધાં હળીમળીને રહો તો સારું. ગોપાળે આજે આટલો દારૂ પીધો ને કાલ કંઈ બીજું કરશે તો?'

રમા પ્રસંગની ગંભીરતા જોઈ કાંઈ બોલી શકી ન હતી.

ગોપાળે આજે પહેલી વાર આ રીતે ઘરની બહાર પગ મૂક્યો હતો. રોજની આ રોકકળ અને રામાયણથી ગોપાળ કંટાળી ગયો હતો. ઑફિસેથી ઘર આવવું એટલે જાણે લાક્ષાગૃહમાં આવવા જેવું એને લાગવા માંડ્યું હતું. ઘર જાણે સળગતી આગ જેવું બની ગયું હતું. કોઈ કોઈ વાર તે ઊંડા વિચારમાં ડૂબી જતો. આવું ક્યાં સુધી ચાલશે? બાળકો પર પણ આની કેવી ખરાબ અસર પડે છે? કોઈક વાર એના મનમાં એકાદ કલુષિત વિચાર ઝબકી જતો. આવી પરિસ્થિતિમાં કદાચ કોઈ દિવસ અનિષ્ટ સર્જાઈ જાય તો? એના શરીરમાંથી જાણે એક ધ્રુજારી પસાર થઈ ગઈ હતી. હવે તો ઊંઘમાં પણ આ વિચારો એનો કેડો મૂકતા ન હતા. કોઈ વાર એને રમા ઘાસતેલ છાંટીને બળી મરતી દેખાતી તો કોઈ વાર માના ગળામાં ફાંસો!

જીવી આજના પ્રસંગથી હેબતાઈ ગઈ હતી. તે વિચારતી હતી, 'આજ જેવો પોતાને આત્મહત્યા કરવાનો વિચાર આવ્યો એવું કાંક ગોપાળ કરી દે તો?' તે એકદમ ધ્રૂજી ઊઠી હતી. રાત્રે એને પણ ઊંઘ આવી ન હતી. તે સવાર પડવાની ને ગોપાળના જાગવાની રાહ જોતી પાસાં ઘસતી પડી રહી હતી.

સવારે જીવીએ ગોપાલને કહ્યું, 'બેટા, અવ તું ઈમ કર. વઉન લઈન જુદો રે. મન ઈનું જરાય દુઃખ નહીં.'

ગોપાળને અંદરથી આ વાત ગમી હતી, પણ જુદા રહેવાથી માને કેવું લાગશે? પાડોશીઓ શું કહેશે? એ વિચારે તે સમયે તો તેણે ના પાડી દીધી. એની ના જીવીને ગમી હતી, છતાં જીવી બોલી, 'ભઈ, તું કાંય નવઈનો જુદો રે'તો નહીં. ચેટલાય જુદા રેય સ. તું મારી જરાય ચંત્યા ના કરતો.'

ઘરમાં જતાં રમાએ પણ એને સમજાવ્યો. તે બોલી, 'મા જુદાં રહેવાનું કહે છે પછી શું વાંધો છે? આમ ને આમ કંઈક નવાજૂની થઈ જશે તો?'

રમાના છેલ્લા વાક્યે ગોપાળના સમગ્ર અસ્તિત્વને જાણે ઘેરી લીધું. આખરે મન મક્કમ કરી ગોપાળે બહારની કોઈ વસાહતમાં એક રૂમ ભાડે રાખી લીધો. માએ ભારે હૈયે વિદાય આપી. પોતાનાં બંને બાળકોને આમ વિદાય લેતાં જોઈ માની આંખમાં પાણી આવી ગયાં. ગોપાળે પણ હૃદય પર પથ્થર મૂકી માની વિદાય લીધી. તે વિચારવા લાગ્યો : પોતે હવે વધારે કરકસર કરશે, વધારે પૈસા બચાવશે અને માને ગુજારાના વધારે પૈસા આપશે, માને જરાય તકલીફ ન પડે તેની પૂરી કાળજી રાખશે.

જુદાં રહ્યા પછી ગોપાળને તો હવે જાદુ જેવું લાગવા માંડ્યું. સાંજે ઘેર આવતાં રમા કેવી ખુશખુશાલ રહે છે! એના ચહેરા પર હવે હંમેશાં હાસ્ય જોવા મળતું. એ જ્યારે મા પાસે જતો ત્યારે મા પણ કેવી આનંદમાં આવી જાય છે? કેવી મીઠીમીઠી વાતો કરે છે? જાણે કદી ઝઘડ્યાં જ ન હોય એમ બરડે હાથ ફેરવી મા કેવી પંપાળે છે? 'બેટા, બેટા' કહેતાં જાણે ધરાતી જ નથી.

રમાને હૈયે હવે નિરાંત થઈ ગઈ હતી. ડોસીની કચકચથી એ કંટાળી ગઈ હતી. જુદાં રહેવા છતાં હજુ રમાનો ગુસ્સો ઓછો થયો ન હતો. બધું યાદ કરીકરીને તે જીવીને હજુ પણ ભાંડતી હતી. છોકરાં દાદીનું નામ લે તો જાણે એના આખા શરીરે ઝાળ લાગી જતી. કોઈ ,કોઈ વાર બાળકો દાદી પાસે ઊપડી જતાં ને એને ખબર પડતી ત્યારે તેનો ગુસ્સો કાબૂ બહાર જતો રહેતો.

એ જાણે હવે ડોસી સાથેનો સંબંધ જ કાપી નાખવા માગતી હતી.

બાળકો દાદી વિના ટળવળતાં હતાં. એમને દાદી યાદ આવતી, પણ રમાની બીકને લીધે ત્યાં જઈ શકતાં ન હતાં. બાળકોના આ તલસાટને ન રમા સમજી શકી કે ન ગોપાળ. બંને બાળકો દાદી વિના હિજરાવા લાગ્યાં. દાદીનો ખોળો ખૂંદવા બંને બાળકો ઝંખી રહ્યાં હતાં.

એક દિવસ સત્યેનને કેડ્યમાં ઘાલીને હંસા દાદીમા પાસે ઊપડી ગઈ. બિચારાં બાળકો! સંસારના રગડા-ઝગડા શું જાણે? એમને તો દાદીમા પાસેથી અખૂટ વહાલ મળતું હતું. કોઈ કોઈ વાર હંસા ને સત્યેન છાનાંમાનાં રમા ન જાણે એમ દાદી પાસે પહોંચી જતાં પણ આજે એ પકડાઈ ગયાં હતાં. રમાને ખબર પડતાં તેની આંખોમાંથી તો જાણે અંગારા ખરવા લાગ્યા હતા. એનું આખું શરીર ગુસ્સામાં ને ગુસ્સામાં ધ્રૂજવા માંડ્યું હતું. એણે ફૂલો જેવાં બંને બાળકોને ખૂબ માર્યાં. એણે બંને બાળકોને ચેતવણી પણ આપી દીધી, 'હવે પછી ત્યાં ગયાં છો તો ઊંચે લટકાવીને નીચે દેવતા કરીશ.'

આ ધમકીથી બંને બાળકો શેહ ખાઈ ગયાં. કેમેયે કરી છાનાં રહેતાં ન હતાં. ક્યાંય સુધી રડીને આખરે એમની મેળે જ શાંત થઈ ગયાં. સાંજે ગોપાળ ઘેર આવ્યો ત્યારે આ બનાવની જરા સરખી પણ ગંધ એને આવવા ન દીધી. છોકરાં પણ બીક બતાવી એણે એની પાસે રાખ્યાં જેથી ગોપાળને કોઈ વાત ન કરી દે. રમા બાળકોની લાગણીને ન સમજી શકી. મા થઈને પણ પોતાનાં બાળકોને ન પારખી શકી. એ માનવા લાગી કે આજની મારપીટથી બંને બાળકો ગભરાઈ જશે ને હવે પછી દાદી પાસે જવાની ખો ભૂલી જશે.

બીજે દિવસે સવારે બંને બાળકો ગુમ થઈ ગયાં. રમાની ચિંતાનો પાર ન હતો. અત્યારમાં ક્યાં ગયાં હશે? હમણાં તો અહીં જ રમતાં હતાં. પહેલાં તો એને લાગ્યું હતું કે આટલામાં ક્યાંક રમતાં હશે. તે સોસાયટીની બહાર પણ જઈ આવી. આજુબાજુવાળાંઓને પૂછી વળી, પણ કોઈને બાળકો વિષે કશી ખબર ન હતી. વિવિધ શંકા-કુશંકાઓએ એને ઘેરી લીધી. હમણાં શહેરમાં ઇરાની સ્ત્રીઓ આવવા લાગી હતી. એમાંથી તો કોઈ ઉપાડી નહીં ગઈ હોય! કે પછી કોઈ કાબુલીવાળો કે બાવો!! એનું સમગ્ર ચેતન જ હણાઈ ગયું. બાળકોને સખત રીતે મારવાની ભૂલ બદલ તે પસ્તાવા લાગી. ઊંચે લટકાવીને મારવાની ધમકીને લીધે તો ક્યાંય ભાગી નહીં ગયાં હોય? એના ચહેરા પરથી જાણે નૂર ઊડી ગયું!

એણે ગોપાળને વાત કરી. ગોપાળ એની હિલચાલ ક્યારનોય જોયા કરતો હતો. બાળકો આઘાંપાછાં ક્યાંક રમતાં હશે એમ માનીને ગોપાળ તો એના સવારના નિત્યકામમાં વ્યસ્ત રહ્યો હતો. પણ જ્યારે એણે રમાનાં ડૂસકાં સાંભળ્યાં ત્યારે એ પણ ઘડીભર ચિંતામાં ડૂબી ગયો. એને હવે પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. તરત જ એ આખી સોસાયટીમાં ફરી વળ્યો. ઘેરઘેર જઈને બાળકોની પૂછપરછ કરી. એની સાથે રમતાં એમની ઉંમરનાં બાળકોને મળીને પણ પૂછી લીધું, પરન્તુ કોઈને કશી ખબર ન હતી. બહારના કોઈ માણસો કે કોઈ બાવો આવ્યો હતો કે કેમ તેની પણ પૂછાપૂછ હવે એણે કરવા માંડી. આખી સોસાયટી ઢંઢોળી નાખી, પણ ક્યાંય સત્યેન કે હંસાનાં એંધાણ ન જણાયાં. સાઇકલ લઈને આજુબાજુના રસ્તાઓ પર બે-ત્રણ ચક્કર તે મારી આવ્યો છતાં બાળકો ક્યાંય નજરે ન પડ્યાં. હવે તો એનું પણ હૈયું કાંપવા લાગ્યું.

કચેરીનો સમય પણ થતો જતો હતો. બાળકોની કંઈ ભાળ કે સમાચાર મળતા ન હતા. ગોપાળ મૂંઝાયે જતો હતો. એણે રમાને કહ્યું, 'બંને જણાં પેલે ઘેર તો નહીં ગયાં હોય? કદાચ મા પાસે ગયાં હશે.'

ત્યાં રમાના ચહેરા પર ક્રોધની એક આછી લકીર ફરી ગઈ. તે એકદમ બોલી ઊઠી, 'ત્યાં તો જાય જ નહીં. ત્યાં ના જાય એટલા માટે તો મેં ગઈ કાલે બંનેને સારી પેઠે માર્યાં હતાં.'

ગોપાળ એકદમ તપી ઊઠ્યો, 'આવો તે અત્યાચાર બાળકો પર હોય? કોઈની રીસ આ બિચારાં ભૂલકાં પર!' એ બોલ્યો તેય જાણે તણખા વેરતો હોય તેમ, 'તારી એ મારથી જ ક્યાંક ભાગી ગયાં હશે. કોણ જાણે બિચારાં ક્યાં રખડતાં હશે!'

તે ગુસ્સામાં ઘડીભર રમા સામે તાકી રહ્યો. એને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાનો વિચાર આવી ગયો. તે બોલ્યો:

'ચાલ માને પહેલાં ખબર કરીએ, પછી પોલીસ સ્ટેશન જઈ આવું.'

આવે સમયે હવે રીસ રાખ્યે રમાને પાલવે તેમ ન હતું. આ તો એના હૃદયના બે ટુકડાની વાત હતી! બંનેને પોતાનાં બાળકો અલગ થતાં માબાપ તરીકે કેવી પીડા થાય છે, એનો પણ ખ્યાલ આવી ગયો હતો. બંને ઘર બંધ કરી, ઉતાવળે ઉતાવળે જીવી પાસે જવા ઊપડ્યાં. હાંફળાં-ફાંફળાં મા પાસે પહોંચતાં જ જે દૃશ્ય જોયું એનાથી બંને એકદમ જાણે ઠરી ગયાં. જ્યાં ઊભાં હતાં ત્યાં જ જડાઈ ગયાં.

સામે જોયું તો નાગાં-પૂગાં બંને બાળકો દાદીમાના ખોળામાં રમી રહ્યાં હતાં. ગોપાળ અને રમાની આંખમાં પાણી ઊભરાઈ આવ્યાં. પળના પણ વિલંબ વિના બંને માના ખોળામાં માથું મૂકી ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડ્યાં. માનો હાથ બંનેના વાંસા પર ફરી રહ્યો હતો અને આંખમાંથી દદડતાં આંસુ એમના વાંસા પર ટપકી રહ્યાં હતાં. જીવીને જાણે એનાં ભટકી ગયેલાં ભૂલકાં ઘેર પાછાં આવ્યાનો આનંદ હૃદયમાં સમાતો ન હતો. □



ફિલ્મનું અનુભાવન [૧૨]

હસમુખ બારાડી

કટ (cut)

આપણે એક દૃશ્ય કે એનો દૃશ્ય-અંશ જોતા હોઈએ ત્યારે એના કોઈ પાત્રની નજર બીજા કોઈ પાત્ર / સ્થળ / વસ્તુ ઉપર જાય ત્યારે એ પાત્ર, સ્થળ કે વસ્તુનો દૃશ્યાંશ જો ફિલ્મને પડદે મૂકવામાં આવે તો એ દૃશ્યાંશ-પરિવર્તન (shot change) આપણને સાવ સ્વાભાવિક લાગે. હકીકતે એક દૃશ્ય સાથે બીજા દૃશ્યનું એ 'જોડાણ' છે. એમાં ફિલ્મની પટ્ટી એક ચોક્કસ સ્થળે કાપવામાં આવે છે અને બીજા દૃશ્યના શરૂઆતના ભાગ સાથે એને જોડવામાં આવે છે. પરંતુ અહીં પેલું દૃશ્ય કાપવામાં આવતું હોવાથી એને 'કટ' (cut) કહે છે, ખરી રીતે એ 'જોડ' છે. (ટેલિવિઝન / વિડીયોમાં વીજાણુ સંકેત (સિગ્નલ)ને જરૂર જેટલો પસંદ કરીને એક ટેપ ઉપરથી બીજી ટેપ ઉપર ટ્રાન્સફર કરવામાં આવે છે, અને એ રીતે બીજા દૃશ્યાંશથી એને જોડવામાં આવે છે તે છતાં ફિલ્મનો 'cut' પર્યાય જ ટેલિવિઝન માટે વપરાય છે.)

ફિલ્મ ચલિતચિત્રોનું માધ્યમ છે; એનાં ચિત્રો માત્ર ચલિત જ નથી, પરંતુ એની સંખ્યાય અગણિત હોઈ શકે. આ બધાં ચિત્રો ગમે તેમ ગોઠવેલાં પણ નથી હોતાં; એને ગોઠવવાનું એક ખાસ વ્યાકરણ છે, એના નિયમો છે. કોઈ એક દૃશ્ય (scene) કે દૃશ્યાંશ (shot) ક્યાં પૂરાં થાય, અને ક્યાંથી નવું દૃશ્ય શરૂ થાય, કયા દૃશ્ય પછી બીજું દૃશ્ય આવી શકે, એ દૃશ્યાંશનું કદ (shot size) કેવડું હોય તો બે દૃશ્યો સાથે મૂકી શકાય એના પણ નિયમો છે. એ બધાંનો ઉદ્દેશ પ્રેક્ષકોને વાર્તા કહેવાનો, એની સાથે પ્રત્યાયન કરવાનો છે. ફિલ્મની આખી વાર્તાનો ઉદ્દેશ અનેક દૃશ્યોમાં અને દૃશ્યાંશોમાં વિભાજિત થતો થતો દરેક નાની ક્રિયા, ક્રિયાના ભાગ કે સંવાદ અને ધ્વનિમાં દિગ્દર્શક વ્યક્ત કરતો હોય છે. એ દરેકને એટલી તાર્કિક રીતે સાથે ગોઠવવામાં આવે કે દૃશ્યો કપાતાં (cut), એકબીજાંમાં ભળતાં (mix) કે એકબીજાંમાં વિલીન થતાં (fade in-out) હોવા છતાં એ અસંખ્ય દૃશ્યો અસ્ખલિત પ્રવાહમાં વહેતાં લાગે અને પ્રેક્ષકો એ બદલાતાં દૃશ્યો જોતાં આંચકો ન અનુભવે. અલબત્ત, આ માટે દિગ્દર્શક, આપણે અગાઉ ચર્ચા કરી હતી તે મુજબ, **પ્રેક્ષકોના મનમાં બિરાજીને** પ્રેક્ષકને સ્વાભાવિક લાગે એ ક્રમમાં અસંખ્ય દૃશ્યો બતાવતો હોય છે. (ખરી રીતે તો પ્રેક્ષકોના માનસને સમજીને દિગ્દર્શક દૃશ્યોની પસંદગી અને ગોઠવણી કરે; પણ તે બતાવે તો એ જ જે પોતે બતાવવું છે; એ રીતે એ **વાર્તાકથક અને પ્રત્યાયકની પોતાની ભૂમિકા** ભજવતો હોય છે.)

ટૂંકમાં આ કટ એટલે એક દૃશ્ય સાથે બીજા દૃશ્યનું જોડાણ. પરંતુ આ દૃશ્ય પરિવર્તનનો કોઈ વિશેષ ઉદ્દેશ તો હોવો જ જોઈએ. અગાઉ કહ્યું તેમ, એક પાત્રની નજર જ્યાં પડે એનું જો દૃશ્ય એ જ સમયે જોડવામાં આવે તો, એ પાત્રની નજર ક્યાં પડી એ જાણવાનું **પ્રેક્ષકનું કુતૂહલ સંતોષાય**, અને તો પેલો જોડ (કટ-cut) એને **સ્વાભાવિક, તર્કબદ્ધ, આવશ્યક** લાગશે. એ જ રીતે એક પાત્રના સંવાદના ઉત્તરમાં બીજું પાત્ર બોલે ત્યારે એ બીજા પાત્રનો દૃશ્યાંશ તુરત જ મૂકવામાં આવે તો પણ એ પરિવર્તન પ્રેક્ષકોને આવશ્યક અને સ્વીકાર્ય લાગશે. આ બન્ને કિસ્સાઓમાં પહેલા પાત્રની નજર જેના ઉપર પડી (બીજું પાત્ર, સ્થળ કે વસ્તુ) એ દૃશ્યાંશનું કદ પહેલું પાત્ર શું અને શા માટે જુએ છે એ મુજબ નક્કી થશે. દા.ત. 'સારાંશ' ફિલ્મમાં (ચિત્ર નં. ૧) ત્રણ પાત્રો જે દૃશ્ય તરફ નજર કરી રહ્યાં છે તે પાત્ર સામે ઊભેલું હોવું જોઈએ અને આટલા ધ્યાનપૂર્વક એ જોવાતું હોવાથી એનું દૃશ્યપરિવર્તન પ્રેક્ષકોને સ્વાભાવિક પણ લાગશે. એ જ રીતે 'બોબી' ફિલ્મમાં (ચિત્ર નં. ૨) પ્રાણ અને પ્રેમનાથ વાતો કરતા દેખાય છે. એ બંને નટોના સામસામા તીવ્ર સંવેદનવાળા સંવાદો એક પછી એક મૂકવામાં આવે અને એ સંવાદો સાથે દૃશ્યપરિવર્તનમાં પ્રાણ અને પ્રેમનાથના દૃશ્યાંશો (shots) મૂકવામાં આવે તો પણ એ 'કટ'થી દૃશ્યો પ્રેક્ષકોને ઉચિત અને કુતૂહલ સંતોષતા લાગશે. 'બોબી'ના ચિત્ર પરથી સમજાશે કે એ બંને નટો ખૂબ નજીક ઊભા છે અને તેથી એ બન્નેની નજરે સામસામા દૃશ્યાંશોનું કદ નક્કી થશે. વાચકો સમજી શકશે કે 'બોબી'ના એ બે નટોના મિડશોટ પછી પ્રાણ અને પ્રેમનાથની વચ્ચેના અંતરને ધ્યાનમાં લેતાં, પછીના સંવાદો સાથે એમના એકસરખા કદના ક્લોઝઅપ જ મૂકવા પડે.

પરંતુ જો પ્રાણ 'મૈં તુમે દેખ લૂંગા' કહેતો ચાલવા માંડે તો ફરીથી એનો મિડશોટ કે લોંગશોટ, પ્રેમનાથની નજરે જેવડો પ્રાણ દેખાય એવડો, મૂકી શકાય; અને પ્રાણ પાછો વળીને જો પ્રેમનાથ સામે જુએ તો એની નજરે એટલા જ કદનો દૂરથી દેખાતો પ્રેમનાથનો મિડ કે લોંગ શોટ જોડી શકાય. આમ **કથા, પાત્રો કે દૃશ્યાંશના ઉદ્દેશો** (Motivition) પ્રમાણે આ કટ થતા (જોડાતા) દૃશ્યાંશો પ્રેક્ષકોને સ્વીકાર્ય બનશે, એટલે કે દૃશ્ય બદલાતું હોવા છતાં એનો પ્રવાહ ખચકાતો / બટકાતો નહીં લાગે.

એ જ રીતે 'અપરાધી' ફિલ્મમાં (ચિત્ર નં. ૩) અનિલકપૂરની

પાછળ તકાયેલી બંદૂક પ્રેક્ષકોને દેખાય છે. એ દશ્યમાં ચપળતાથી અનિલકપૂર બંદૂકધારી તરફ ફરે તો એની નજરે ક્લોઝઅપ સ્વાભાવિક લાગશે. આ દશ્ય-પરિવર્તન વખતે અનિલકપૂરને ઝડપથી ફરતો બતાવી શકાય, પરંતુ એની ફરવાની પૂરી ક્રિયા જો દિગ્દર્શક બતાવે તો એ પછીનું દશ્ય પ્રેક્ષકો માટે રસપ્રદ નહીં રહે. દિગ્દર્શક એ માટે **અડધી કે પોણી ક્રિયાએ** પહેલો દશ્યાંશ કાપતો હોય છે અને બંદૂકધારીની ફરવાની ક્રિયાના ઉત્તરાર્ધ સાથે એને જોડતો હોય છે. પ્રેક્ષક તે સંજોગોમાં બાકીની બન્ને ક્રિયાઓ (અનિલકપૂરની ક્રિયાનો ઉત્તરાર્ધ અને બંદૂકધારીની ક્રિયાનો પૂર્વાર્ધ) **પોતાના મનમાં નિહાળતો** હોય છે, જે દરમ્યાન અનિલકપૂરના કોઈ સંવાદ કે સંગીતને લીધે પછી આવતું દશ્ય સ્વાભાવિક રીતે જોડાઈ જાય.

ગતિમાં થતું આવું દશ્યપરિવર્તન પ્રેક્ષકોને સ્વાભાવિક લાગે પરંતુ એ પરિવર્તન વિશેષ કાળજી માગી લે છે. આવા કટમાં ક્રિયા ક્યાં કાપવી એ ખૂબ મહત્ત્વનું બને છે. દા.ત. લાંબી કોરીડોરમાં ચાલતા જતા પાત્રને એની ચાલવાની આખી ક્રિયા પ્રેક્ષકોને રસપ્રદ ન પણ બને. એ સંજોગોમાં એને કોરીડોરના પ્રારંભે લોંગશોટમાં લઈ વચ્ચે કોઈ અન્ય પાત્રના મોંની પહેલા પાત્રની દિશામાં થતી ગતિનો દશ્યાંશ મૂકી, પછી પહેલા પાત્રનો કોરીડોરના અંતે જતો જોડી શકાય. આવો કટ નાટ્યાત્મક લાગે એટલું જ નહિ પણ એ સમય પણ બચાવી લે. એ જ રીતે ટેબલ પર પડેલા ચાના કપના ક્લોઝઅપમાં પાત્રનો હાથ દાખલ થઈને કપને ઉપાડીને મોં સુધી લઈ જવામાં આવે અને કેમેરા એ સાથે થોડો ઊંચે જાય (Tilt up થાય) તો એ સ્વાભાવિક હોવા છતાં ચાનો કપ ટેબલથી ઊપડીને મોં સુધી જાય એની આખી ક્રિયા (બીજું કંઈ ખાસ કારણ ન હોય તો) બતાવવાની જરૂર નથી. ટેબલ પરથી ઊપડેલા કપના દશ્યાંશ સાથે મોંએ મંડાતો કપનો દશ્યાંશ જોડી શકાય. અલબત્ત, આ માટે એટલી કાળજી લેવી જોઈએ કે પહેલા દશ્યાંશમાં ચાનો કપ દશ્યની બહાર નીકળી ગયો હોય અને બીજા દશ્યાંશમાં એ પ્રવેશતો હોય, પહેલામાં ટેબલનો ક્લોઝઅપ અને બીજામાં પાત્રના મોંનો ક્લોઝઅપ હોય, અને એની પીઠિકામાં સંવાદ, ધ્વનિ કે સંગીતનો સહારો હોય. આટલી કાળજી લેવામાં આવે તો ચાના કપને ટેબલ પરથી ઊપડ્યા પછી મોં સુધી પહોંચવા સુધીની **ક્રિયા પ્રેક્ષકો કલ્પી લે.**

અલબત્ત, એ ચાના કપમાં જો ઝેર ભેળવવામાં આવ્યું હોય તો એ ધ્રૂજતા હાથે ઊપડતા અને મોં સુધી પહોંચતા હાથની ક્રિયા પાત્રના મનની તંગદિલી અને લાચારી વગેરે દર્શાવવા આખી ક્રિયા પ્રેક્ષકોને બતાવવી આવશ્યક છે તેમ એ રસપ્રદ પણ બની શકે. પરંતુ આ સંજોગોમાં **દશ્યનો ઉદ્દેશ જ અલગ છે** એ વાચકો સમજી શકશે.

આ કટ (cut) અને મિક્ષ (Mix) તથા ડિઝોલ્વ (dessolve) વગેરેથી દશ્ય-પરિવર્તન કરવામાં આવે છે. આપણે સામાન્ય વાસ્તવિક જીવનમાં પણ એ જ રીતે વ્યક્તિઓ / સ્થળો / વસ્તુઓ પર નજર નાખતા અને ફેરવતા હોઈએ છીએ. એને માટેનાં કારણો અને ઉદ્દેશો (motivation) આપણે મનથી, પરિસ્થિતિ મુજબ, નક્કી કરતાં હોઈએ છીએ. એ જેટલી સ્વાભાવિક પ્રક્રિયા છે એટલી જ સ્વાભાવિકતા ફિલ્મ-દિગ્દર્શકે દશ્ય-પરિવર્તન વખતે હાંસલ કરવી પડે.

કોઈ પણ એક દશ્યાંશમાં કોઈ એક ચોક્કસ સ્થળ કે સ્થળનો ભાગ દેખાય એ ફિલ્મ-સ્થળ (film space) બને છે. બીજા દશ્યાંશથી એ સ્થળનો બીજો ભાગ દર્શાવી શકાય. જો એ કટ અગાઉ જણાવ્યા મુજબ તાર્કિક અને સ્વીકાર્ય હોય તો ધીમે ધીમે એ ફિલ્મ-સ્થળ સંપૂર્ણ અને વિસ્તરતું જાય, અને પ્રેક્ષકો આખા સ્થળને જોઈ / માણી શકે. સામાન્ય જીવનમાં આપણે ધ્યાન

'સારાંશ'માં અનુપમ ખેર અને રોહિણી



'બૉબી'માં પ્રાણ અને પ્રેમનાથ





['અપરાધી'માં અનિલકપૂર]

કેન્દ્રિત કરીને વાસ્તવિક સ્થળના જુદા જુદા ભાગો નિહાળતા હોઈએ છીએ એ સમયે બાકીના ભાગો અસ્તિત્વ તો ધરાવતા જ હોય છે. આપણી ચાલવા-ફરવાની કે નજર ફેરવવાની ક્રિયાથી એ પરિવર્તન અવિરત સરતું અને સ્વાભાવિક રીતે સ્વીકાર્ય લાગે છે. **ફિલ્મમાં 'ફ્રેઈમ' થયેલું સ્થળ ટુકડાઓ જોડી જોડીને જ આખું અનુભવી શકાય.** ફિલ્મમાં આ રીતે 'સકારણ' થતું દૃશ્ય-પરિવર્તન જ સમગ્ર ફિલ્મ-સ્થળ (film space) સર્જી શકે.

આજે તો નાની વયથી જ ફિલ્મ અને ટેલિવિઝન પર અનેક રીતે બદલાતાં ચલિત ચિત્રોનો અનુભવ થતો હોવાથી આ દૃશ્ય-પરિવર્તનને આપણે સાવ સ્વાભાવિક ગણીએ છીએ; પરંતુ ફિલ્મના માધ્યમની શરૂઆત થઈ ત્યારે કેટલાય રમૂજી પ્રસંગો ઘટ્યા હતા. કહે છે કે, આ સદીની શરૂઆતમાં એક સુશિક્ષિત યુવતીએ ગામડેથી મૉસ્કો આવીને પહેલી વખત થિયેટરમાં ફિલ્મને પડદે કોઈ એક સ્ત્રીના માથાનો ક્લોઝઅપ જોયો ત્યારે એણે બૂમ પાડી કે, 'એ સ્ત્રીનું ધડ ક્યાં ગયું?' એ જ રીતે મલેરિયા અંગેની એક ફિલ્મ રાજસ્થાનના ગામડામાં પ્રેક્ષકોને બતાવતાં એમાં મચ્છરના જુદા જુદા ભાગોના બિગ ક્લોઝઅપ પહેલી વખત જોઈને પ્રેક્ષકોએ મને કહ્યું કે, 'તમારે ત્યાં આવડા મોટા, સમડી જેવડા, મચ્છર છે એટલે એનાથી જ મલેરિયા ફેલાતો હશે; અમારે ત્યાં તો બહુ નાના મચ્છરો હોય છે!'

અસંખ્ય ચલિતચિત્રોને જોડવા કે ભેળવવાની આખી ક્રિયા એ રીતે થવી જોઈએ કે એ અનેક ચિત્રોનો શંભુમેળો ન લાગતાં, ક્રિયાઓ દ્વારા સર્જાતો અસ્ખલિત પ્રવાહ પ્રેક્ષકોને લાગે. 'કટ'માં કશુ કટ થતું નથી, પણ કારણો અને ઉદ્દેશો જો અધૂરાં કે ઊણાં પડે, અને પ્રેક્ષકો દૃશ્ય-પરિવર્તનથી જાગૃત થાય તો એમનું ધ્યાન અને રસ ખરેખર કટ થઈ જાય!

દૃશ્ય-પરિવર્તનનાં બીજાં પાસાંઓ અને પદ્ધતિઓ અંગે આપણે હવે પછી ચર્ચા કરીશું. □

લઘુકથા

સહજ

દુર્ગેશ ઓઝા

ડૉ. શાહે વિનમ્રપણે છતાં સ્પષ્ટ સૂચના આપી : 'દર્દીને ચોવીસ કલાક સુધી કશું જ આપવાનું નથી; પાણી પણ નહિ. એ કરગરે, બુમરાણ મચાવે તોય નહિ જ... ત્યાર પછી જ ઑપરેશન શક્ય બનશે.'

ચોવીસને બદલે છત્રીસ કલાક વહી ગયા પછી ઑપરેશન હાથ ધરવામાં આવ્યું. દર્દી મોહને ત્યાં સુધી જરા પણ બૂમાબૂમ ન કરી, એકાદ વાર કશુંક માગવાની ચેષ્ટા સુધ્ધાં ન આદરી, એટલે ડૉ. શાહને આશ્ચર્ય થયું. અન્ય દર્દીઓને લહેરથી ભોજન લેતાં જોઈ ભૂખ્યાડાંસ દર્દી દ્વારા સમગ્ર વૉર્ડ ગજાવી મૂકવાના અસંખ્ય કિસ્સાના ડૉ. શાહ સાક્ષી હતા.

પરંતુ આજના જેવો કિસ્સો ભાગ્યે જ સર્જાતો. મોહનના ચહેરા પર તો અશાંતિને બદલે અપાર ધીરજ અને પ્રસન્નતાના ભાવો છવાયેલા હતા. ડૉક્ટરની સૂચનાનું અક્ષરશઃ તેમજ તાણરહિત પાલન થયું હતું.

ઑપરેશન સફળતાને વર્યું. ફી અંગે પૃચ્છા થતાં ડૉ. શાહ સજળ આંખે બોલ્યા : 'દર્દીને આપણે કશું જ નથી આપ્યું એટલે મને પણ કશું આપવાનું નથી...' ડૉક્ટરના આ શબ્દોએ સ્વજનોને અનેરી ટાઢક બક્ષી.

હવે ડૉક્ટરનું આશ્ચર્ય શમી ગયું હતું ને મોહન છૂટક મજૂરી કરીને માંડ માંડ જીવતરનું ગાડું ગબડાવતો એક અદનો શ્રમિક હતો. તેને આવા કડાકા કરવાની આદત પડી ગઈ હતી. □

મેઘાણી જન્મશતાબ્દી વરસનો પ્રારંભ ૧૭ ઑગસ્ટ '૯૬થી થાય છે. એ દિવસે લોકમિલાપ ટ્રસ્ટ તરફથી 'ઘોળી ઘોળી પ્યાલા ભરિયા' નામનો ગ્રંથ પ્રકટ થયો છે. ઝવેરચંદ મેઘાણીના સમગ્ર સાહિત્યમાંથી મહેન્દ્ર મેઘાણીએ ચૂંટેલાં છાસઠ લોકગીતો તથા પંચાવન લોકકથાઓ આ પુસ્તકમાં છે. મોટા (ડિમાઈ) કદનાં પાંચસો પાનાંના આ ગ્રંથની ચાલુ બજારભાવે કિંમત રૂ. ૨૫૦ જેટલી થાય તેને બદલે છાપેલ કિંમત ફક્ત રૂ. ૮૦ છે (+ ટપાલના ૧૩). ગ્રંથની દસ કે વધુ નકલો નકલદીઠ ફક્ત રૂ. ૫૦ લેખે મળશે અને પ્રકાશકના ખરચે મોકલાશે. ડ્રાફ્ટ/મનીઑર્ડર મોકલવાનું સરનામું : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, સરદારનગર, ભાવનગર-૩૬૦ ૦૦૧.

મૅગ ફોસ

પેટનો દુ:ખાવો, ચૂંક, પેટમાં ગૅસ, મગજનો દુખાવો, ગોટલાનો દુ:ખાવો વગેરેમાં મૅગ ફોસ અત્યંત અસરકારક દવા છે. મૅગ ફોસ બાયોકેમિક પદ્ધતિના બાર ક્ષારમાંની એક દવા છે, જે પેટના અનેક રોગ મટાડી આપે છે.

એક વખત હું મારા મિત્રને ઘેર ચા-પાણી કરવા ગયો. જોઉં છું તો મિત્ર પેટ દબાવીને રાડો પાડતા હતા. ઘરના માણસોએ જણાવ્યું કે દર ત્રણ-ચાર મહિને મિત્રને પેટમાં દુ:ખાવો ઊપડે છે અને એલોપથીની ત્રણ ચાર ગોળી લીધા પછી કાંઈક રાહત થાય છે, પણ 'એ' અત્યંત નબળા પડી જાય છે.

મેં તેમને મારી સાથે કોઈને મોકલવા કહ્યું. અને ત્વરિત મૅગ ફોસ ૬×ના ત્રણ-ચાર ડોઝ મોકલી આપ્યા ને દર અડધા કલાકે લેવા કહ્યું. ફક્ત એક જ ડોઝથી તેમને દશ મિનિટમાં ૮૦% રાહત થઈ ગઈ. ત્યાર બાદ બીજા ડોઝમાં સંપૂર્ણ મટી ગયું. ઘણે વખતે મેં પૃચ્છા કરી તો તેમણે કહ્યું કે ફરી વાર આ દુ:ખાવો થયો નથી.

ચૂંક, પેટનો ભયંકર દુ:ખાવો વગેરે માટે મેં વર્ષો સુધી આ દવા આપી છે અને સારાં પરિણામો મેળવ્યાં છે.

ઈમરજન્સી કેસમાં આ દવા બે-ત્રણ ચમચી ગરમ પાણીમાં ઓગાળીને આપવાથી અસર ઝડપથી થાય છે. ઘણી વાર નાનું બાળક અકળ કારણસર સતત રડતું હોય તો મૅગ ફોસની (૬×)ની બે ગોળી ગરમ પાણીમાં આપવાથી રાહત થાય છે.

માનસિક દુ:ખાવો, જ્ઞાનતંતુનો દુ:ખાવો, માનસિક અસંતુલન, ગાંડપણ, ઈમોશનલ આઉટબર્સ્ટ વગેરેમાં કાલિ ફોસની પૂરક દવા તરીકે મૅગ ફોસનો મેં સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે.

ઠંડી હવાથી, ભીંજાવાથી, ઠંડા પાણીમાં પગ બોળવાના કારણે તથા ઠંડી માટી સાથે કામ કરવાથી જે પણ દર્દ અથવા પ્રોબ્લેમ ઊભા થાય તેમાં પણ મૅગ ફોસ સારું કામ આપે છે.

લેખકને, હાથથી પિયાનો, સારંગી તથા અન્ય વાજિંત્રો વગાડનારને હાથની ધ્રુજારી થતી હોય તો મૅગ ફોસ ૬×નો પ્રયોગ આ રોગને મટાડી શકે છે.

પગને સંકોરવાથી, શેક કરવાથી જો સારું લાગતું હોય તો તે મૅગ ફોસનો દર્દી છે તેમ સાબિત થાય છે.

મૅગ ફોસ હાડકાં, જ્ઞાનતંતુમાં, મસલ્સમાં, નસોમાં અગત્યનો ભાગ ભજવે છે તેથી માનસિક પ્રોબ્લેમ્સ માટે તેનો ઉપયોગ કરવો જરૂરી છે. ભ્રમણા, ભૂલકણાપણું માનસિક / વૈચારિક અસ્પષ્ટતા અથવા વૈચારિક ધૂંધળાપણું લાગતું હોય તો મૅગ ફોસથી આવાં ઘણાં દર્દો મટી જાય છે.

જે સ્ત્રીઓ બોલ્યાચાલ્યા વગર ગુમસૂમ બેસી રહે અથવા પોતાની સાથે વાતો કરે તે માટે મૅગ ફોસ ઘણું સારું ઔષધ છે.

બહેરાશ માટે, ઠંડીમાં ફરવાથી, ઠંડા પાણીથી નાહવાથી જેના કાન દુ:ખતા હોય, કાનનાં દર્દોમાં શા કારણથી અંદરનો દુ:ખાવો રહે છે તે સમજાતું ન હોય, ઠંડી કે ઠંડા પાણીથી દાંત કંપતા હોય તો મૅગ ફોસ વાપરવી જોઈએ.

આ ઉપરાંત અત્યંત દારૂ પીવાથી થયેલા રોગો દૂર કરવા, પેટના ગૅસના લીધે અનિદ્રા માટે, ખરાબ સ્વપ્નોને લીધે ઊંઘ ન આવવી, બગાસાં આવે પણ માનસિક અતિશ્રમને લીધે ઊંઘ ન આવે ત્યારે પણ મૅગ ફોસ સારું પરિણામ આપે છે.

મોટા ભાગના વિશ્વના નિષ્ણાતોએ આ દવા મૅગ ફોસ ૬× ગરમ પાણીમાં ઓગાળીને લેવાથી તેની દર્દ મટાડવાની શક્તિ અત્યંત ઝડપી બને છે તેમ જણાવ્યું છે. ઘણા ડૉક્ટરો ઝડપી સારવાર માટે મૅગ ફોશ ૬ × પાવરને બદલે મૅગ ફોશ ૩૦ × પાવરનો ઉપયોગ કરવાની હિમાયત કરે છે. □

અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

૭૯ વર્ષ જૂનું 'કુમાર' થોડો વખત બંધ પડ્યા પછી ફરી શરૂ થઈ ગયું છે ત્યારે અમેરિકાના સંસ્કારપ્રેમી ગુજરાતી સમાજને તે સરળતાથી સુલભ બને તેવી વિતરણ-વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. કલા, સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, સંગીત, રમતગમત - એમ જીવનનાં વિવિધ ક્ષેત્રોને આવરી લેતું આ પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સામયિક તેની સુઘડ મુદ્રણકલા અને આગવી રજૂઆતથી સૌનું માનીતું રહ્યું છે. આજના કપરા કાળમાં આ પ્રકારના સંસ્કારપોષક સામયિકને નિભાવવાની જવાબદારી આપણા સહુની છે. આપને ગ્રાહક બનવાની વિનંતી છે.

'કુમાર'નું વાર્ષિક લવાજમ હવાઈ માર્ગે ૨૫ ડૉલર રાખવામાં આવ્યું છે. આપનું વાર્ષિક લવાજમ આપ નીચેના સરનામે ભરી શકશો. આપનું લવાજમ તત્કાલ મોકલી આપી આ સંસ્કારપથના યાત્રી બનો. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તો તે સવેળા મોકલી આપશો. ચાલુ ગ્રાહકને લવાજમ પૂરું થઈ ગયાની જાણ અલગ પત્રથી કરવામાં આવી છે.

M. L. JOSHI
407, Cardinal Lane, Bedminster, NJ - 07921. Phone (908) 781-6045

ક્ષ-કિરણ અને ખગોળવિજ્ઞાન

— — — — — — — — — — પ્રહ્‌લાદ છ. પટેલ — — — — — — — — — —

ખગોળવિદ્યાના ક્ષેત્રે, સામાન્યતઃ જમીન ઉપર સ્થિર રાખેલા દૂરબીન વડે સુદૂર સ્વચ્છ અને નિરભ્ર આકાશ તરફ તારાઓ અને ગ્રહોનું અવલોકન કરવામાં આવે છે. જ્યારથી અવકાશયાનો અંતરિક્ષમાં પ્રયાણ કરતાં થયાં ત્યારથી વિશ્વદર્શન માટે નવું વધારાનું પરિમાણ ઉમેરાયું. પ્રયોગશાળામાં નળીઓ અને અન્ય ઉપકરણો દ્વારા ક્ષ-કિરણો પેદા કરવાનું અને તેના વિવિધ ક્ષેત્રે ઉપયોગો અને અભ્યાસ હવે તો સામાન્ય ઘટના ગણાય. આજકાલ તો અવકાશમાંથી પૃથ્વી ઉપર આવતા ક્ષ-કિરણોની ભાળ મળી છે. અવકાશમાં આવતા ક્ષ-કિરણોની ઉત્પત્તિ અને તેનાં ઉદ્‌ગમસ્થાનોનો અભ્યાસ બ્રહ્માંડનાં કેટલાંક રહસ્યો જાણવા ઉપયોગી નીવડશે.


જેમ કોઈ પદાર્થ (પિંડ) કે તારો વધુ ગરમ તેમ તે વધુ ઉચ્ચ ઊર્જાના વિકિરણોનું ઉત્સર્જન કરે છે. પ્રચંડ અને વિલક્ષણ ખગોળભૌતિકીય ઘટનાઓમાંથી ૧.૦ થી ૧૦ Kev ઊર્જાવાળા અથવા ૧.૨થી ૧૨.૪ × ૧૦$^{-૧૦}$ મીટર તરંગલંબાઈ ધરાવતાં ક્ષ-કિરણો પ્રયોગશાળામાં નોંધાયાં છે. પૃથ્વી ઉપર આવતાં ક્ષ-કિરણો બે રીતે મળે છે : એક તો ઉષ્મીય ઉદ્‌ગમસ્થાનોમાંથી નીકળતા ફોટોન રૂપે અને બીજું જ્યારે વિદ્યુતભારિત કણો ચુંબકીય ક્ષેત્રમાં પ્રચંડ વેગથી પસાર થાય છે ત્યારે ક્ષ-કિરણ ફોટોનનું ઉત્સર્જન થતું હોય છે. ક્ષ-કિરણોનાં ઉદ્‌ગમસ્થાનો તો વૈશ્વિક પ્રયોગશાળા છે જ્યાં પૃથ્વી ઉપર જોવા ન મળે તેવી ગુરુત્વીય, ચુંબકીય અને વિકિરણીય પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. આથી તો, છેલ્લા ત્રણ-ચાર દાયકામાં ક્ષ-કિરણ ખગોળવિજ્ઞાનનો ઝડપી વિકાસ અને વિસ્તરણ થઈ રહ્યાં છે.

ગંજાવર રોકેટો મારફતે આધુનિક ઉપકરણોને પૃથ્વીના વાતાવરણની બહાર લઈ જઈ ક્ષ-કિરણોનું સંશોધન પૂર જોશમાં ચાલી રહ્યું છે. હકીકતમાં વૈશ્વિક ક્ષ-કિરણો પૃથ્વીથી ૪૦ થી ૧૦૦ કિલોમીટરની ઊંચાઈએ પરમાણુ અને અણુઓ દ્વારા શોષાઈ જાય છે; આથી ૧૯૬૦થી પૃથ્વીના વાતાવરણની બહાર રોકેટો મોકલવાનું શક્ય બન્યું ત્યારથી ખગોલીય ક્ષ-કિરણોનો વ્યાપક અને વર્ગીકૃત અભ્યાસ કરવાનું શક્ય બન્યું. ખગોલીય ક્ષ-કિરણોનાં અવલોકનથી ક્ષ-કિરણોના સ્રોતને લગતી બે હકીકતો ઊભરી આવે છે : (૧) ક્ષ-કિરણના સ્રોતની ગતિકીય સંરચના, જેમ કે દ્વિ-અંગી અથવા યુગ્મતારા (binary stars)ની કક્ષીય અને પ્રચક્રણ ગતિ, (૨) ઉત્સર્જન વર્ણપટનાં લક્ષણો ક્ષ-કિરણોના સ્ત્રોતમાં ચાલતી ભૌતિક પ્રક્રિયાઓનો ખ્યાલ આપે છે.

ક્ષ-કિરણોના સ્રોત તરીકે સૂર્ય આપણું પ્રથમ લક્ષ હોય તે સ્વાભાવિક છે. સૂર્યનાં મૃદુ (soft) ક્ષ-કિરણોની વિગતો યુ.એસ. સ્કાયલેબ વડે ૧૯૭૨માં ઉપલબ્ધ થઈ. જાપાનના YOHKOH મિશને સૌર જ્વાળાઓ (solar flares) વિષે અદ્‌ભુત વિગતો પ્રગટ કરી. ગરમ ગરમ પ્લાઝમા જે ક્ષ-કિરણો ઉત્સર્જિત કરે છે તેના તાપમાન અને તત્ત્વવૈપુલ્ય (element abundance)ની

કલાકારની દૃષ્ટિએ ક્ષ-કિરણ દ્વિરંગી પ્રણાલીની કલ્પના

કેન્દ્રમાંનું કાળું ટપકું અભિવૃદ્ધ પામતો ન્યુટ્રોન તારક છે અને સફેદ ભાગ અભિવૃદ્ધ-તકતી છે.



વિગતો હાથ લાગી. પ્લાઝમા વિદ્યુતભારિત અને તટસ્થ કણોનો વાયુરૂપ સમૂહ છે જે સમગ્ર તથા વિદ્યુતતટસ્થ વર્તણૂક ધરાવે છે. પ્લાઝમા પદાર્થનું ચોથું સ્વરૂપ છે. સૂર્યની સપાટી પાસે ઉદ્ભવતી સૌર જ્વાળાઓ અને તેમાંથી નીકળતાં ક્ષ-કિરણો વડે પ્રચંડ વેગથી ગતિ કરતા વિદ્યુતભારિત કણો અને ચુંબકીય ક્ષેત્ર વચ્ચે થતી આંતરક્રિયા સમજી શકાય છે.

તારાઓ પણ ક્ષ-કિરણોનું ઉત્સર્જન કરતું કિરીટાવરણ (corona) ધરાવે છે. કિરીટાવરણ એ તારાની સપાટી બહાર પ્રચંડ તાપમાન ધરાવતો વાયુ છે. યુવાન, અતિગરમ અને ભારે તારાનું કિરીટાવરણ ક્ષ-કિરણો પેદા કરે તેટલું ઊંચું તાપમાન ધરાવે છે. તારાકીય (steller) પવનોમાં ઉદ્ભવતી અસ્થિરતાઓને કારણે પેદા થતા આંચકા વડે આવાં ક્ષ-કિરણો ઉત્પન્ન થાય છે. તારાની સપાટીમાંથી બહાર નીકળતા વાયુ-પ્રવાહને તારાકીય પવન કહે છે. વૃદ્ધ, દળદાર અને ઠંડા તારાઓની બાબતે ચુંબકીય ક્ષેત્રના અપવ્યયને કારણે કિરીટાવરણનું તાપમાન વધે છે.

તારાઓ તેમના ઉત્ક્રાન્તિકાળ દરમ્યાન ક્ષ-કિરણોનું ઉત્સર્જન કરે છે તે સાથે તારાના મૃત્યુ બાદ પણ આ પ્રવૃત્તિ ચાલુ રહે છે. તારાનું ન્યુક્લિય ઈંધણ ખતમ થઈ ગયા બાદ ઘણા-ખરા તારામાં ગુરુત્વીય નિપાત (gravitational collapse) પ્રવર્તે છે. જે અધિનવતારા વિસ્ફોટ (supernove exhlosion) ભણી લઈ જાય છે. તે દરમ્યાન વિપુલ પ્રમાણમાં ક્ષ-કિરણોનું ઉત્સર્જન હજારો વર્ષ સુધી ચાલુ રહે છે. ટાઈકોનું વિસ્ફોટન ૪૦૦ વર્ષ પહેલાં થયેલું. તેનું વિસ્તરતું કવચ ગોળાકાર હતું. આવા તારાનું દળ જેમ વધારે તેમ વધુ પ્રમાણમાં ક્ષ-કિરણો નીકળે છે. કેટલીક વખત વિસ્ફોટ પામતા મૂળ તારાનો સંક્ષિપ્ત (compact) અવશેષ બચી જાય છે. દળ ઉપર આધારિત આવો નાનું અવશેષ સફેદ વામન (જેની ત્રિજ્યા આશરે ૧૦,૦૦૦ કિ.મી. અને સૂર્યનું આંશિક દળ ધરાવે છે); ન્યૂટ્રોન-તારક (જેની ત્રિજ્યા આશરે ૧૦ કિ.મી. અને દળ સૂર્યના દળ કરતાં ત્રણ ગણું વધારે હોય છે); અથવા બ્લેક હોલ. (જેનું દળ ત્રણ સૌર-દળ કરતાં વધારે અને ત્રિજ્યા શ્વાર્ત્સચાઈલ્ડ [schwarzchild] ત્રિજ્યા જેટલી હોય છે, આવી ત્રિજ્યા ધરાવતા પદાર્થમાંથી પ્રકાશનાં કિરણો પણ છટકી શકતાં નથી.)

નાના ભારે પદાર્થોમાંથી ઉત્પન્ન થતાં ક્ષ-કિરણોના ઊંડાણમાં ઊતરતાં સંક્ષિપ્ત પદાર્થ ઉપર દ્રવ્યની અભિવૃદ્ધિ (accretion)નું પરિદશ્ય ઊપસી આવે છે. દૂરથી આવતું દ્રવ્ય સંક્ષિપ્ત પદાર્થ ઉપર જમા થાય તે દરમ્યાન ગુરુત્વીય સ્થિતિ ઊર્જા મુક્ત થાય છે. જેમ પદાર્થ વધુ સંક્ષિપ્ત તેમ તેમાંથી વધુ ઊર્જા મુક્ત થાય છે. આ ઘટનાને ન્યુક્લિય સંલયન (fusion) સાથે સરખાવી શકાય છે. જેમાં દ્રવ્યનું આશરે ૭૦ ટકા રૂપાંતર ઊર્જામાં થાય છે. એક સૌર-દળ ધરાવતા ૧૦ કિ.મી. ત્રિજ્યાવાળાં ન્યૂટ્રોન-તારક ઉપર ૧ કિ.ગ્રામ દળ અભિવૃદ્ધિ (જમા) થતાં મુક્ત થતી ઊર્જા એટલા જ દળનું ન્યુક્લિય સંલયન થતાં પેદા થતી ઊર્જા કરતાં ૨૦ ગણી વધારે હોય છે.

દ્વિ-અંગી અથવા યુગ્મ-પ્રણાલિમાં વધુ દળદાર તારો બીજા ઓછા દળવાળા તારામાંથી વાયુ પોતાની તરફ આકર્ષે છે. આવો વાયુ સીધેસીધો ભારે તારા ઉપર જમા થતો નથી. પણ તેના કોણીય વેગમાનને કારણે તે ભારે તારાની ફરતે તકતી (disc) રૂપે જમા થાય છે. શ્યાનતા (સ્નિગ્ધતા) જેવાં અવરોધક બળોને કારણે વાયુના કણોનું કોણીય વેગમાન ઘટતું જાય છે, પરિણામે વાયુકણોની કક્ષા ભારે તારાની નજીક ખસતી જાય છે. અંતે વાયુ ભારે તારા ઉપર જમા થાય છે. આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન તકતી એટલા તાપમાન સુધી સખત ગરમ થાય છે કે ક્ષ-કિરણોનું ઉત્સર્જન થવા લાગે છે. તકતીના અતિઊંચા તાપમાનવાળા વિસ્તારમાંથી ક્ષ-કિરણો અને નીચા તાપમાનવાળા વિસ્તારમાંથી પારજાંબલી અને દૃશ્ય પ્રકાશનું ઉત્સર્જન થાય છે. પ્રચક્રણ અને કક્ષીય ગતિ કરતા આવા સંક્ષિપ્ત પદાર્થની ગતિ સાથે ક્ષ-કિરણોના ઉત્સર્જનને સમાવર્તિત (modulatl) કરવામાં આવે તો પદાર્થની ગતિકીય સંરચના સમજી શકાય છે.

તારાવિશ્વ (galaxy)ના કેન્દ્રમાં પારમાણિક ન્યુક્લિયસ ભારે ઉત્તેજના અનુભવે છે અને દૃશ્ય પ્રકાશનું ઉત્સર્જન થાય છે. આને સક્રિય તારા-વૈશ્વિક ન્યુક્લિયસ (Active Galactic Nucleus - AGN) કહે છે. મોટા પાયે ક્ષ-કિરણોનું ઉત્સર્જન કરે છે આને માટે અભિવૃદ્ધિની પ્રક્રિયા કારણભૂત હોવાનું મનાય છે. પણ આવું તો અત્યંત ભારે બ્લેક હોલ ઉપર જ બને છે. સમગ્ર પ્રક્રિયાની વિગતવાર સમજ હજુ સ્પષ્ટ થઈ નથી.

મહાવિસ્ફોટ (big bang) બાદ પેદા થયેલ વિકિરણ આજે અવશેષ રૂપે મળી આવે છે, જેને સૂક્ષ્મતરંગ પાર્શ્વવિકિરણ (microwave background radiation) કહે છે. આવા વિકિરણનું તાપમાન ૩ કેલ્વિન માલૂમ પડ્યું છે. આવું વિસ્તરિત વિકિરણ ક્ષ-કિરણની પૃષ્ઠભૂમિ ધરાવે છે. ક્ષ-કિરણ પૃષ્ઠભૂમિ ઘણા બધા ઝાંખા સ્રોતને કારણે હોઈ શકે છે. આવા સ્રોત એટલા બધા ઝાંખા છે કે તેમાંથી નીકળતું વિકિરણ ગમે તેવા શક્તિશાળી ઉપકરણ વડે પણ પારખી શકાતું નથી.

શરૂઆતમાં ક્ષ-કિરણોની નોંધ ફિલ્મ કે ફિલ્ટર વડે થતી હતી. તે પછી ૧૯૭૦થી ૧૯૮૦ વચ્ચે અમેરિકન UHURU અને બ્રિટિશ એરિયલ-૫ મિશનોમાં કાઉન્ટર્સનો ઉપયોગ શરૂ થયો. આને આધારે AGNની ઘણી બધી માહિતી ઉપલબ્ધ થઈ છે. ત્યાર બાદ ક્ષ-કિરણ દૂરબીન અસ્તિત્વમાં આવ્યું. ૧૯૭૮માં અમેરિકન આઈન્સ્ટાઈન વેધશાળા અવકાશમાં તરતી મુકાતાં ક્ષ-કિરણ

(અનુસંધાન પૃ. ૪૬૬ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

અવિનાશ વ્યાસ



તા. ૩૧-૮-૮૪ : જન્માષ્ટમીને દિવસે કવિ અને સંગીતકાર અવિનાશ વ્યાસનું અવસાન થયું. (સૌરાષ્ટ્રના ગાયક હેમુ ગઢવી પણ જન્માષ્ટમીને દિવસે જ મૃત્યુ પામ્યા હતા.) સાબરમતી માટે 'જેનું પાણી લાવ્યું તાણી ભારતની આઝાદી' એમ લખનાર અવિનાશ અમદાવાદી જ હતો અને અહીંની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં ભણાવતો હતો. આ હાઈસ્કૂલના સ્થાપક શિક્ષકો દીવાન અને બલ્લુભાઈના નામ ઉપરથી શાળા હવે દીવાન-બલ્લુભાઈ શાળા તરીકે ઓળખાય છે. આ બે શિક્ષકો દીવાન અને બલ્લુભાઈમાંના બલ્લુભાઈ ઠાકોરના વર્ગમાં અવિનાશ ૭મા ધોરણમાં ભણતો હતો ત્યારે એક દિવસ બલ્લુભાઈએ વર્ગને ગુજરાતીમાં નિબંધ લખવા માટે આપ્યો. બીજે દિવસે અવિનાશ નિબંધના વિષય ઉપર એક કવિતા લખીને ગયો. તે વાંચીને બલ્લુભાઈ કહે, 'તું તો ગુજરાતનો ટાગોર થવાનો.' ત્યારે આ નાનકડા અવિનાશે ગર્વભેર કહેલું કે, 'ના, હું તો ગુજરાતનો અવિનાશ વ્યાસ થઈશ!'

ગુજરાતમાં વ્યાપક રીતે જેનાં ગીતો ગવાતાં રહ્યાં હોય તેવા કવિઓ ગણવા બેસીએ તો બોટાદકર, ઝવેરચંદ મેઘાણી ને અવિનાસ વ્યાસ આવે. આજથી પચાસ-સાઠ વર્ષ પહેલાં બોટાદકરનાં ગીત અને ગરબા ગુજરાતી ઘરોમાં ઠેર ઠેર સાંભળવા મળતાં. પછી આઝાદીની લડતના ગાંધી-યુગમાં મેઘાણીનાં ગીતો ખૂબ ગવાયાં. સંગ્રામ-ગીતોનો સંગ્રહ 'સીંધૂડો' નામે ૧૯૩૧માં બહાર પડ્યો ત્યારે બે રૂપીઆની કિંમતે વેચાતા આ સંગ્રહની નકલ ફિલ્મના જમાનામાં અને તેમાંયે ગુજરાતી બોલપટના જમાનાને અનુકૂળ કવિ તરીકે અવિનાશ વ્યાસ કદાચ ઘેર ઘેર ગવાતો નહિ હોય પણ ઘેર ઘેર 'સંભળાય' જરૂર છે. 'રાખનાં રમકડાં...', 'ભાભી તમે થોડાં, થોડાં થાવ વરણાગી...', 'અમે અમદાવાદી...' વગેરે ગુજરાતી સિનેમાને આરંભકાળે લખાયેલાં ગીતો, લોકો આજે પણ એટલા જ આનંદથી સાંભળે છે - માણે છે. ગુજરાતમાં ટી.વી. યુગ હવે શરૂ થયો છે. જોઈએ આવતાં દસ-પંદર વર્ષમાં બોટાદકર, મેઘાણી, અવિનાશ વ્યાસની હરોળમાં બેસી શકે તેવો ટી.વી. યુગનો કોણ કવિ ઊપસી આવે છે!

પ્રોફેસર મુખરજી

તા. ૧૪-૯-૮૪ : શનિવાર તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ હું એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જીયોલોજી વિભાગમાં તેના પ્રોફેસર મુખરજીના તૈલચિત્રનું અનાવરણ કરવા જવાનો છું. આ પ્રો. મુખરજી આ વર્ષના જૂન માસમાં ૭૫ વર્ષની વયે અવસાન પામ્યા. તે અપરિણિત હતા અને ન પરણવા પાછળનું કારણ જાણવા જેવું છે. તેમના પિતાનું નાની વયે અવસાન થયું હતું અને તે પછી તે જ અરસામાં કુટુમ્બમાં ત્રણ-ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયાં. આને કારણે તેમની માતાની તબિયત શારીરિક તથા માનસિક રીતે ઘણી બગડી ગઈ. દાક્તરોનો અભિપ્રાય થયો કે વખત જતાં કાયમ નર્સિંગ હોમમાં રાખવાં પડશે આથી મુખરજીએ મનથી નક્કી કર્યું કે માતાની ચાકરી હું જ કરીશ પણ નર્સિંગ હોમમાં તો નહીં જ રાખું. આથી જ તેમણે લગ્ન ન કર્યાં. એ કહેતા કે પરણીને પારકી દીકરીને મારે નર્સ નથી બનાવવી! માને સૂકી હવા માફક આવશે એમ દાક્તરી અભિપ્રાય થયો એટલે એમ.એસસી. થયા પછી ૧૯૩૭માં એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ભૂગોળના વ્યાખ્યાતા તરીકે જોડાયા. પછી તેમણે જ ગુજરાતમાં ભૂસ્તરશાસ્ત્ર વિષયની શરૂઆત કરી. ૧૯૩૭થી ગુજરાતને જ વતન બનાવીને રહ્યા.

તેમના પડોશમાં શાળાએ જતી એક નાની છોકરી તેમને ઘણી હળી ગઈ હતી. મુખરજી તેને બેબી કે 'માં' કહીને બોલાવતા. પછી તો બેબી મોટી થઈને પરણી ગઈ. મુખરજી પણ રિટાયર થયા, તેમની માતા મૃત્યુ પામી અને મુખરજી પણ એકલા થઈ ગયા. પેલી 'દીકરી'એ તેમને કહ્યું કે હવે તમારે એકલા રહેવાનું નથી. મારે ઘેર જ ચાલો. આમ નાનકડી બેબી પરણીને સ્વતંત્ર સંસાર ચલાવતી થઈ અને મુખરજી દાદાને પોતાને ઘેર લઈ ગઈ. એટલું જ નહિ પણ છેલ્લાં બે વરસ ચાલેલી તેમની બીમારીમાં દીકરી-જમાઈએ તેમને જે સાચવ્યા તે અદ્વિતીય છે. નગીનદાસ પારેખ લખે છે કે, 'પોતાના આત્મીયજનોથી દૂર દેશને બીજે છેડે વસતા આ બંગાળી અધ્યાપકને તેમનાં ગુજરાતી 'દીકરી-જમાઈ'એ પાછલી ઉંમરમાં જે રીતે સાચવ્યા તે ઉદાત્ત માનવતાનું એક વિરલ દૃષ્ટાંત બની રહે છે.

વન-ડે ક્રિકેટ મૅચ

તા. ૨૮-૯-૮૪ : આજકાલ વન-ડે ક્રિકેટ મૅચનો જમાનો છે અને હવે તો તેનું જીવન્ત પ્રસારણ ટી.વી. ઉપર થાય છે એટલે

સાત કલાક ટી.વી. સામે બેસી રહેવાનું મન તો ઘણું થાય પણ પાલવે નહિ. એટલે મેં એક ઉપાય કાઢ્યો છે. સામે રેડીઓ રાખ્યો છે. કોમેન્ટરી ચાલુ છે અને આ કાગળ લખાય છે.

આ વન-ડે ક્રિકેટ મૅચ એ નવી વાત છે. અમે નાના હતા ત્યારે ગલીમાં ક્રિકેટ રમતી વખતે સંજોગ પ્રમાણે અમે નિયમો ઘડી કાઢતા. ત્યારે એક એવો નિયમ પણ કરતા કે બન્ને પક્ષ દસ દસ ઓવર રમે અને તેમાં જે વધારે રન કરે તે જીતે. વન-ડે મૅચમાં આવું જ છે. આજથી ત્રીસ-ચાળીસ વર્ષ પહેલાં એક વાર ઇંગ્લંડની ક્રિકેટ ટીમ ઑસ્ટ્રેલિયા રમવા ગઈ હતી. ત્યાં પાંચ દિવસની બે દાવવાળી ટેસ્ટમૅચમાં પહેલા ચાર દિવસ વરસાદને કારણે રમત રમી શકાઈ નહિ. પાંચમે દિવસે ઉઘાડ નીકળ્યો, પણ એક દિવસમાં બન્ને દાવ રમાય અને પરિણામ આવે તે તો ક્યાંથી બને! વળી ટિકિટ ખર્ચીને આવેલા પ્રેક્ષકોને પણ કેમ સંતોષવા? એ તો પૈસા પાછા માગે : એટલે ગલીઓમાં રમતાં અમે નિયમો બનાવતા હતા તેમ બન્ને ટીમોએ નક્કી કર્યું કે, રમતના સાત કલાકમાંથી બન્ને ટીમો સાડા ત્રણ સાડા ત્રણ કલાક રમશે અને જે વધુ રન કરે તે ટીમ જીતી! હાઉં! આમ વન-ડે મૅચની શરૂઆત થઈ ને હવે તો તેનું ખાસ્સું મહત્ત્વ થયું છે.

ભારતની રણજી ટ્રૉફી મૅચોને આ વર્ષે પચાસ વર્ષ પૂરાં થયાં છે. તેની ઉજવણી નિમિત્તે ઑસ્ટ્રેલિયાની ટીમ ભારતમાં ૬ વન-ડે મૅચ રમવા માટે ખાસ આવી છે. વન-ડે મૅચની લોકપ્રિયતા હવે ખૂબ વધી ગઈ છે.

ભારતની ટીમને આ વન-ડે મૅચ બહુ ફાવતી ન હતી. પણ ગયે વર્ષે ઇંગ્લંડમાં રમાયેલી ૯ રાષ્ટ્રો વચ્ચેની લીગ મૅચોમાં બધાંને હરાવીને ભારતીય ટીમ ચૅમ્પિયન થઈ ત્યારથી ભારતમાં આ વન-ડે મૅચનું ઘેલું લાગ્યું છે. આવતા શુક્રવારે અમદાવાદમાં રમાતી મૅચની ટિકિટ ઓછામાં ઓછી રૂ. ૧૦૦/- છે. (અને તે એક જ દિવસની મૅચ માટે!) મેં જ્યારે નોકરી શરૂ કરી ત્યારે મારો મહિને પગાર રૂ. ૮૫/- હતો અને આજે એક દિવસની મૅચ જોવાની ટિકિટ રૂ. ૧૦૦/-!!

મને લાગે છે કે રેડિયો ઉપર કોમેન્ટરી ચાલતી રહેશે તો કાગળમાં ક્રિકેટ સિવાય કંઈ લખવાનું સૂઝશે નહિ એટલે સ્વિચ બંધ કરી દઉં છું. હાશ!

અમદાવાદમાં ટી.વી. અને તેની સાથે વીડીઓ ઉપર ફિલ્મ જોવાનું એટલું બધું વધી ગયું છે કે જે સિનેમા થીએટરો પૈસાદાર અને શેઠિયા લોકોની ઘરાકી ઉપર ચાલતાં હતાં તે હવે બંધ થવા બેઠાં છે. ગાંધી રોડ ઉપરની મૉડલ ટોકિઝ અને આશ્રમ રોડ ઉપરની દિપાલી ટોકિઝની જગ્યાએ મોટાં શોપિંગ સેન્ટર અને ઑફિસ કોમ્પ્લેક્ષ બાંધવાની મ્યુનિ.એ પરવાનગી આપી દીધી છે. કૃષ્ણ ટોકિઝ, સ્ટેશન સામેની અલંકાર ટોકિઝ અને ગાંધી રોડ ઉપરનું જૂનું સિનેમા ડી ફ્રાંસ પણ વેચાવા નીકળ્યું છે. ખાડિયા, ફુવારા, નરોડા, ઓઢવ, સાબરમતી વગેરે મજૂર લત્તાનાં થિયેટરો ચાલ્યા કરશે અને 'સો દા'ડા સાસુના તો એક દા'ડો વહુનો' એવી ગુજરાતી ફિલ્મો કે અમજદખાનની ઢિશુમ ઢિશુમ ફિલ્મો બતાવ્યા કરશે, બાકી આશ્રમ રોડ અને ઘીકાંટાનાં સિનેમાઘરો સારી ફિલ્મો બતાવતાં હતાં તેવું નથી પણ ત્યાં જેઓ ઢિસુમ ઢિસુમ જોવા જતા તે બધા હવે પોતાને ઘેર ટીવીમાં વીડીઓ લગાવી જુએ છે.

કોવાલેવ્સ્કાયા


તા. ૧૬-૧૧-૮૪ : હવે તો તમારી સૌથી નાની બહેન પણ પી.એચડી.ને પંથે વળી ગઈ તેના અનુસંધાનમાં એક સ્ત્રી-ગણિતજ્ઞ કોવાલેવ્સ્કાયા વિષે આ પત્રમાં લખવું છે.

એક રશિયન સેનાપતિને ઘેર ૧૮૫૦ની સાલમાં તેનો જન્મ થયો હતો. તે જમાનામાં મહિલાઓ માટે જ્ઞાન-સંપાદનની પ્રવૃત્તિ અશિષ્ટ ગણાતી અને કોવા.ની આયા આનું ખૂબ ચીવટથી ધ્યાન રાખતી. તેમ છતાં કોવા. તેના કાકાનાં પુસ્તકાલયોમાંથી ગણિત-વિજ્ઞાનનાં પુસ્તકો ચોરી-છૂપીથી વાંચતી. તેના બાપને આ વાતની ખબર પડી ત્યારે ગુસ્સે થવાને બદલે તેને ઉત્તેજન આપ્યું અને ગણિત શિખવવા એક વૃદ્ધ શિક્ષકનું ટ્યુશન રાખી લીધું.

પણ તે જમાનામાં યુવતી માટે માનભેર અભ્યાસ ચાલુ રાખવાનો સરળ રસ્તો લગ્નનો હતો. એ હેતુસર કોવા.નાં લગ્ન કરવામાં આવ્યાં અને લગ્ન પછી વિદ્યાર્થી પતિ સાથે તે જર્મની ઊપડી, ત્યાં આગળ અભ્યાસ કરવાનો આ દંપતીનો કાર્યક્રમ હતો. પણ ત્યાં ગયા પછી જણાયું કે જર્મનીની કોઈ યુનિવર્સિટીમાં સ્ત્રીઓ પ્રવેશપાત્ર ગણાતી ન હતી. આ વાત એકલા જર્મનીની નથી. યુરોપની સઘળી યુનિવર્સિટીઓના દરવાજા સ્ત્રીઓ માટે બંધ હતા. પરંતુ વિખ્યાત ગણિતશાસ્ત્રી વાયરસ્ટ્રાસને આ યુવતીની બુદ્ધિપ્રતિભા પ્રભાવિત કરી ગઈ અને તેને તેણે પોતાના ખાનગી વિદ્યાર્થી તરીકે સ્વીકારી. ગણિત-સંશોધનમાં તેના માર્ગદર્શક બન્યા.

સંશોધનને અન્તે પી.એચડી.ની ડિગ્રી મેળવવામાં તો જાતજાતનાં વિઘ્નો ઊભાં થયાં. તે જમાનામાં (અને પશ્ચિમની ઘણી યુનિવર્સિટીઓમાં આજે પણ) પી.એચડી.ની પરીક્ષાના ભાગ તરીકે વિદ્યાર્થીને પોતાના સંશોધન વિષે જાહેરમાં વ્યાખ્યાન આપવું પડતું અને વ્યાખ્યાનના અંતે શ્રોતાઓ તરફથી પુછાતા પ્રશ્નોના જવાબ આપવા પડતા. આ પ્રક્રિયાને અંગ્રેજીમાં defending the thesio - થીસિસનો બચાવ કરવો - કહે છે. ૧૯મી સદીના જર્મનીમાં આવી થીસિસ ડિફેન્સની સભાઓમાં જ સ્ત્રીઓને હાજર રહેવાની બંધી હતી તો પછી સ્ત્રી પોતે પોતાની થીસિસનો બચાવ કરે તે વાત જ ક્યાં રહી? આ વિઘ્ન પાર કરવા કોવાલેવ્સ્કાયાએ એકને બદલે ત્રણ થીસિસ લખી અને જેમ ફેરીઓ શાકભાજી વેચવા

(અનુસંધાન પૃ. ૪૬૬ ઉપર)



નરસિંહરાવ દીવેટિયા : એક ઝાંખી

••••••••••••••••••••••••••દુષ્યન્ત પંડ્યા

ઈ.સ. ૧૯૩૪નો ઑક્ટોબર માસ. મુંબઈમાં પ્રિન્સેસ સ્ટ્રીટ પર આવેલી સી. જમનાદાસની દુકાન. ૧૯૩૫ના શૈક્ષણિક વર્ષથી જેમની કૃપાદૃષ્ટિથી મને નાસિકની હંસરાજ પ્રાગજી ઠાકરશી કૉલેજમાં માફી-વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળવાનો હતો તે પ્રોફેસર નટવરલાલ આચાર્ય સાથે હું આ દુકાને ઊભો હતો, નિર્લેપ ભાવે. આચાર્યસાહેબ પોતાની કૉલેજ માટે કંઈ પુસ્તકો ખરીદવા માગતા હતા. દુકાનના માલિક સાથે એ વાતમાં રોકાયેલા હતા ત્યારે હું, મારે માટે નવી એવી મુંબઈની એ કોલાહલભરી સૃષ્ટિનું અવલોકન કરી રહ્યો હતો.

દુકાન આગળ એક મોટર થોભી. ડ્રાઈવરે ભૂંગળું વગાડ્યું.

અચાનક શેઠ બોલી ઊઠ્યા, 'નરસિંહરાવભાઈ આવ્યા છે.' અને આચાર્યસાહેબ સાથેની વાત પડતી મૂકી એ બહાર દોડ્યા. આચાર્યસાહેબ પણ એટલી જ ત્વરાથી એ માટર પાસે ગયા અને માથું નમાવી આદરપૂર્વક એમણે નમસ્કાર કર્યા.

ધોળી મૂછોવાળો ગોળમટોળ ચહેરો મોટરના દરવાજા ભણી દેખાયો. મારી અઢાર વરસની અણસમજું અને અનુભવહીન આંખો એ નામના પ્રભાવથી ત્યાં જ મંડાયેલી હતી. એમાં કુતૂહલ હતું, અહોભાવ હતો, થોડો આનંદ પણ હતો. હાઈસ્કૂલમાં ભણતરનું માધ્યમ અંગ્રેજી હતું ને બીજી ભાષા ફ્રેંચ હતી. ડોલરભાઈ માંકડ, ઇન્દુલાલ ગાંધી વગેરેનું 'ઊર્મિ', વિજયરાયનું 'કૌમુદી' અને કનૈયાલાલ મુનશીનું 'ગુજરાત' વાંચી જે 'માતબર' મૂડી ભેગી કરી હતી તેમાં ક્યાંક ને ક્યાંક નરસિંહરાવનું નામ વાંચેલું, તેમજ એમના કાર્ય વિશેના ઉલ્લેખો પણ ક્યાંક વાંચેલા. એમની વિશિષ્ટ જોડણીવાળો એમનો લેખ પણ આ કોઈ સામયિકમાં કે 'ગુજરાતી' અઠવાડિકમાં વાંચ્યો હોય. નરસિંહરાવની પૂરી મહત્તાનો તો શો ખ્યાલ હોય?

પણ પછીથી એ પણ આવ્યો, પૂરો નહીં તો થોડોઘણો. નટવરલાલ આચાર્ય એમના વિદ્યાર્થી, અને હું, નટવરલાલ આચાર્યનો વિદ્યાર્થી એટલે, એ મારા ગુરુના ગુરુ. સંગીતની પરિભાષામાં હું 'નરસિંહરાવ ઘરાણા'નો. પછીથી એમના બીજા શિષ્ય ભાનુભાઈ વ્યાસ પાસે થોડું ભણવાનું સાંપડ્યું હતું અને શ્રી સુંદરજી બેટાઈ, ચંદ્રવદન મહેતા અને શ્રી રામભાઈ બક્ષીના વધતાઓછા સંપર્કમાં આવવાનું પણ સાંપડ્યું હતું અને એમની બે લાડકી દૌહિત્રીઓ કુરંગીબહેન અને ચિત્રાના સંપર્કમાં પણ આવવાનું બન્યું. અને લગભગ આ દરેકની પાસેથી નરસિંહરાવભાઈની અનેકવિધ લાક્ષણિકતાઓના કંઈ ને કંઈ કિસ્સાઓ સાંભળવા મળ્યા.

શબ્દના અર્થની ચોકસાઈ માટે રામભાઈ બક્ષીનો દરવાજો મોડી રાતે એમણે ખખડાવ્યાનું મેં અન્યત્ર નોંધ્યું છે. કુરંગી-ચિત્રા નાનાં હશે - એમના અવસાન સમયે ચિત્રાનું વય આઠ-નવ માંડ હશે - ત્યારે, નાનીબાએ ખાવા આપેલા મમરાનો વાટકો નીચે પડી જતાં સુશીલાબહેન - નરસિંહરાવનાં પત્ની બોલ્યાં હશે : 'મમરા ઢોળાઈ ગયા.' નરસિંહરાવે તુરત કહ્યું, 'મમરા ઢોળાઈ ગયા ના કહેવાય, વેરાઈ ગયા કહેવાય.' સુશીલાબહેન બોલ્યાં, 'મારી ભૂલ થઈ.' 'ભૂલ નહીં, ભૂલ્ય કહેવાય.'

પતિપત્નીનો આ સંવાદ કેટલો સાચો છે તે જાણી શકાયું નથી પણ, ઉચ્ચારણ બાબતની નરસિંહરાવની ભાષાશાસ્ત્રીય ચીવટનું એ નમૂનેદાર ઉદાહરણ છે.

એમના બે કાવ્યગ્રંથો, 'નૂપુરઝંકાર' અને 'બુદ્ધચરિત' પાઠ્યપુસ્તકો તરીકે મારા અભ્યાસક્રમમાં મારે ભણવાનાં આવ્યાં હતાં. એમનાં વિલ્સન ફાઈલોલોજિકલ લેક્ચર્સના બે ભાગોનું સંદર્ભગ્રંથો તરીકે લાંબું સેવન કર્યું છે. 'મનોમુકુર'માંના ઊંડાણભર્યા વિવેચને, 'સ્મરણમુકુટ'માંનાં એમનાં લાક્ષણિક કલમચિત્રોએ અને 'વિવર્તલીલા'માંના ફિલસૂફીભર્યા નિબંધોએ મને આકર્ષ્યો છે.

સર વિલિયમ જોન્સથી આરંભી, આઝાદ ભારતમાંના પ્રથમ બ્રિટિશ હાઈકમિશ્નર માલ્કમ મેકડોનલ્ડ સુધીના બ્રિટિશ અફસરોની લાક્ષણિકતા નિષ્ઠાપૂર્વકની નોકરી સાથે ઊંડા અધ્યયનની. નરસિંહરાવ પણ એ બ્રિટિશપરંપરાને અનુસરી, તે સમયના મુંબઈ ઇલાકામાં વિવિધ સ્થળોએ એસિસ્ટંટ કલેક્ટર તરીકે ફર્યા. ચીવટપૂર્વક અને નિષ્ઠાપૂર્વક નોકરી કરી પણ, તે સાથે, પોતાની રીતે, ભાષાશાસ્ત્રનું ઊંડું ખેડાણ હજી થયું ન હતું. કૉલેજમાં એમણે ભાષાશાસ્ત્રનો અભ્યાસેય કર્યો ન હતો; છતાં, વ્યુત્પત્તિને ખ્યાલમાં રાખીને, સંસ્કૃતમાંથી ઊતરી આવેલા અનેકાનેક ગુજરાતી શબ્દોના નિયમોના તારણનું તેમનું પાયાનું કાર્ય ભગીરથ હતું. સંવૃત અને વિવૃત એ-ઓ ઉચ્ચારણોની

ગુજરાતીની લાક્ષણિકતાનો ઊગમ અને વિકાસ આલેખનાર તેઓ જ હતા અને ધ્વનિશાસ્ત્રની કશી જ તાલીમ વિના તેમણે આ ઉચ્ચારણભેદને ઊંડાણથી અને વિસ્તારથી સમજાવ્યો હતો.

સ્વભાવે એ સત્યાન્વેષી હતા. એમના પુત્ર નલિનકાન્તના અવસાનની શોકસભામાં કોઈક વ્યક્તિની હાજરી વિશે તેમણે નટવરલાલ આચાર્યને પૂછ્યું હશે. નટવરલાલે જે ઉત્તર આપ્યો હશે તે સાચો નહિ હોય - નટવરલાલ કદાચ બેધ્યાન હશે તેથી એમ બનવા પામ્યું હશે. પણ, તે પછી બીજી વાર, નટવરલાલ જ્યારે એમને મળવા ગયા ત્યારે, ગુરુના ક્રોધનો ભોગ એ બનેલા. પરંતુ, કોઈની ભૂલને એ ગણીને ગાંઠે ન બાંધી રાખતા.

કવિ નાનાલાલની અપદ્યાગદ્ય શૈલીના એ આકરા ટીકાકાર હતા તો, કવિના કાવ્યમાધુર્યના એ એટલા જ મોટા પ્રશંસક હતા. એમની ગુણગ્રાહી દૃષ્ટિ જ્યાં ગુણ જુએ ત્યાં આકર્ષાતી. ગાંધીજીની નીતિરીતિ સાથે એમનો મેળ કેટલો બેઠેલો હતો તે હું જાણતો નથી પરંતુ, એક વીસ વર્ષના અજાણ જુવાનિયાના દાંડીકૂચ પ્રેરિત કાવ્ય 'વિશ્વશાંતિ' પર એ વારી ગયેલા, અને ઉમાશંકરના એ કાવ્યનું ભાવથી સ્વાગત કરતી વખતે, એની પ્રસ્તાવનામાં 'ગાંધીવાદી' કાકાસાહેબની ભાષા લોકભોગ્ય અને સરળ નથી એમ કહેવાનું પણ એ નથી ચૂક્યા.

૧૯૩૫માં એ અવસાન પામ્યા ત્યારે, નાસિક કૉલેજના ગુજરાતી વિદ્યાર્થી મંડળની શોકસભા મળેલી. તેમાં, નટવરલાલે પોતાના એ ગુરુને જે શ્રદ્ધાપૂર્વક ભાવાંજલિ આપી તેનું ચિત્ર મારા મનમાં તાજું જ છે. બોલતાં બોલતાં ભાવાવિષ્ટ નટવરલાલ રડી પડેલા. નરસિંહરાવના જીવનમાં પોતાનાં પુત્રપુત્રીઓનાં તથા પત્નીનું પણ અવસાન જોવાનું વિધિએ નિર્મેલું. નલિનકાન્તના અવસાન પછી, ગાંધીજી પણ નરસિંહરાવને દિલાસો આપવા ગયા હતા. આમ એમનું જીવન કરુણાપૂર્ણ હતું. 'આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે', એ એમની પંક્તિ એમને બરાબર લાગુ પડતી હતી.

વળી, અવસાન સમયે એ પોણી સદી વટાવી ગયા હતા. આમ એમનું મૃત્યુ એમને માટે મુક્તિસમું હતું. નટવરલાલ આ સમજતા જ હશે. છતાં, એમના ગુરુના ગુણના હિમાલયની સ્મૃતિ નટવરલાલના હૃદયને આર્દ્ર કરી ગઈ, નટવરલાલની હૃદયવીણા સ્મૃતિઓથી સંવેદિત થઈ ઊઠી અને, એમની અંજલિને સજળ કરી ગઈ. આજે નરસિંહરાવ નથી, ન જ હોઈ શકે, નટવરલાલ પણ નથી પરંતુ, ૧૯૩૪ના ઑક્ટોબરમાંની એમની ઝાંખીને કુરંગી-ચિત્રા સાથેનો સંબંધ સજીવ રાખી રહ્યો છે. □

અનુસંધાન] ક્ષ-કિરણ અને ખગોળવિજ્ઞાન [પૃ. ૪૬૨થી

ખગોળવિજ્ઞાનનો નવો યુગ શરૂ થયો. ૧૯૯૦માં આનો વારસો જર્મન-બ્રિટિશ-અમેરિકન ROSAT વેધશાળાએ લીધો. વિદ્યુતભાર યુગ્મિન પ્રયુક્તિઓ (charged coupled divices) ક્ષ-કિરણોની પરખ માટે અત્યંત સંવેદનશીલ અને સક્ષમ પુરવાર થઈ છે. આથી આધુનિક ખગોળભૌતિક ક્ષેત્રે ક્ષ-કિરણનું સંશોધન અતિ મહત્ત્વનું બનતું જાય છે. આનાથી બ્લેક હોલ અને ન્યુટ્રોન-તારકની પ્રકૃતિ અને અતિ પ્રબળ ચુંબકીય ક્ષેત્રમાં સાપેક્ષીકાર (relativistic) કણોના પ્રવેગ અને વર્તણૂકનો અભ્યાસ સંભવિત થશે. ઉપકરણોની વધતી જતી ક્ષમતા અને સંવેદનશીલતાને આધારે ક્ષ-કિરણોના અભ્યાસ માટે વધુ સુવિધાઓ સુલભ થશે. યુરોપિયન સ્પેસ એજન્સી (X-ray Multimirror Mission) - MMને ૧૯૯૯માં અવકાશમાં તરતી મૂકશે. વિશ્વના ઊંડાણમાં ઊતરી અવનવાં રહસ્યો જાણવાની તક ઊભી થશે. ખગોળવિજ્ઞાનીઓ ભૂતકાળમાં પાછા જઈ (ભૂતકાળની ઘટનાઓ સમજી) શકશે. અબજો વર્ષ પહેલાં ઉત્ક્રાંત થયેલા આદ્યકાલિક તારાવિશ્વો અને ક્વાસાર્સની રચનાની જાણકારી મેળવી શકશે. પરિણામે આધુનિક ખગોળભૌતિક વિજ્ઞાનની કેટલીક સમસ્યાનો ઉકેલ ક્ષ-કિરણ ખગોળવિજ્ઞાન આપવા સમર્થ થશે. □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૪૬૪થી


ઘેર ઘેર ફરે તેમ વાયરસ્ટ્રાસ આ ત્રણ ત્રણ મહાનિબંધો લઈને જર્મનીની જુદી જુદી યુનિવર્સિટીઓની 'ફેરીએ નીકળ્યા'! છેવટે ગટીંગન યુનિવર્સિટીએ આ મહાનિબંધો સ્વીકારી થીસિસ-બચાવની શરત કોરાણે મૂકી કોવાલેવ્સ્કાયાને ડૉક્ટરેટ આપવાનું સ્વીકાર્યું.

પરંતુ આ તો તેની જ્વલંત કારકિર્દીનું પ્રથમ પગલું માત્ર હતું. ૧૮૮૮માં પેરીસની સાયન્સ એકેડેમીએ તેનાં ગણિત-સંશોધન - નક્કર પદાર્થોના ગતિસમીકરણોના ઉકેલ - માટે 'બોર્ડીન પારિતોષિક એનાયત કર્યું. તેના આ સંશોધનનું કેટલું મહત્ત્વ તે એકેડેમીને સ્પષ્ટ જણાયું અને તેથી ખાસ તે પ્રસંગ માટે પારિતોષિકની રકમ ત્રણ ગણી કરવામાં આવી! છેવટે તે સ્ટોકહોમ યુનિવર્સિટીમાં ગણિત-પ્રોફેસર તરીકે નીમાઈ. આવા ઉચ્ચ શૈક્ષણિક હોદ્દા સુધી પહોંચવામાં યુરોપમાં તે પહેલી મહિલા હતી. ૪૧ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૯૧માં ન્યુમોનીઆથી તેનું અવસાન થયું.

કોવાલેવ્સ્કાયાના ગણિત વિષે પત્રમાં લખતો નથી. તે વિષે થોડી વિગતો ડિસેમ્બરના 'સુગણિતમ્'માં આવશે.

દરેક જમાનામાં પી.એચડી. કરનારને મુશ્કેલી નડતી જ રહી છે. અથવા તો એમ કહો કે પુસ્તક વાંચીને પાસ થવાને બદલે કાંઈક સર્જન-ચિન્તન કરીને ડિગ્રી મેળવવાને પહેલા પ્રસંગે 'સર્જનની પીડા' તો થાય જ ને!

ચાલો, ત્યારે પી.એચડી.ને પન્થે વળેલાં ડોલીબહેનને કોવાલેવ્સ્કાયાનાં અભિનંદન. □





(સ્થિર નદી, સરતાં નીર)

નવું, જૂનું ને મઝાનું!

પ્રીતિ સેનગુપ્તા

ઘણાં વર્ષો પછીનું એ ચીન હતું. પહેલા પ્રવાસ પછી મેં અનુમાન કર્યું હતું તે સાચું જ ઠર્યું હતું. ઘણાં પરિવર્તન આવ્યાં હતાં - ચીનના બાહ્ય જીવનમાં, તેમજ ચીની પ્રજાના અંતરંગ જીવનમાં. અલબત્ત, લોકશાહીનાં મૂળાધાર ગણાતાં વાણી-વિચાર-વર્તન વગેરેનાં સ્વાતંત્ર્યની બાબતમાં કશી મોકળાશ નહોતી થઈ, પણ ભૌતિક સુવિધાઓમાં ઘણા વધારા થયા હતા અને અંગત રીતે નાના-મોટા ધંધા કરવાની છૂટ મળી હતી. ક્યારના ફેંકાઈ ને નખાઈ ગયા હતા ગણવેશ જેવા, ભૂરા અથવા ખાખી રંગના, માઓ-શૈલીના, સ્ત્રીઓ અને પુરુષો માટેના એક સરખા, અનાકર્ષક વાઘા. પોતપોતાના દેખાવ અને પસંદગી પર, હવે ધ્યાન આપી શકતી હતી ચીની પ્રજા. બીજા પ્રવાસ વખતે ચીનમાં પ્રવેશતાંની સાથે જ એના બદલાયેલા સ્વરૂપનો ચિતાર મળવા માંડ્યો હતો.

ચકચકાટ નવા વિમાન-મથકેથી નીકળીને ચકચકાટ નવી મર્સિડિસ ગાડીમાં મને ચકચકાટ નવી ગ્રેટ વૉલ શૅરેટન - અમેરિકન હોટેલ - કંપનીમાંની એક - પર લઈ જવામાં આવી હતી. ૧૯૯૩માં પણ ચીનમાં એકલાં ફરવું બહુ શક્ય કે સરળ ન હતું. ગામે ગામે વિમાનમથકે જ મને ચીની ગાઈડ મળે, એવી વ્યવસ્થા ન્યૂયૉર્કથી જ કરવી પડી હતી. એ પ્રમાણે, બેજિન્ગના અદ્યતન વિમાનમથકે, એક કાગળ પર લખેલું મારું નામ પકડીને એક ચીની યુવક ઊભો હતો. પોતાની ઓળખાણ એણે 'રેક્સ' તરીકે આપી. એ કાંઈ લળતો, નમતો, ગરીબડા ગાઈડનો નરમ-શરમનો ભાવ ધરાવતો 'બિચારો' કોઈ ચીની ન હતો. 'નવા' બેજિન્ગનો, સદંતર સમકાલીન અભિગમથી યુક્ત, બ્લુ જીન-પૅન્ટમાં સજ્જ, પૈસા સિવાય બીજા કશા પ્રત્યે નીરસતાવાળો લાગતો રેક્સ દુનિયામાં ક્યાંયનો પણ હોઈ શકતો હતો. ચીનની આધુનિક યુવાન પ્રજાનો એ સર્વ-સામાન્ય પ્રતિનિધિ હતો, એમ કહી શકાય.

શૅરેટન હોટેલમાં મારો રૂમ બહુ સરસ હતો. ખૂબ મોટો, આરામજનક; રંગીન ટેલિવિઝન પણ ખરું જ. એ શયનખંડ, નીચે હોટેલની રેસ્ટોરાં અને એની 'પૉશ' લૉબી. ફરીથી ભૂલી જવાય કે આપણે ક્યાં હતાં. બસ, ત્યાં મને પહોંચાડી દીધા પછી રેક્સની ઉતાવળનો પાર ન હતો. એને એની કંપનીની ઑફિસ પર જવાનું હતું. મારે હોટેલમાં બેસીને એ પહેલો દિવસ બગાડવો નહોતો. એની ઑફિસ પર જઈને બેસાય એવું ન હતું, ને એમ કરવાનો અર્થ પણ શું? તેથી મેં રેક્સને પૂછ્યું કે, શહેર કેટલું દૂર હતું હોટેલથી. શહેરની અંદર, કે નજીક, હોટેલ મળી હોત તો મને વધારે ગમ્યું હોત પણ ત્યાં હવે પ્રવાસીઓને ઉતારો આપવા જેવી હોટેલો રહી જ નહીં હોય. કેવી ગંદી ને અસહ્ય હતી વર્ષો પહેલાંની એ હોટેલ!

તરત સૂઝી તે જગ્યાનું નામ મેં રેક્સને કહ્યું. એણે ડ્રાઈવરને પૂછ્યું કે ત્યાં મને ઉતારશે? ને પછી ગાડી સડસડાટ ચાલી - બેજિન્ગની મને હંમેશાં જે સૌથી સરસ જગ્યા લાગતી રહી છે, તેની તરફ. જેનું નામ તરત સૂઝે, ને જે સૌથી સરસ હોય એવી બીજી વળી કઈ જગ્યા બેજિન્ગમાં હતી? - સિવાય કે તિઆનન્મેન સ્કવેર! બસ, ત્યાં મને ઉતારીને રેક્સ જતો રહ્યો.

એ વિખ્યાત નગર-ચૉકની મોકળાશ મને વીંટળાઈ રહી.

કેવી મોટી, ખુલ્લી સરસ જગ્યા! કેવા પહોળા રસ્તા એની ચોતરફ. ને ટ્રાફિક પણ ખૂબ ઓછો. રસ્તો ઓળંગતી હતી ત્યાં સામેથી 'આપણા જેવા' દેખાતા એક ભાઈને જોયા. દૂરના પરદેશમાં ભારતીય જેવું કોઈ દેખાય તો 'કેમ છો' કહેવાનું મન ના થાય? સહેજ નજીક આવતાં ખ્યાલ આવ્યો કે એ પાકિસ્તાની હતા. તોયે 'હલો' તો કહેવાયને? તો સામે એમનો પ્રતિભાવ શું હતો? 'શું કામ છે તમારે?'

એક સ્ત્રી, અને એકલી હોવાને કારણે વારંવાર આવા પ્રતિભાવ મળે. બીજી જાતિઓના પુરુષો આમ નથી વર્તતા - મોટે ભાગે પણ 'આપણા જેવા' દેખાતા - આપણી બાજુના પુરુષોને જાણે ગભરામણ થઈ જાય છે કે એ સ્ત્રીને શું કામ હશે. ખરેખર તો, હું મારા મનનો આનંદ, અને એ જગ્યા માટેનો આવેશ, દર્શાવવા જ માગતી હોઉં છું. દુનિયાની કોઈ પણ વ્યક્તિ સાથે આ તત્ત્વો વહેંચી, માણી શકાય છે. એ માટે કોઈનું સગું-વહાલું થવું પડતું નથી હોતું. પણ કાંઈ નહિ, હું તો રસ્તો ઓળંગી મોટા ચોરસ પથ્થરો જડેલા ચૉક-વિસ્તારમાં જતી રહી.

બપોરનો સમય હતો, પણ પ્રકાશ બહુ ધૂંધળો હતો. આસપાસનાં સ્મારકોની આકાર-રેખાઓ સ્પષ્ટ નહોતી દેખાતી. પણ લોકો ખૂબ હતા. ઘણા બહારના હશે, ઘણા સ્થાનિક હશે. કોઈ પણ જણ વારંવાર આકર્ષાય એવી એ જગ્યા હતી. વળી, બાળકો પણ ઘણાં હતાં. બધાં પતંગ ચગાવવામાં પડ્યાં હતાં. કેવા તો રંગરંગીન પતંગો. કેટલાક ઘેર બેસીને, છાપાં કાપીને બનાવેલા હતા, તો બીજા વળી અઘરા, ફૅન્સી આકારોમાં હતા - દા.ત. પતંગિયાં, પંખી. એક પતંગ તો લાંબા લાંબા ચીની 'ડ્રૅગન'ના આકારમાં હતો. મને તો ઘણી મઝા આવી. એ સમયે એ સ્થળે હોવું એટલું 'વન્ડરફુલ' હતું! મને જોકે ૧૯૮૯ના જૂનનો એ કારમો દિવસ પણ યાદ આવી ગયેલો. ક્યાંથી આવી હશે રાક્ષસી ટૅન્કો? કઈ તરફ ભાગ્યા હશે નિર્દોષ પ્રજાજનો?

એ બપોરે બીજા કોઈ પર એ યાદનો પડછાયો પડેલો લાગ્યો નહીં. બધા લોકોનાં મોઢાં પર સ્મિત હતું. કેવાં ખુશમાં હતાં બધાં. ચેરમૅન માઓનું મસમોટું તૈલચિત્ર ફ્રેમમાં આવે એમ બધાં ફોટા પાડી રહ્યાં હતાં. બહારગામના લાગતા બે યુવકો એકમેકના ફોટા લેવા પ્રયત્ન કરતા હતા. મેં ઇશારાથી એમને સમજાવ્યું કે હું એમનો સાથે લઈ આપું છું. બંને ખૂબ ખુશ થયા, સ્ટાઈલમાં ઊભા રહ્યા, મેં ફોટો લીધો, અને અમે ત્રણે ખૂબ હસ્યાં. જોયું, આનંદમાં ભાગીદાર મને મળી જ ગયા - સાવ અજાણ્યા, ને એકદમ મઝાના! જરા પણ હેરાન થયા વગર, ખૂબ આનંદથી ત્યાં થોડો સમય હું ફરતી રહી. પછી બેજિન્ગ હોટેલ તરફ ગઈ. શહેરની બહુ અગત્યની સ્થાપત્યોપસ્થિતિ હતી એ. જોકે ત્યાં સુધીમાં કદાચ એનું સરનામું 'મૅકડૉનાલ્ડ રેસ્ટોરાંની બાજુમાં છે તે' તરીકે અપાતું હતું!

લોકપ્રિય અમેરિકન શીઘ્ર-ખાદ્ય-રેસ્ટોરાં હવે તો બેજિન્ગ ને ચીનનાં બીજાં અનેક શહેરોમાં ઠેર ઠેર ખૂલી ગઈ છે. ઇટાલિયન કૉફી-હાઉસોની પણ કમી નથી રહી. નવાં બાંધકામો ખૂબ ઝડપે થઈ રહ્યાં છે. ભારતનાં શહેરોમાં બન્યું છે તે જ રીતે, વાડા અને બાગવાળાં સરસ નાનાં ઘર વેચાઈ રહ્યાં છે. ઊભાં થઈ રહ્યાં છે મોંઘી હોટેલો, મોટાં શૉપિંગ સૅન્ટરો, પ્રાઈવેટ ક્લબો. અચાનક અગ્રગણ્ય ચીની વ્યક્તિઓ પૈસાદાર, અરે, લખપતિ, થઈ ગઈ છે. સામ્યવાદી ભૂતકાળને પાછળ પાડી દઈને ચીન પૂંજીવાદી ભવિષ્ય તરફ પારગમન કરી ગયું છે. અલબત્ત, વાસ્તવિક જીવનમાં બને છે તેમ અંધારી ગલીઓ, તૂટેલાં ખોરડાં, ને ધન વગરના લોકો પણ બાકી રહેલાં છે જ. નવાં બાંધકામોની પછીતે શહેરના આવા ભાગ પણ જોવા મળે.

બેજિન્ગ હોટેલમાંની મોંઘી દુકાનો પર નજર કરી હું પાછળના બજાર તરફ ગઈ. રસ્તામાં એક લાક્ષણિક દૃશ્ય જોયું. એક સાયકલ સાથે એક હાથગાડી જોડાયેલી હતી. જોવાની વાત એ હતી કે આધેડ વયની એક સ્ત્રી સાયકલ ચલાવતી હતી, ને આધેડ એક પુરુષ 'ધબ' કરીને હાથગાડીમાં ખડકાયેલો હતો. નવું ચીન જેવું હોય તે - આ હતું જૂના ચીનનું સાચું ચિત્ર. કૅમેરા લઈને નહોતી નીકળી, એમાં ગુમાવ્યું એ વક્રતાપૂર્ણ ચિત્ર પણ.

વીસ કિ.મી. લાંબો 'ડૉન્ગ ચાન્ગાન જિએ' માર્ગ હજી બેજિન્ગનો મુખ્ય માર્ગ છે. એ બપોરે એના પર બસો, મીની વાનો અને પાદચારીઓની ભારે ભીડ હતી. બાળકો પર હજી ખૂબ ધ્યાન અને વહાલ વરસાવાતું હોય એમ લાગ્યું, પણ વેશભૂષા સાવ બદલાઈ ગઈ હતી. ભૂરાં શર્ટ-પેન્ટ ને રૂ ભરેલી બંડીઓ ક્યાંયે જતી રહી હતી. હવે બધાં જીન્સમાં હતાં. સ્ત્રીઓ જુદા જુદા રંગો અને સ્ટાઈલના કોટ પહેરેલી હતી. આ માર્ગનો એક ફાંટો તે 'વાન્ગફુજિન્ગ દાજિએ' - ખરીદી માટેનો મનગમતો રસ્તો. એની બંને બાજુ સળંગ દુકાનો હતી. ચીની લોકોને દુકાનોમાં જવું, જોવું, ખરીદવું બહુ ગમે છે. બધી દુકાનો સ્થાનિક લોકોના ટોળાંથી ઉભરાતી હતી. થોડીક ધક્કામુક્કી. લોકોનું વર્તન પણ બદલાયું હતું. એ રસ્તાની આગલી મુલાકાત હું યાદ કરતી હતી.

બહારથી કદાચ બહુ બદલાયું ન હતું. મસ્જિદ જેવા ઘુમ્મટવાળું એક મોટું મકાન, 'મુસ્લિમ રૅસ્ટોરાં'નું પાટિયું, નાની દુકાનો. ત્રણ માળના એક સ્ટોરમાં હવે ઘણી વધારે બત્તીઓ હતી, કાચના ફૅન્સી શો-કેસ અને કાળા આરસની ફર્શ હતી. એ બધું, અલબત્ત, નવું હતું અને વસ્તુઓનો પાર નહીં - કપડાં, જોડા, ચશ્માં. પરદેશી ને ખાસ તો રશિયન ચીજોનું આશ્ચર્યજનક પ્રાચુર્ય.

(અનુસંધાન પૃ. ૪૭૧ ઉપર)

આપણા સ્વરકાર (૮)

• નટરાજ બ્રહ્મભટ્ટ •



પરેશ ભટ્ટ

રાજકોટમાં ૧૯૮૪ના ૧૪ જુલાઈના રોજ વીજળીના કરંટે એકાએક જળહળતા બંદીશકારને વીજળીના કરંટે બુઝાવી દીધો એ બીજો કોઈ નહિ આપણા સૌનો પ્યારો પરેશ ભટ્ટ.

જૂનાગઢ જિલ્લાના જાંબાળા ગામે શ્રીગૌડ બ્રાહ્મણ ચુનીલાલ ર. ભટ્ટને ત્યાં માતા કમળાબહેનની કુખે પરેશનો જન્મ.

બાળપરેશ જેવો બાળમંદિરમાં જતો થાય છે ત્યાં એક સુરીલી ઘટના બને છે. રોજ નવાં નવાં બાળગીતો એના ગોઠિયાની જેમ એના ગળે વળગતાં થાય છે, સૂરની સોબત જામતી જાય છે, ત્યાં અભિનયનો રંગ લાગતાં આકાશવાણી રાજકોટ કેન્દ્ર પર બાળસભામાં ભજવાતાં નાટકોમાં પરેશના વાચિક અભિનયનો ડંકો વાગે છે. પછી તો કિશોર પરેશનો કંઠ રાજકોટની લોધાવાડાની ગરબીમાં ખરેખરો રંગ જમાવે છે.

પિતા ચુનીભાઈએ પુત્રના સંગીત-લગાવને પારખી શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ આપવા સંગીતજ્ઞ વિજયાબહેન ગાંધીને ત્યાં તેમને નિયમિત મોકલે છે.

પિતાની બદલી રાજકોટથી સુરત થતાં, પરેશ હરિપરાની સાર્વજનિક હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ૧૯૬૩થી ૧૯૬૬ એમ ચાર વર્ષ લાગલાગટ સંગીતસ્પર્ધામાં શ્રેષ્ઠસ્થાને રહેવાનું પારિતોષિક મેળવતા રહે છે.

સુરતમાં સંગીત સાથે નાટકનો નાતો પણ જળવાયો. જાણીતા દિગ્દર્શક અને નાટ્યલેખક જ્યોતિ વૈદ્ય અને રતુભાઈ પાધ્યાયનાં નાટકો 'જુગજુગનો અન્યાય', 'ટીક્ ટીક્ ટીક્', 'હું, તું, તે', 'ઘર, કબર ને સાગર' જેવાં નાટકોમાં યશસ્વી અભિનય આપતો પરેશ સુરતમાં સંગીત અને અભિનયમાં છવાતો રહ્યો.

પરેશ કૉલેજમાં આવતાં બી પી. બારિયા કૉલેજ, નવસારી દ્વારા દક્ષિણ ગુજરાત યુનિ.માં યુવક મહોત્સવમાં કર્ણ અને કચ-દેવયાનીના લાજવાબ એક પાત્રીય અભિનય રજૂ કરી પ્રથમ સ્થાને ઝળક્યો; એ જ રીતે હળવું કંઠ્ય સંગીત સ્પર્ધામાં પણ પરેશને પ્રથમ સ્થાન સિવાય કશું જ ખપતું નહોતું. ગુજરાત રાજ્ય દ્વારા યોજાતા યુવક મહોત્સવમાં પણ રાબેતા મુજબ અગ્રસ્થાને અડગ રહી ગૌરવાન્વિત થયો.

દક્ષિણ ગુજરાત યુનિ.ના ઝુઓલોજી વિષયમાં સ્નાતક થઈ એમ.એસસી. ઝુઓલોજીના અભ્યાસાર્થે અમદાવાદ આવ્યો. કલાકાર પરેશ તો અમદાવાદના જાણીતા કલાકાર જનાર્દન રાવળ, ઈમુ દેસાઈ, તબલા વાદક મુનિ રાવળ, લક્ષ્મણ વાઘેલા સાથે એના સ્વભાવ પ્રમાણે એક જ બેઠકે પ્રેમીજન બની બેઠો. થોડા સમયમાં તો વડીલ અને મોટેરા કલાકારો પાસેથી માર્ગદર્શન અને પ્રોત્સાહન મેળવતો થઈ ગયો.

અમદાવાદમાં એલિસ બ્રિજ વિસ્તારના યુવક મહોત્સવમાં જગજિતસિંહની જાણીતી સ્વરરચના 'કૈસે બીતી રતિયા તું ક્યા જાને મેરે મનકી બતિયા', આમ તો આ બંદીશ થોડી અટપટી ગણાય પણ પરેશે પૂરજોશમાં તૈયાર કરી રજૂ કરી. અમદાવાદમાં ટાઉન હૉલમાં પરેશ પરેશ થઈને છવાઈ ગયો. બીજે વર્ષે પણ ચિત્રાસિંહે ગાયેલી જગજિતસિંઘની બંદીશ 'વો જો હમમેં તુમમેં કરાર થા' આ ગઝલને પરેશ અકબંધ ગટગટાવી ગયેલો અને મધુરમાદક સ્વરે ટાઉન હૉલમાં રજૂ થતાં જ ચારે બાજુથી 'વાહ વાહ ક્યા બાત હૈ, બહોત અચ્છે'ની ધોધમાર દાદ વરસી ગઈ. હવે તો પરેશ અમદાવાદનો હોય એટલો સૌનો પ્રિય થઈ પડ્યો.

ભવન્સ કૉલેજ સંચાલિત સુગમ સંગીતના વર્ગમાં જોડાયો. રાસબિહારી દેસાઈનો એ નમ્રતા, નિયમિતતા અને સ્વરનિષ્ઠાથી વહાલો વહાલો થઈ પડ્યો. સૌ કલાકારો સાથે પણ સંવાદી સૂર જેમ હળીમળી ગયો અને સૂર અને સ્વભાવની સુવાસ પાથરી ફરી એમ.એસસી.નો અભ્યાસ પૂરો થતાં સુરત પહોંચી ગયો. સુરતમાં 'સમાજ શિક્ષણ સમિતિ'ના ઉપક્રમે સુરતના નવોદિત કલાકારોને ગીત અને ભજન સમૂહગાન અને વ્યક્તિગત ગાનનું શિસ્તબદ્ધ, સ્વરબદ્ધ, તાલબદ્ધ તાલીમ આપતો રહ્યો.

૧૯૭૩માં રાજ્યભરના યુવક મહોત્સવમાં આ કલાકારે વ્યવસ્થિત તૈયારી સાથે સમૂહગાન રજૂ કરતાં પ્રથમ સ્થાન મેળવવા ભાગ્યશાળી બન્યો. આ પ્રસંગથી કલાકારો ખૂબ ખૂબ પ્રોત્સાહિત થયા. સુરતમાં સુગમ સંગીતનું હવામાન જામતું થયું.

આ અરસામાં આકાશવાણી-અમદાવાદ-વડોદરાની સ્વર પરીક્ષામાં પરેશ ઉત્તમ કલાકારની નોંધ સાથે માનભેર માન્ય કલાકાર થયો. આકાશવાણી પર અવારનવાર કાર્યક્રમો રજૂ કરી ઉત્તરોત્તર ઉત્તમ કલાકારનું નામ અને માન મેળવતો રહ્યો.

હવે તો કલાકાર પરેશમાં સ્વરકાર પરેશનો પ્રવેશ થતાં નિત નવી નવી ગીતરચનાઓ કવિમિત્રો પાસે મેળવી એનું ભાવ સાથે આકંઠ પાન કરી ગીતના મિજાજને પારખી પિછાણી સ્વરસિંચન કરવા લાગ્યો અને એક એકથી ચડિયાતી બંદીશો થવા લાગી.

સુરતમાં સુગમ સંગીતનું વૃન્દ શરૂ કર્યું જેમાં રવીન્દ્ર ડે, મહેન્દ્ર ચાવડા, ગની દહીંવાળા, મનહર ચોકસી જેવા સૂરશાહના રસિકજનો સમક્ષ તાજીમાજી સ્વરરચનાઓ પરેશ પીરસતો રહ્યો.

અમદાવાદમાં શ્રુતિ સંચાલિત 'શ્રવણ માધુર' કાર્યક્રમમાં પરેશ એની સ્વરરચનાઓની ઝીણા ઝીણા સ્વરનકશીકામ ભાવનું ભરતકામ શ્રોતાઓને સમજાવી ગીતોની રસદાર રજૂઆત કરી આથી સુજ્ઞ શ્રોતાઓએ ધોધમાર તાળીઓથી પરેશને વધાવ્યો.

થોડા વખતમાં પરેશ રાજકોટ મુકામે આકાશવાણી ટ્રાન્સમિશન એક્ઝ્યુકેટિવ તરીકે નિમાયો. ત્યારે યુવવાણી કાર્યક્રમમાં કવિ રમેશ પારેખને આમંત્રી ધોરણ ૧૨માં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકની એમની રચનાનું ભાવવાહી પઠન કરાવ્યું. 'ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે અમને ફૂલ દીધાનું યાદ' આ કાવ્યરચનાને ગીતમાં-સ્વરમાં ઢાળી ન શકાય કેમ કે આ તો કટાવનાં નાનાં નાનાં આવર્તનોમાં ગૂંથાએલી રચના છે તો શી રીતે સ્વરબદ્ધ થાય આટલી સમજૂતી કવિ રમેશ પારેખે આપી છતાં પડકારને ઝીલનારા પરેશે એની બંદીશ કરી. બ્રોડકાસ્ટ થતાં જ રમેશ પારેખ સાંભળીને ઝુમી ઊઠ્યા હતા. આ ગીતમાં નાયક-નાયિકાના પ્રસન્ન અતિતની સ્મૃતિ અને આજની પ્રસન્ન સ્મૃતિનો સમન્વય સૂરથી સાધી બંદીશમાં સ્નેહભાવને બળકટ બનાવ્યો છે.

હવે તો પરેશ અને સૂર એકબીજાને રેઢા મેલે એ બીજા. પરેશનો ધીમે ધીમે સૂર-સ્વભાવ બની ગયો. પરેશ વડોદરામાં આવ્યો તો સૂરનું વર્તુળ વાવ્યું. કિરણ શુક્લ, કૃષ્ણકાન્ત ગોસ્વામી, લક્ષ્મણ વાઘેલા, વિક્રમ પાટિલ, દક્ષેશ મૃગાંગ મજમુદાર એમ સંગીતના સોબતીઓ ભેળા મળી ગીતાંજલિ ગ્રૂપ કર્યું. આ ગ્રૂપનો એક રસાળ કાર્યક્રમ યોજાતાં ફિલ્મજગતની જાણીતી હસ્તીઓ કલ્યાણજી આણંદજી, ઉષા ખન્ના, કવિ ઇન્દીવરજી સાથે પુરુષોત્તમ ઉપાધ્યાય પણ ખરા. કાર્યક્રમમાં 'હો બરખાકી ઋતુ આઈ ઋતુ આઈ સજનવા હો હો ઋતુ આઈ.' આ બંદીશ મૂળ પુરુષોત્તમ ઉપાધ્યાયની પણ પરેશે એને જાનથી અને ધ્યાનથી તરાના અને સરગમની, શબ્દ અને સૂરની કરામત કરી કમાલ કરી હતી. આમંત્રિતો આ ગીતથી આફરીન થઈ ગયા. ખુદ પુરુષોત્તમ ઉપાધ્યાય આમ તો કડક સ્વભાવના હોઈ આવો સ્વરક્ષેપ ચલાવે નહિ પણ ભાવવિભોર થઈ પરેશના માથામાં હાથ પસવારી કહ્યું : 'પરેશ તેં તો મારા રૂપિયાને સવા રૂપિયો કરી રજૂ કર્યો.' કલ્યાણજી આણંદજીએ કલાકારોને મુંબઈ કાર્યક્રમ ગોઠવવાનું આમંત્રણ આપ્યું. આ પ્રસંગથી પરેશ ખૂબ પોરસાયો.

૧૯૭૯માં ગુજરાત રાજ્ય અકાદમી દ્વારા યોજાયેલી સુગમ સંગીત શિબિરની સંચાલનની જવાબદારી રાસબિહારી દેસાઈને સોંપવામાં આવી. પરેશ આ શિબિરમાં અવનવી બંદીશોની પૂરી તૈયારી સાથે સૂરસજ્જ થઈને સામેલ થયો. આ શિબિરમાં જોડાયેલા કલાકારોને પોતાની બંદીશ શીખવતાં એ કલાકારો પાસેથી શિસ્તબદ્ધ ટટ્ટાર બેઠક સાથે ધ્યાનપૂર્વક બંદીશ સાંભળી ભાવપૂર્ણ ગાનનો આગ્રહ રાખી શીખવતો ગયો. રમેશ પારેખ કૃત 'હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા.' બાળગીત હોઈ બાળકોની મસ્તીને માફક માર્ચિંગ રીધમમાં આ બંદીશ શીખવતાં, સૌ યુવાન કલાકાર બાળસહજ ભાવમસ્તીમાં ગુલતાન થઈ લહેરથી ગાવા લાગ્યા. નારગોલમાં યોજાએલી સુગમ સંગીત શિબિરમાં 'એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી હું', 'વાત વાતમાં વ્હાલમ્ વાદળ ઓઢાડીને છૂ' આ ગીતના અંતરાના છૂ, પૂ શબ્દોના ભાવને કમાલ સ્વરથી તાદશ્ય કર્યો ને સૌ કલાકારોએ એ જ ભાવને મઝાથી સૂરમાં રજૂ કર્યો. ખરી મઝા તો ગીતની છેવટની પંક્તિમાં આવી : 'મેં કહ્યું રોકાઈ જા!' પણ એ કહે 'ઊહું' આ ઊહું મૈડ એના વિશાળ ખભાઓ ઉછાળીને સૂરમાં જબરો વ્યક્ત થયો. કલાકારોએ આ ઊંહુંનો ભાવ પણ સાભિનય સૂરીલો રજૂ કર્યો.

પછી તો વરસોવરસ આવી શિબિરોમાં રાસબિહારી દેસાઈ, ક્ષેમુ દીવેટિયા જેવા વડીલો સાથે પરેશની ઉપસ્થિતિનો ક્રમ જળવાયો. પરેશ આવે એટલે સાથે અવનવી પ્રયોગલક્ષી તાજી માજી સ્વરરચનાઓ લઈને જ આવે, હોંશભેર સૌને શીખવે. એનો એની બંદીશો જેવો સુરીલો સ્વભાવ પણ સૌને ખૂબ ફાવતો અને ભાવતો. અવારનવાર યુનિ. કક્ષાના અને રાજ્યકક્ષાના યુવક મહોત્સવોમાં સુસજ્જ નિર્ણાયક તરીકે આવતો.

૧૯૮૦માં સયાજી વિશ્વવિદ્યાલયની સ્કૂલ ઓફ મ્યુઝિકમાં 'શાસ્ત્રીય ગાન' વિભાગમાં પ્રથમ વર્ગ સાથે ડિપ્લોમા મેળવ્યો.

૧૯૮૧માં રાજકોટ મુકામે પ્રોગ્રામ એક્ઝ્યુકેટિવ થતાં 'આપણો ઘડિક સંગ' જેવા શૈક્ષણિક પ્રાણવાન પ્રોગ્રામો રજૂ કરી સારી લોકચાહના મેળવી. એના સ્વભાવ પ્રમાણે રાજકોટમાં પુરુષોત્તમ ઉપાધ્યાયના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય રાખી 'સ્વર માધુરી' ગ્રૂપ શરૂ કર્યું. અનંત વ્યાસ, ધીરુભાઈ દવે, અનિલ

ખંભાયતા અને દિનુભાઈ જેવા કલાકાર સાથે એકએકથી ચડે એવા કાર્યક્રમો રજૂ કરતો રહ્યો. ઈમુ દેસાઈના સંગીત નિર્દેશનવાળી ફિલ્મ 'ખાંડાનો ખેલ'માં પરેશ પાર્શ્વગાયક તરીકે ઝળક્યો.

હવે તો પરેશ એક જ કામમાં લાગી ગયો - જુદાં જુદાં જાનદાર ગીતોને શાનદાર સ્વરથી સજાવી કાનદાર બનાવવાં.

રાજેન્દ્ર શુક્લની રચના 'એવી ચોપાટું મંડાણી ચંદન ચૉકમાં', એક તો મધમીઠી ગીતરચના અને એમાં સાકરિયા સૂરો મેળવી ભેળવી ગજબની સ્વાદિષ્ટ કરી દીધી. એ દરેક પંક્તિના છેડે આવતા 'હો-હો'ના લ્હેકાએ કંઈ ઔર શોભા વધારી દીધી.

૧૯૮૩માં રાજકોટ આકાશવાણી દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં 'ઉમાશંકર જોશી સાથે એક સાંજ' એમાં 'આમાર જીવન ઇ આમાર બાની' આ બંગાળી રચનાને ઉમાશંકર જોશીએ 'મારું જીવન એ જ મારી વાણી' એવી ભાવાનુવાદિત કરેલી રચનાને પરેશ ભટ્ટે સ્વરરચના માટે આ પડકાર રૂપ ગીતના એક એક ભાવને અનુરૂપ સ્વરમાં સજી પોતાના બુલંદી અવાજે રજૂ કરી, સમગ્ર સભા સાંભળી મંત્રમુગ્ધ થઈ ગઈ. ખુદ કવિ ઉમાશંકર જોશી એટલા ભાવવિભોર થઈ બોલ્યા કે, 'આ સાંજનો કાર્યક્રમ ભલે મારો હતો પણ સાંજ તો પરેશની હતી.' સાહિત્યકાર મનુભાઈ પંચોળી અને રઘુવીર ચૌધરીએ આથી પ્રભાવિત થઈ પરેશને પ્રેમથી બિરદાવ્યો.

પરેશની ધ્યાનાકર્ષક સ્વરરચના તો રાજેન્દ્ર શુક્લની ગઝલ 'હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક.' આ ભજનરંગી ગઝલની વિશેષતા એ છે કે ચાર વર્ષ સુધી શબ્દ અને સૂરનું કામ ચાલ્યું અને એમાં રજૂ થયેલા નરસિંહ, મીરાં, તુલસી, નાનક, ચૈતન્ય અને મનસૂર જેવા મહાન સંતોને કવિએ શબ્દ દ્વારા કવ્યા અને સાક્ષાત્કાર કરાવ્યો તો સ્વરકાર પરેશે દરેક સંતના પ્રદેશના લોકસંગીતની લહેરોથી સજાવી ચમત્કાર સર્જ્યો. સૌરાષ્ટ્રના લોક- ભજન પ્રભાતીથી ઊઘડતી આ રચના, મુલ્લાની બાંગમાં પોકારાતી આ સ્વરરચના છ ધામની પરકમ્મા કરી પ્રભાતીમાં ભળે છે. પરેશ સોનાની રચનામાં સૂરની સુગંધ રેલાવે છે.

'માતા ભવાની દુર્ગે સબ દુઃખ તારિણી,
નામ સુમિર મન જય ભવાની! જય ભવાની!'

આ સ્તુતિના શબ્દ અને સ્વર બેઉ પરેશના. આ રચનાને ૧૭ માત્રાની સવારીથી સજાવી છે તે એની આગવી સિદ્ધિ બની રહે છે. ભાવથી ભરપૂર એવા સ્વરોથી આ સ્તુતિને ગૂંથી છે કે કોઈ શબ્દ કહેવાને બદલે સ્તબ્ધ થઈ આસ્વાદવા જેવી છે.

'જોગી ચલો ગેબને ગામ, સમય પોતે છે પ્રશ્નવિરામ,
સમયનું ક્યાં છે પૂર્ણવિરામ?'

કેરવામાં આ ચાલતી રચના જોગીની ગતિને પોષક બને છે. શબ્દો પણ સ્વરની સાથે ચાલી સુસંવાદિતા સાધે છે.

આ સિવાયની પણ અન્ય રચનાઓ 'હળ્યામળ્યાના હરખશોકને', 'મારી છાતીમાં ઊગેલો કુંવારો છોડ', 'જાણીબૂઝીને તમે અળગા ચાલ્યા', અને પ્રહ્લાદ પારેખની 'આપણે ભરોસે આપણ ચાલીએ' જેવી ગીતરચનાઓના ભાવને પરેશ ગટગટાવી ગયો છે અને એ સઘળા ભાવથી રોમાંચિત થઈ સૌ ભાવને સ્વરથી ચક્ચક્તિ કરી સૌને આશ્ચર્યચક્તિ કર્યા છે! આવો સ્વરકાર પરેશ 'જોગી ચાલો ગેબને ગામ' ગાતો ગાતો ઊપડી ગયો! □

અનુસંધાન] સ્થિર નદી, સરતાં નીર [પૃ. ૪૬૮થી

રસ્તાની એક તરફની દુકાનોમાં હું અંદર-બહાર કરતી રહી. બહાર ઠંડીનું પ્રમાણ માઈનસ છ સેન્ટિગ્રેડ હતું. ભીડ હતી છતાં અંદર ગરમી હોઈ સારું લાગતું હતું. એક દુકાનમાંથી મેં ખૂબ મોટો, ચીનની દીવાલ ચિતરેલો, 'ફોલ્ડ' થાય તેવો હાથ-પંખો ખરીદ્યો. બીજીમાંથી ખૂબ સરસ વિશિષ્ટ કાતરકામ - ખરેખર તો બ્લેડકામના નમૂના લીધા. આખરે મને થયું કે હવે પાછાં જવું જોઈએ. ઠંડી તો હતી જ, ને અંધારું પણ થવામાં આવ્યું હતું. રસ્તાના એક ખૂણા પર કેટલીક સાયકલ-રિક્ષાઓ હતી. મને થયું ટૅક્સીને બદલે એ જ લઉં. એક ઘરડો માણસ હસતો હસતો કંઈક બબડી રહ્યો હતો, ટ્રાફિક તરફ ઘાંટા પાડી રહ્યો હતો. એ મને પાછલી ગલીઓ - 'હુતૉન્ગ' - પર લઈ ચાલ્યો. એક પણ મોટર ન હતી ત્યાં. બારણાંવાળી દીવાલો, નાનાં આંગણને ફરતે રહેવાસ-ખંડો. બધાં મારી સામે જોતાં હતાં. ઘણાં મારા સ્મિતનો જવાબ વાળતાં હતાં. મને થાય, હું એમનાંમાંની જ હતી.

ક્યાંક મોટા પરોઠા જેવી વાનગી તળાતી હતી. કેટલાંક જણ પંખીનાં પાંજરાં લઈ ટહેલવા નીકળ્યાં હતાં. ઑફિસો, હોટેલો, નાટ્યગૃહ, દુકાનો - સાવ નવાં, ખૂબ મોટાં વિન્યાસો, પણ સાવ નિરપેક્ષ. સદ્‌ભાગ્યે રસપ્રદ, ને 'રિઅલ', બેજિન્ગ પણ જોવા મળતું હતું. ફૂલોનો ગુચ્છ લઈને સાઇકલ પર ઘર તરફ જતી યુવતી કેવી ગમી હતી. ને એક પહોળી ફૂટપાથ પર, વાળ કાપવાની ખુલ્લી દુકાનો જમાવીને બેઠેલાં સ્ત્રી-પુરુષો? બધી જ જરૂરી ચીજવસ્તુઓ હાજર હતી - કાપવાની કુશળતા, ખુરશીઓ, કાતરો, પડેલા વાળ જમીન પરથી સાફ કરવા માટે સાવરણી. જરૂરી બધું જ - ફક્ત અરીસા જ નહીં! □

वक्रतुंड महाकाय सूर्यकोटि समप्रभ।
निर्विघ्नं कुरुमे देव सर्वकार्येषु सर्वदा॥

ગણેશ
પુરાણકાલ

ડૉ. રા. ઠા. સાવલિયા

ભારતીય પરંપરામાં પ્રાચીન કાલથી ગણેશને એક વિઘ્નહર્તા અને મંગલકારી દેવ તરીકે પૂજવામાં આવ્યા છે. ગણેશ એક પ્રાચીન દ્રવિડ સંસ્કૃતિના દેવ છે. દરેક શુભ કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા જેનું પ્રથમ સ્મરણ-પૂજન થાય છે તે ગણપતિ બીજા દેવોને મુકાબલે હિંદુ સમાજમાં અનોખું સ્થાન ધરાવે છે. 'ગણ' શબ્દનો સામાન્ય અર્થ 'સ્વામી' થાય છે. ગણ એટલે શિવના ગણોના વડા. પૌરાણિક કાળમાં હાલના ગણપતિનું સ્વરૂપ અને વિભાવનાનો ખ્યાલ મળે છે.

શરૂઆતમાં આ દેવને વિઘ્નકર્તા દેવ ગણી લોકો તેમનાથી ભય પામી તેની પૂજા કરતા. સમય જતાં ગણેશ વિઘ્નહર્તા દેવ બન્યા અને વિઘ્નેશ્વર તરીકે ઓળખાયા. લિંગપુરાણમાં વિઘ્નેશ્વરની ઉત્પત્તિની કથા છે. શિવે પોતાની શક્તિના એક અંશથી પાર્વતીની કુખે સુંદર પુત્ર ઉત્પન્ન કર્યો. શિવે તેનું નામ વિઘ્નેશ્વર રાખ્યું અને તેને સૂચના આપવામાં આવી કે અસુરો અને રાક્ષસો તથા બીજા દુષ્ટ લોકો જે યજ્ઞો કે સેવાકાર્ય કરતા હોય તેમાં અંતરાય નાખવા. પરંતુ દેવો અને બીજી વ્યક્તિઓ આવાં કાર્યો કરતાં હોય તો તેમને મદદરૂપ થવું. શિવે ઉત્પન્ન કરેલા વિઘ્નેશ્વરે પોતાનું કાર્ય શરૂ કર્યું અને હિંદુ પૂજકો અને ભક્તો પ્રત્યેની ફરજ અદા કરવા માંડી.

મત્સ્યપુરાણ, સ્કન્દપુરાણ અને વરાહપુરાણમાં વિઘ્નેશ્વરની ઉત્પત્તિ આ પ્રમાણે જણાવી છે. દેવોની વિનંતીથી શિવે પોતાના દૈવી અંશથી એક યુવક ઉત્પન્ન કર્યો. તેના સૌન્દર્યથી સ્વર્ગની અપ્સરાઓ પણ તેના તરફ આકર્ષાતી હતી. તેથી ઉમાએ ગુસ્સે થઈને શાપ આપ્યો કે, 'તું તારા સૌંદર્યથી મારી દૃષ્ટિને ખેંચી નહિ શકે માટે તું ગજમુખવાળો અને દુંદાળો થા અને તે રીતે તારૂં તમામ સૌંદર્ય નાશ પામશે.' શિવે તેના પુત્રને કહ્યું, 'તું શિવના પુત્રને નામે તેમ જ ગણેશ, વિનાયક, વિઘ્નરાજના નામે જાણીતો થઈશ. તું વિનાયક અને ગણોનો સરદાર બનીશ. યજ્ઞોમાં અને બધાં કાર્યોમાં દેવો તારી પ્રતિષ્ઠા કરશે. આથી દરેક સારા કાર્યમાં તારી પૂજા સૌપ્રથમ થશે. જેઓ તારી પ્રાર્થના કર્યા વગર પોતાનું શુભ કામ કરશે તેઓ નિષ્ફળ જશે.

ઐતરેય બ્રાહ્મણ (૧.૧૧)માં ગણપતિને બ્રહ્મા, બ્રહ્મણસ્પતિ કે બૃહસ્પતિ તરીકે ઓળખાવ્યા છે. ગણોના નાયક ગણપતિનું નામ બ્રહ્મણસ્પતિ હતું. તે ધીરે ધીરે જ્ઞાન અને પછી બ્રહ્મ તરીકે જાણીતા થયા અને તે જ વેદ તરીકે ઓળખાયા.

એમ કહેવાય છે કે, વ્યાસે મહાભારતની રચના ગણેશની મદદથી કરેલી અને ગણેશે પોતાના દંતશૂળની મદદથી લખ્યું.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં જણાવ્યું છે કે, ગણેશ પોતે માનવ આકારમાં કૃષ્ણ હતા. તે જ્યારે બાળક હતા ત્યારે શનિ તેની પાસે ગયા. પરિણામે બાળકનું મસ્તક જુદું થયું અને ગૌલોકમાં ગયું. ઐરાવતનું બચ્ચું જંગલમાં હતું, તેનું મસ્તક કાપીને આ બાળકના શરીર ઉપર લગાવવામાં આવ્યું.

આ ઉપરથી જોઈ શકાય છે કે, ગણેશ તે જ વિઘ્નેશ્વર કે જે માત્ર શિવથી, માત્ર પાર્વતીથી કે શિવ અને પાર્વતીથી જન્મ્યા. તે તેના બીજા સ્વરૂપે કૃષ્ણ તે પરબ્રહ્મ, બ્રહ્મણસ્પતિ કે બૃહસ્પતિના નામે પણ ઓળખાયા. આ રીતે વિઘ્નેશ્વરની ઉત્પત્તિ વિશે જુદી જુદી કથાઓ પ્રચલિત છે.

હાલમાં વિઘ્નેશ દેવ છે અને હિંદુઓ તેની પૂજા પોતાના યજ્ઞો કે ધાર્મિક વિધિઓ શરૂ કરતાં પહેલાં કરે છે. કોઈ પણ જાતનું લખાણ કરતાં પહેલાં અથવા દુન્યવી કાર્યોમાં પણ તેની પૂજા કરવામાં આવે છે.

વિઘ્નેશ્વર જુદાં જુદાં નામોથી જાણીતા છે. ગણપતિ, એકદન્ત, હેરમ્બ, લંબોદર, શૂર્પકર્ણ, ગજાનન અને ગુહાગ્રજ. આ દેવનાં કેટલાંક નામોની સમજૂતી આ પ્રમાણે આપવામાં આવે છે : ગણપતિમાંનો ग ડહાપણ અને ण મોક્ષનું સૂચક છે અને તે ગણેશ પરબ્રહ્મ છે. એકદન્તમાંનો एक શબ્દ સર્વશક્તિમાન માટે અને दन्त શક્તિસૂચક છે. વિષ્ણુ અને શિવે અર્પણ કરેલો ખોરાક કે મોદક ખાઈ ખાઈને ગણેશનું પેટ મોટું થયું છે માટે તે લંબોદરને નામે ઓળખાય છે. ગજાનનના બંને કાન આગળપાછળ હાલ્યા કરે છે, તેથી તે ભક્તોના અંતરાયો દૂર કરે છે, તેના સૂચક છે, વળી તે ડહાપણના સૂચક છે. તે સારા માર્ગ ઉપર દોરે છે માટે વિનાયક કહેવાય છે. વિઘ્નેશ્વરનાં મંદિરો ઘણાં જોવા મળે છે. નાનાં નાનાં ગામડાંમાં મંદિરમાં કે પીપળાના ઝાડ નીચે, શિવમંદિરના પ્રવેશની જમણી બાજુએ વગેરે સ્થાનોમાં વિઘ્નેશ્વરની મૂર્તિ મૂકેલી જોવા મળે છે.

ગણપતિની મૂર્તિ સામાન્ય રીતે બેઠેલી કે ઊભેલી હોય છે. ગણપતિની બેઠેલી મૂર્તિઓમાં વિવિધતા જોવા મળે છે. ક્યારેક તેઓ પદ્માસનમાં કે ઉંદર ઉપર કે સિંહ ઉપર બેઠેલા હોય છે. સામાન્ય રીતે તેનો ડાબો પગ વાળેલો અને જમણો પગ ઊંચો

(અનુસંધાન પૃ. ૪૭૬ ઉપર)

(ધરતીનો છેડો ઘર)

ભોજન-કક્ષ

• હેમન્ત વાળા •



હવા, પાણી અને ખોરાક એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. આવાસની રચનામાં હવાની મુક્ત આવન-જાવન મહત્ત્વની છે અને તે માટે યોગ્ય દિશામાં યોગ્ય પ્રમાણમાપવાળાં બારી, બારણાં તથા વેન્ટિલેટર પ્રયોજાય તે જરૂરી છે. તેવી જ રીતે આવાસમાં પાણીના પુરવઠાની જાળવણી પણ જરૂરી છે. પહેલાંના સમયમાં જ્યારે આવાસની અંદર કૂવો બનાવીને કે આવાસ નીચે વરસાદના પાણીના સંગ્રહ માટેનાં ટાકાં બનાવીને પાણીનો પુરવઠો જળવાતો ત્યારે આવાસની રચના પર આની ચોક્કસ અસર રહેતી. સાંપ્રત સમયમાં પાણી-પુરવઠાની જવાબદારી સ્થાનિક સત્તામંડળની હોવાથી આવાસની રચનામાં તે પરિબળ ગૌણ બની રહે છે. તે સિવાય આવાસમાં ગંદા પાણીના તથા વરૂસાદના પાણીના નિકાલની અસરકારક વ્યવસ્થા જરૂરી બને છે. વળી, આવાસમાં પાણીના એક સ્વરૂપ - ભેજ - નો પ્રવેશ પણ સ્વાસ્થ્યનાં કારણોસર અટકાવવો પડે છે.

માનવીની ત્રીજી પ્રાથમિક જરૂરિયાત - ખોરાક - આવાસની રચનામાં ત્રણ રીતે અસર કરે છે : ખોરાક રાંધવાના સ્થાન તરીકે રસોડાની રચનાથી, ખોરાક સંગ્રહ કરવાની વિવિધ તરકીબો તથા તે માટેનાં ઉપકરણોના સમાવેશની વ્યવસ્થાથી તથા ખોરાક લેવાના સ્થાન તરીકે ભોજન-કક્ષની રચનાથી. આમાંના ખોરાક રાંધવાના સ્થાન તરીકે રસોડાની ચર્ચા આપણે કરી ચૂક્યા છીએ. આ લેખમાં આપણે ભોજન-કક્ષ પર વાત કરીશું.

પરંપરાગત આવાસમાં અલાયદા ભોજનકક્ષની વ્યવસ્થા ન હતી પણ રસોડાના એક ભાગ કે તેની બહારની પરશાળ અથવા ચૉકનો ભોજન-સ્થાન તરીકે ઉપયોગ કરાતો. આવી જગ્યાઓ સ્વાભાવિક રીતે અન્ય સમયે બીજા ઉપયોગમાં લેવાતી. ભોજન કરવા માટે કોઈ સ્થાયી રાચરચીલાંની જરૂરિયાત ન હોવાને કારણે તે શક્ય બનતું. આધુનિક્તાની અસર હેઠળ માનવીની જીવન-શૈલી બદલાતાં ઓછા સમયમાં ઓછી સગવડ તથા ઓછા શારીરિક શ્રમથી તૈયાર સામગ્રીમાંથી રસોઈ બનાવવા જેમ ઊભા પ્લૅટફૉર્મની સ્વીકૃતિ વધતી ગઈ તેમ ભોજન લેવા માટે પણ જમીન પર બેસવાની પદ્ધતિને લોકોએ તિલાંજલી આપી અને આવાસમાં ડાઇનિંગ ટેબલ તથા ડાઇનિંગ ખુરશીનો સમાવેશ જરૂરી બન્યો. વળી, ભોજન કરવા માટેનું આ રાચરચીલું કાયમી તથા સ્થાયી હતું તેથી તેના સમાવેશ માટે ચોક્કસ જગ્યા નિર્ધારિત કરાઈ અને આવાસમાં ભોજન-કક્ષ નામનો અલાયદો ઓરડો જરૂરી બન્યો.


દિવસના ૨૪ કલાકમાંથી જમવા તથા ચા-નાસ્તા માટે આશરે ૨ કલાક જોઈએ તેથી બાકીના સમય માટે ભોજન-કક્ષ નિરુપયોગી બની રહે. આવા મર્યાદિત ઉપયોગ માટે અલાયદો ઓરડો ફાળવી રાખવો આજના આર્થિક માહોલમાં કોઈને ન પોષાય તેથી ભોજન-કક્ષનો ઉપયોગ ફૅમિલિ રૂમ તરીકે પણ કરવો જ રહ્યો. પરિણામે ભોજન-કક્ષ માત્ર ભોજન-કક્ષ ન રહેતાં ટીવી જોવા માટેનું, નજીકના અંગત મહેમાનોને સત્કારવાનું તથા નવરાશના સમયે કુટુંબનાં સભ્યો સાથે સમય ગાળવાનું સ્થાન બન્યું. ઘણી વાર ડાઇનિંગ ટેબલનો ઉપયોગ અભ્યાસ કરવા તેમજ પત્તાં જેવી રમત રમવા પણ થવા માંડ્યો. ખોરાક અન્ય લોકોની નજરે ન ચડવો જોઈએ તે વિચાર-સરણી પણ લુપ્ત થઈ. પરિણામે પહેલાં ભોજન લેવાની પ્રક્રિયા જે પ્રમાણમાં ગોપનીય ગણાતી તેને દીવાનખંડ સુધી બહાર લાવવામાં લોકોને અજુગતું ના લાગ્યું એમ થવાથી ડાઇનિંગ ટેબલ તથા ડાઇનિંગ ચૅર દીવાનખંડનું રાચરચીલું તો બન્યું જ પણ સાથે સાથે કેટલાંક વાસણો તથા તેનાં કબાટ તથા ભોજનને સંલગ્ન વસ્તુઓ તથા રાચરચીલાં દીવાનખંડમાં આવ્યાં. ક્યારેક તો હાથ ધોવા માટેનું વૉશ-બેઝીન પણ દીવાનખંડ સુધી આવી પહોંચ્યું. જોકે તે પછી પણ જરૂર પડે ત્યારે ભોજન-કક્ષની ગોપનીયતા માટે હંગામી પાર્ટિશન મૂકી શકાય તેવી ગોઠવણ કરાતી. પણ હકીકત એ જ રહી કે હવે ભોજન કરતાં પહેલાં ખોરાક

અગ્નિને સમર્પણ કરવાનાં પ્રાણી માટે કોળિયો અલગ રાખવાના કે ખોરાકને પાણીથી અર્ધ્ય આપવાનો રિવાજ લુપ્ત થયો તથા દીવાન-ખંડ અને ભોજન-કક્ષનું સગપણ યથાર્થ લેખાયું.

વાસ્તુ-શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે રસોડું અગ્નિખૂણામાં હોવું જોઈએ અને રાંધનાર વ્યક્તિ રાંધતી વખતે પૂર્વાભિમુખ હોવી જોઈએ. આમ હોવા પાછળનાં બે વ્યવહારુ કારણો દેખાય છે. એક, નૈર્ઋત્ય કે પશ્ચિમ તરફથી આવતા પવનો રસોડામાં થઈને સમગ્ર આવાસમાં ન પ્રવેશે તે, કારણ કે રસોડું અગ્નિ ખૂણામાં રાખવાથી તે દિશાનો રસોડામાં પ્રવેશેલો પવન સીધો બહાર નીકળી જાય અને આવાસમાં રસોડામાંની ગરમી કે વાસ ન પ્રસરે. અને બીજું જ્યારે પવન નૈર્ઋત્ય કે પશ્ચિમ દિશામાંથી આવતો હોય ત્યારે પૂર્વાભિમુખ વ્યક્તિના ચહેરા પર અકસ્માતે પણ અગ્નિની ઝાળ ન લાગે. આમ અહીંના મોસમી પવનોના ક્ષેત્રમાં જ્યારે વર્ષના મોટા ભાગના ગાળામાં પવન નૈર્ઋત્ય કે પશ્ચિમ દિશામાંથી આવતો હોય ત્યારે આ યોગ્ય ગણાય. વળી, વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે ભોજન-કક્ષ પશ્ચિમે હોવું જોઈએ, કદાચ તે કારણથી કે ત્યાં કુદરતી હવા-ઉજાસ યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહે. પરંતુ તેમ કરવાથી રસોડું તથા ભોજનકક્ષ દૂર પડી જાય છે. જ્યારે પરંપરાગત આવાસમાં તો રસોડું તથા ભોજન-સ્થાન નજીક તો હતાં જ સાથે સાથે અર્વાચીન આવાસમાં પણ બન્ને નજીક હોય તે જરૂરી છે. જ્યારે ભોજન-કક્ષ રસોડાથી દૂર તથા વધુ ઔપચારિક હોય ત્યારે રસોડાની અંદર બીજું નાનું કાયમી કે હંગામી ડાઇનિંગ ટેબલ રાખવું પડે છે.


ભોજન-કક્ષની રચના જે તે કુટુંબની ભોજન-શૈલી પ્રમાણે કરાય છે. કેટલાંક કુટુંબોમાં ઔપચારિક ધોરણે સમૂહમાં ભોજન કરાતું હોય છે, તેવા સંજોગોમાં કુટુંબનાં તમામ સભ્યો સાથે પણ ચોક્કસ શ્રેણીક્રમિકમાં બેસીને ભોજન કરી શકે તેવી વ્યવસ્થા જરૂરી બને. અનૌપચારિક શૈલીમાં છૂટછાટો તથા થોડી અગવડને પણ અવકાશ હોય છે. તેમાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સ્થાને બેસી શકે છે. અન્ય વર્ગીકરણમાં ભોજન-કક્ષના ત્રણ પ્રકાર જણાવી શકાય : એક પરંપરાગત ભોજન-કક્ષ કે જેમાં નીચે પાટલા કે બાજોઠ પર બેસીને ઘૂંટણિયાના ટેકે પગ ટેકવી ભોજન કરાય છે. બીજા પ્રકારમાં માત્ર ટેબલ હોય છે, જેના પર ભોજન તથા વાસણો રખાય છે અને ઘરની વ્યક્તિઓ જરૂરિયાત મુજબ ભોજન પોતાની થાળીમાં લઈ જે તે સ્થાને ગોઠવાઈને જમે છે. ત્રીજા પ્રકારના ભોજન-કક્ષમાં ટેબલની ચારે તરફ બેસીને વચ્ચે રાખેલી વાનગીઓ જાતે લઈને અથવા કોઈ વ્યક્તિ દ્વારા પીરસાતી વાનગીઓ જમાય છે. આજકાલ આ ત્રીજા પ્રકારની વ્યવસ્થા વધુ પ્રચલિત છે.

ભોજન-કક્ષનાં રાચરચીલાંમાં ડાઇનિંગ ટેબલ તથા ડાઇનિંગ ખુરશી મુખ્ય છે. ચાર વ્યક્તિ માટેનું ટેબલ ચોરસ, લંબચોરસ,



લંબગોળ કે ગોળ હોઈ શકે છે. છ વ્યક્તિ માટે લંબચોરસ, લંબગોળ કે ગોળ ડાઇનિંગ ટેબલ બનાવાય. જ્યારે છ થી વધુ વ્યક્તિ માટે ગોળ કે ચોરસ ડાઇનિંગ ટેબલ વધુ ઇચ્છનીય નથી. જો તેમ કરવામાં આવે તો ટેબલનું માપ વધી જાય છે અને તેના વચ્ચેના ભાગમાં હાથ પહોંચતો નથી. જેમ કે દશ વ્યક્તિ માટેનાં ગોળ ડાઇનિંગ ટેબલ સાડા છ ફૂટ વ્યાસનું બનાવવું પડે. જેમાં વચ્ચેના બે ફૂટ જેટલા ગાળામાં રાખેલ વસ્તુ બેઠા બેઠાં લઈ શકાય નહીં તેથી જ્યારે મોટું તથા ગોળ ડાઇનિંગ ટેબલ બનાવાય છે ત્યારે તેની વચ્ચેનો ભાગ માત્ર સુશોભન માટે કે યાંત્રિક ઉપકરણથી ગોળ ફરી શકે તેવો રખાય છે. ભોજનકક્ષનું માપ ડાઇનિંગ ટેબલના આકાર, તેના માપ તથા તેની ગોઠવણ પ્રમાણે નિર્ધારિત થાય છે. ડાઇનિંગ ટેબલ ખૂણામાં એક દીવાલને અડાડીને કે વચમાં અલાયદું મૂકી શકાય. ખૂણામાં ચોરસ કે લંબચોરસ ટેબલ મૂકી ટેબલની ત્રણ બાજુ ઉપયોગમાં લઈ શકાય છે. અલાયદુ મૂકેલું ટેબલ ચારે બાજુથી ઉપયોગમાં લઈ શકાતું હોવાથી તેની ફરતે આવન-જાવન માટે વધુ જગ્યા છોડવી પડે છે, જેને પરિણામે પ્રમાણમાં મોટો ભોજન-કક્ષ બનાવવો પડે. જેમ કે એક બાજુ દીવાલને અડાડેલ પાંચ વ્યક્તિના લંબચોરસ ડાઇનિંગ ટેબલ માટે આઠ ફૂટ લંબાઈ તથા સાત ફૂટ પહોળાઈનો ભોજનકક્ષ પૂરતો ગણાય જ્યારે તેટલી જ વ્યક્તિ માટેના અલાયદા ગોળ ટેબલ માટે નવ ફૂટ લંબાઈ-પહોળાઈવાળો ભોજન-કક્ષ જરૂરી બને. વળી, ડાઇનિંગ ટેબલ જે તે માપનું બનાવવાને બદલે નાનું-મોટું થઈ શકે તેવું પણ બનાવી શકાય. ઘણી વાર ડાઇનિંગ ટેબલ ઉપયોગમાં ના હોય ત્યારે દીવાલ કે કબાટ સાથે જડાઈ જાય તેવું પણ બનાવી શકાય છે.

ભોજન-કક્ષનાં અન્ય રાચરચીલાંમાં ડાઇનિંગ ખુરશી, વાસણો તથા અથાણાં જેવી ચીજ-વસ્તુઓ મૂકવાનાં કબાટ, સર્વિસ ટેબલ કે કાઉન્ટર તથા નવરાશના સમયે બેસવા આરામ-




રસોડાના પ્લૅટફૉર્મ સાથે જ બનાવી દેવાયેલું ડાઇનિંગ ટેબલ

ખુરશી કે સૉફાનો સમાવેશ કરી શકાય. આ બધાં રાચરચીલાંની બનાવટમાં સફાઈને વધારે મહત્ત્વ અપાય છે. તેથી મોટા ભાગનાં રચરચીલાંની ઉપરની સપાટી પર લેમિનેશન કરાય છે. તે ઉપરાંત ડાઇનિંગ ટેબલ કાચ કે પથ્થરમાંથી પણ બનાવી શકાય. રેસ્ટોરાંનાં ડાઇનિંગ ટેબલ સ્ટીલમાંથી પણ બનાવાય છે. વળી, ડાઇનિંગ ટેબલ પરનું ટેબલ-ક્લૉથ તથા વિવિધ મૅટ પણ પ્લાસ્ટિકની જ રખાય છે. આવાં જ કારણોસર ડાઇનિંગ ખુરશીનાં ગાદીકામ પર કપડું જડવાને બદલે રેકઝીન જડાય છે. ભોજન-કક્ષ સાથે જ્યારે અન્ય ઉપયોગિતા સમાવાય ત્યારે ઉપરોક્ત રાચરચીલાં ઉપરાંત ટી.વી. કબાટ જેવાં અન્ય રાચરચીલાંનો સમાવેશ પણ કરાય છે.

ભોજન-કક્ષનું સ્થાન સામાન્ય રીતે રસોડાની નજીક હોય છે અને બન્ને વચ્ચે સર્વિસ બારી રખાય છે. તે ઉપરાંત ભોજન-કક્ષનું સ્થાન નક્કી કરતી વખતે કુદરતી હવા-ઉજાસની શક્યતાઓ, સાથે સાથે મનની પ્રફુલ્લિતતા માટે સારા દૃશ્યની સંભાવના પણ ચકાસાય છે. તે માટે ભોજન-કક્ષ બાગ કે બહારના ઓટલા તરફ તથા તે બાજુ ખૂલતો રખાય છે. જ્યારે વધુ માણસો એકઠા થાય અને મીજબાની આયોજાય ત્યારે તે તરફનાં મોટાં બારણાં ખોલી નાખવાથી ભોજન-કક્ષ તે બાગ કે ઓટલા પર પ્રસરે છે.

ભોજન લેવાની પ્રક્રિયાનું પરંપરાગત મહત્ત્વ લુપ્ત થતું જાય છે. પહેલાં કુટુંબની દરેક વ્યક્તિ સાથે જ ભોજન લેતી અને તે સમયે વિવિધ કૌટુંબિક, સામાજિક, વ્યાવસાયિક તથા આર્થિક



બાબતે વિચાર-વિનિમય પણ થતો. હવે તેમ થતું નથી. હવે પ્રત્યેક વ્યક્તિ પોતાને અનુકૂળ સમયે ડાઈનિંગ ટેબલ પર આવી જમી જાય છે. પરિણામે ભોજન-કક્ષ લગભગ આખો દિવસ ઉપયોગમાં લેવાય છે. તેની સામે કેટલાંક કુટુંબોમાં સવારનો ચાનાસ્તો પોતાના ઓરડામાં જ અને બપોરનું ભોજન સાથે ટિફિન લઈ જવું પડતું હોવાથી કાર્યાલયમાં લેવાય છે, અને ભોજન-કક્ષ માત્ર રાત્રે ઉપયોગમાં લેવાય છે. આમ, ભોજન-શૈલીમાં વૈવિધ્ય વધતું જાય છે. પરિણામે ભોજન-કક્ષમાં પણ વૈવિધ્ય સહજ બને છે. તે બધાં ઉપરાંત નોંધવા જેવી વાત એ છે કે ઘણાં કુટુંબોમાં ડાઈનિંગ ટેબલ હોવા છતાં લોકો નીચે બેસીને જ જમવાનું પસંદ કરે છે. આખરે વર્ષોથી ચાલી આવતી પરંપરા એમ જ તો નહિ સ્થપાઈ હોય! □

અનુસંધાન] ગણેશ: પુરાણકાલ [પૃ. ૪૭૨થી

રાખેલો હોય છે. જો તેની ઊભેલી મૂર્તિ હોય તો દ્વિભંગ, નૃત્ય કરતા કે અતિભંગમાં હોય છે. તેમની સૂંઢ ડાબી બાજુ તરફ હોય છે. ભાગ્યે જ જમણી બાજુ વાળેલી હોય છે. સામાન્ય રીતે બે આંખો, ક્યારેક શિવની માફક ત્રિનેત્ર બતાવેલ હોય છે. સર્પનું યજ્ઞોપવીત, મોટું પેટ, બાજુમાં બે પત્નીઓ સિદ્ધિ અને બુદ્ધિ હોય છે. ગણેશના ચાર હાથમાં અંકુશ, પાશ, મોદક અને અભયમુદ્રા હોય છે. પગ પાસે ઉંદરનું વાહન હોય છે.

શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં ગણપતિનાં સ્વરૂપ આ પ્રમાણે છે :

लम्बोदरं त्रिनयनं पाशाङ्कुशधरं परम्।
वरदाभयहस्तश्च लसत्कर्णं साचामरम्॥ (रूपमंडन, अ. ५/१८)

મોટા ઉદરવાળા, ત્રણ નેત્રોવાળા, (ઉપલા બે હાથમાં) પાશ અને અંકુશ ધારણ કરનાર, (નીચલા બે હાથ) વરદ અને અભય મુદ્રાવાળા, શોભતા કર્ણવાળા, ચામરસહિત ગણપતિ દેવ,

दन्तश्च परशुं पद्मं मोदकश्च गजाननः।
गणेशो मूषिकारूढो बिभ्राणः सर्वकामदः॥ (रूपमंडन, अ. ५/१६)

ગણેશ (ભગ્ન) દંત, પરશુ, પદ્મ અને મોદક ધારણ કરનાર, ગજમુખવાળા, ઉંદર પર આરૂઢ અને સર્વ કામનાઓને બક્ષનાર, અર્થાત્ પૂર્ણ કરનાર છે.

ભારતમાં અને ગુજરાતમાં ગણપતિની નાની મોટી, પ્રાચીન-અર્વાચીન અનેક પ્રતિમાઓ મળે છે. ખાસ કરી ગણેશ ચતુર્થીના પ્રસંગે અનેક સ્વરૂપની પ્રતિમાઓ બનાવવામાં આવે છે. ભક્તો ગણપતિને અનેક રીતે લાડ લડાવી તેની પૂજા-ભક્તિ કરે છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ગણપતિ મહોત્સવનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ગુજરાતમાંથી ગણપતિની પ્રાચીન પ્રતિમા શામળાજીમાંથી મળી છે. તે પછીના કાળની ગણેશની વિવિધ રૂપવિધાનવાળી પ્રતિમાઓ અસંખ્ય મળે છે. □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૨૫]

કનુભાઈ જાની

તો લો, હવે ખોલીએ ઇતિહાસ, જેનાં મર્મ મેઘાણીની વાણીમાં વણાઈને ક્યારેક ક્યારેક પ્રજામુખ બનીને, કવિતારૂપે બહાર પડતાં હતાં, 'સહસ્રશીર્ષઃ પુરુષઃ'ની વાચા બની જનાર વેણને ઉકેલવા ને મર્મને પૂરાં પામવા ઇતિહાસ ખોલવો જ રહ્યો. મેઘાણી સાથે એ કાળનો આખોય પરિવેશ સંકળાયેલો છે; કહો કે એમના જીવનનો જ એ એક અવિચ્છિન્ન ભાગ હતો. ચિત્ત તો જીવનનો સંચો છે, એ ચાલે પછી વાણી-વર્તન ચાલે. ચિત્તને કાર્યાન્વિત કરી મૂકનારાં બળો, જીવનનો વળ બની જનાર બળ – એને તમે કેવી રીતે ટાળો? માણસને ઓળખવો હોય તો એનાં વાણીવર્તનની પછવાડેનાં બળોનેય પકડવાં પડે. વળી, એ જીવનની આ વાત તો આપણાય જીવનની છે. એ માત્ર એમનો જ નહિ, આપણો – પ્રજાજીવનનો ઇતિહાસ છે. ઊડતી નજરે યાદ કરી લઈએ.

૧૯૨૯માં લાહોરમાં, પૂર્ણસ્વાતંત્ર્ય જ આપણને ખપે એ ચોખવટ દેશે કરી લીધી, અને છવ્વીસમી જાન્યુઆરીએ સ્વાતંત્ર્યદિન મનાવાયો (જે હજી મનાવીએ છીએ). તો સરકારે ગોળમેજીની જાહેરાત કરી. કૉન્ગ્રેસે શરતો મૂકી, બાંહેધરીઓ માગી, વાઈસરૉયે નકારી. ૧૯૩૦ના ફેબ્રુઆરીમાં સામુદાયિક સત્યાગ્રહનો ઠરાવ થયો, ને સુકાન ગાંધીજીને સોંપાયું. ગાંધીજીએ વાઈસરૉયે લૉર્ડ ઇરવિનને બીજી માર્ચે એક પત્ર લખી, જાણે આખરીનામું આપ્યું. એમાં એક મુખ્ય વાત હતી ગરીબાઈ દૂર કરવાની (જે આજે પણ મુખ્યતમ રહીને રટાતી જ આવે છે!) 'દસ પાઈના મીઠા પર બસ્સો પાઈની જકાત ! ક્યાંનો ન્યાય ?! નહિ ભરીએ !' 'આવી માગણીઓ દૂર ના થાય તો હું બારમીથી સત્યાગ્રહ માંડીશ' એય જણાવી દીધું. લડાઈની જાહેરાતથી ભડકેલ સરકાર ગાંધીજી કરતાંય વધારે ડરતી હતી સરદારથી. એટલે લડત આરંભાય તે પહેલાં જ, ૭મી માર્ચે રાસ ગામેથી સરદારને પકડીને પૂરી દીધા : દાંડી તણા એ યજ્ઞનો પહેલો બલિ !

બારમી માર્ચથી પાંચમી એપ્રિલ સુધી એ અઠ્યોતેર જણની ૩૮૮ કિલોમીટરની ૨૪ દિવસની કૂચ એ પડખું બદલતા કાળદેવતાનો જાણે સળવળાટ હતો. ત્યારે મેઘાણી મુંબઈ ગયા હતા. ત્યાં તાર મળ્યો. અમદાવાદ પહોંચ્યા દાંડીકૂચની સવારે. કૂચ જોઈ. એકતારા સાથે નીકળેલી કૂચ જાણે અંતરનાં અંધારાં ઉડાડવાનું કહેતી હતી :

'ઊંડી રે નીંદરમાં અમે સાંભળ્યું : ધરતી માગે છે ભોગ !'
ને ગાંધીને કેવો જોયો ?
'સાયબાને દીઠો ઝળહળ ઝૂલતો, ચૌય દશ ચડ્યા એના વીર;
તંબુરાની કીધી તુરી ને ભેરીઓ પાયાં એણે પોતાનાં રુધિર !
માટીનાં કીધાં રે એણે માનવી, જળમાં જલાવ્યા રેરાગ;
ધજા રે રોપાણી સત ધરમની કૂડ-ઘેરે કળેળ્યા હો કાગ !

('બાપુનાં પારણાં' નામે સંગ્રહમાં – ચોથી આવૃત્તિને ૫૬મે પાને, આ ગીત માટે '૩૦ની દાંડીકૂચ વખતનું' એવી નોંધ છે.)

લડત ચાલી. નેતા પકડાયા. પછી આવી લડતોની પરંપરા : ધારાસણાની લડત, બારડોલીની લડત, રાસની લડત, વીરમગામની લડત અને ધોલેરાની લડત. આમ તો આ વાત, આ ચરિત્રમાં પાછલી ગણાય. મેઘાણી પકડાયા ત્યારથી વાત ફરી માંડી સંદર્ભ નીકળતાં ! એ ધોલેરાની લડતનું સંચાલન હતું અમૃતલાલ શેઠને હાથ. સત્યાગ્રહીઓનાં નામો માટેનું ત્યાં એક રજિસ્ટર રહેતું. એમાં પહેલું નામ હતું : 'સૌરાષ્ટ્ર'. 'સોપાન' લખે છે કે આ 'સૌરાષ્ટ્ર' ન હોત તો એ સંગ્રામ ન હોત, એ જાગૃતિ ન હોત. એના આગેવાનો પકડાતાં, સત્યાગ્રહીઓની ખબરઅંતર પૂછવા મેઘાણી બરવાળા, ધંધુકા, રાણપુર જતા. એ દરમ્યાન પકડાયેલા એ આપણે જાણીએ છીએ. એમને જેલ મળેલી એ પણ જાણીએ છીએ. એ જેલ દરમ્યાન મુખ્યત્વે શું શું થતું ને થયું તેનું – જેલમાંનું ચિત્ર પણ જોયું. ૮-૩-૩૧ને રોજ છૂટ્યા એ પણ જાણ્યું.

મેઘાણીનો જેલવાસ એટલે દમયન્તીબહેનનો એકલવાસ. બે બાળકોને એકલે હાથે ઉછેરવાનાં. આવક ઘટી ! માત્ર ચાળીસ ! સાસુ ને વહુ બેયના સ્વભાવ આગવા ! એ સાથે મેળ રાખવાનો ! પતિને ગમતું દેશકાર્ય પણ યથાશક્તિ કરવાનું ને એની ડાયરી રાખી, પતિને મોકલવાની :

'આ સાથે મારી ત્રણ દિવસની ડાયરી પણ મોકલું છું. આવી ડાયરીથી તમારું મન આનંદમાં રહેતું હશે તો જરૂર મોકલતી રહીશ. અમે કાંઈ તમારા જેવા લેખક છીએ કે ભાષાને ખૂબ ઓપ ચડાવીએ? ડાયરી ઝીણી ઝીણી વાતોની... જોતી હોય તો તેને માટે મારે એક ઘડિયાળ જોશે ! હાથ ઉપરના ઘડિયાળમાં જોતી જઈશ અને મિનિટે મિનિટનો હિસાબ આપતી જઈશ !' ('લિ....' પૃ. ૧૩૩)

કાંડાઘડિયાળ નહિ! ને એ લેવી તે મોટી વાત હતી ! આજના જેવી સવલતોનો પણ એ કાળ નહોતો. ચૂલો ફૂંકવાનો, તપેલાં મૂકવાનાં એક પછી એક, પાણી બેડે બેડે બહારથી લાવવાનું. આપણી ચકા-ચકીની વાર્તામાં 'પછી ચકી પાણી ભરવા ગઈ' – એ નાની વાતનું ચિત્ર આજના બાળકના મનમાં ઊઠવાનું જ નહિ. આ સંદર્ભમાં દમયન્તીબહેનને કલ્પો : એકલાં, ઘર ને બાળકો બન્ને ચલાવતાં, જેલબેઠેલ પતિને પોરસાવતાં ! પણ કેવો

મોટો તન ને મનનો ઘસારો પડ્યો હશે ! પરણ્યાં ત્યારથી ઘસારો શરૂ હતો : પતિ અત્યંત સાદો ને કામગરો, અને ખૂબ પ્રેમાળ-લાગણીશીલ, પણ પૂરો ધૂની ! એને બે મોટાં વળગાડ : 'સૌરાષ્ટ્ર'નામે સાપ્તાહિકનો અને પછી લોકસાહિત્યની ખેપોનો, પ્રવાસોનો. હા, ભાવનગરવાસનો કાળ કાંઈક રાહતનો હતો. તે સિવાય પતિના સાન્નિધ્યનો લાભ ઓછો મળે. એનો બહુ વસવસો નહોતો, પણ ઘસારો માનસિક રહે જ, ઘરકામનો તો ખરો જ; આવવું-જવુંય જાણે બંધ ! ઉપરાઉપર બે બાળકો; ને એ જ વખતે આ જેલ ને સીમિત આવક. છતાં બન્ને વચ્ચે મનમેળ હતો. પણ કાળબળ પ્રતિકૂળતા રચતું ચાલ્યું ! મેઘાણી પકડાયા ૨૭-૪-'૩૦; કારાકાળ ૨૮-૪-'૩૦થી ૮-૩-'૩૧. દસ માસ અને અગિયાર દિ'. છૂટ્યા. અમદાવાદ આવ્યા. શારદા મંદિર વિસ્તારમાં રહેવાનું, બાળકો બન્ને અમદાવાદ રહીને ભણે, પોતે અમદાવાદથી રાણપુર જા-આવ કરે, એવું કાંઈક ગોઠવેલું. એટલે છૂટીને અમદાવાદ આવ્યા. ત્યારે દમયન્તીબહેનની તબિયત ઘણી ખરાબ. તેમાંય આંખોની પૂરી તકલીફ. આવ્યા એને બીજે જ દિ' આંખોની સારવાર માટે બન્ને મુંબઈ ગયાં - બે ત્રણ દિ'માં પાછાં અવાશે એવી ગણતરીએ; પણ ખાસ્સું એક અઠવાડિયું આપવું પડ્યું. ૨૦-૩-'૩૧ને રોજ રાણપુર પહોંચ્યા.

ત્યારે લડત દરમ્યાન બંધ પડેલું 'સૌરાષ્ટ્ર' પણ રાહ જોતું હતું. 'સૌરાષ્ટ્ર'નું આયુષ્ય દસ જ વર્ષનું. '૨૧માં આરંભ; '૩૦માં બંધ, અને '૩૧માં થોડા સમય માટે જ ચાલ્યું, પાછું બંધ. પણ એ વાત હવે પછી. હવે સૌ છૂટ્યા ત્યારે 'સૌરાષ્ટ્ર' પણ તરત શરૂ કર્યું. દમયન્તીબહેનની બગડેલી તબિયતના ઉપચારોની સાથોસાથ 'સૌરાષ્ટ્ર'નીયે કામગીરી! બેયની નોંધ લેવી પડે એકસાથે. કપિલભાઈના પુસ્તકમાં (સંપાદક ઈ.ર.દ.) નવમા પ્રકરણને આરંભે છે :

"બધા સંચાલકો રાણપુર આવી પહોંચ્યા. અમૃતલાલભાઈ, કકલભાઈ, ગુણવંતરાય આચાર્ય, હરગોવિંદ પંડ્યા અને બીજા સૌ જૂના કાર્યકરો એકઠા થયા. 'સૌરાષ્ટ્ર'નું પ્રકાશન ચાલુ કર્યું. પ્રથમ અંકમાં સાબરમતી જેલમાં લખાયેલું 'કોઈનો લાડકવાયો' એ કાવ્ય મુદ્રિત થયું..." (પૃ. ૭૫)

સૌરાષ્ટ્રના પત્રકારત્વના અભ્યાસી ડૉ. યાસિન દલાલે ('સૌરાષ્ટ્રનું ગુજરાતી પત્રકારિત્વ : ઉદ્ભવ અને વિકાસ', સૌ. યુનિ. ડિસે. ૧૯૮૧; પૃ. ૧૮૮થી ૨૦૦) આપેલી માહિતી અનુસાર તો કકલભાઈ '૩૧માં પાછળથી જોડાયેલા, "સૌરાષ્ટ્ર" ૧૯૩૦ સુધી ચાલ્યું' (પૃ. ૧૯૦, લીટી ૧૬મી); '૧૯૩૧માં 'સૌરાષ્ટ્ર'નો પુનઃપ્રારંભ થયો ત્યારે 'શી રીતે જાગીઓ આ અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ !' લખેલું." (પૃ. ૨૦૩; લીટી ૧૭) આ વધુ શ્રદ્ધેય લાગે છે. પણ કકલભાઈ નહોતા; 'સુશીલ', આચાર્ય, હ. પંડ્યા, અ. શેઠ, મેઘાણી વગેરે ખરા. 'યુગવન્દના'ના 'કોણ ગાશે' કાવ્ય પરના ટિપ્પણમાં મેઘાણી લખે છે કે એમણે "સંગ્રામમાં બંધ પડેલા 'સૌરાષ્ટ્ર'ના પુનરારંભ માટે" ૧૯૩૧માં રચીને પહેલે પાને મૂક્યું. 'કોણ ગાશે' સ્રગ્ધરા છંદમાં રચાયેલું ૫૬ પંક્તિનું એ દીર્ઘ મંથનકાવ્ય છે :

મા, તારી કોણ ગાશે પલપલ ઇતિહાસે ભરી બારમાસી ?

પોતાનું જ એ કામ છે. પહેલાં શ્રદ્ધા નહોતી; પણ હવે જોયું સાશ્ચર્ય-

શી રીતે જાગિયો આ
અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ !
સિતમો સહ્યા; મુર્દા જાણે જાગ્યા; ઘરઘરથી કેટલાય
કેદખાને ગયા; ખેતરો અણખેડ્યાં મૂક્યાં;...!
ભૂમિના બેટડાઓ !
શત શત સિતમો લ્હેરથી ઝીલનારો !
ત્રૂટી ફૂટી કવિતા
ક્યમ કરી કથશે શૌર્ય મૂંગાં તમારાં ?
મા ! તેં રંગ રાખ્યો :
પ્રથમ વખત તેં મુક્તિનો સ્વાદ ચાખ્યો...
ને કહે છે : જાગ્યો મારો વિરાટ

એમાંનો વચલો શબ્દ ફરી મોટેથી બોલો તો ! 'મારો' ! એ એક શબ્દમાં સમગ્ર દેશની સમષ્ટિને કેવી આશ્લેષી લીધી ! 'મારો' લોક જાગ્યો ! 'મારો' વિરાટ જાગ્યો. આ લાગણી એમની કવિતાને લોકહૈયે જડી દેતું તત્ત્વ. પ્રેમનું તત્ત્વ, એમનું - એમની કલમનુંય ચાલક બળ. પ્રેમ અનેકને ગાતાં કરી શકે; 'અકલ સે શાયરી નહીં હોતી' !

પાછું એ કાર્યચક્ર ચાલ્યું ! પણ બાળકો અમદાવાદ ભણતાં હતાં. ત્યાં જ એક સત્ર પૂરું કરે, એમ કર્યા વિના છૂટકો નહોતો. દમયંતીબહેનની એક આંખ કાયમ માટે સાવ ગઈ હતી. બીજીને જાળવવી પડે એમ હતું. પોતાને પણ આંખોમાં ખૂબ ખીલ રહેતાં ! મિત્રને ૨૭-૪-'૩૧ને રોજ લખે છે :

'આંખનાં ખીલ તો અંત સુધીનાં સંગી કહેવાય. પંપાળી પંપાળીને રાખવાં રહ્યાં.'

મેઘાણીભાઈ લાખ કામો ને દોડધામો વચ્ચેય સ્વજનો ને મિત્રો પ્રત્યે અથાગ મમતા રાખે. તેમાંય કોઈ માંદું હોય તો તો વિશેષ ધ્યાન રાખે. ૧૯૩૧ના અરસામાં નાનાં બહેન સમજુબહેનના પતિ શ્રી ચુનીલાલ કપુરચંદ પારેખની તબિયત ત્યારે બરાબર ન હોવાનું, અને એમને દાક્તરી ઈલાજ માટે રાજકોટ લઈ જવાનું સાંભળતાં જ, ડૉક્ટર રતિલાલ શાહ પર

(અનુસંધાન પૃ. ૪૮૧ ઉપર)

કબ્રસ્તાનનો ભેદ

મૂ. લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

બજતી ઘડિયાળ અથવા ચાઈમિંગ ક્લૉક તો ઘણી બધી સાંભળી છે પણ મહાદેવ ચૌધરીના બંગલામાં દાખલ થતાં જ જે છ વાગ્યાના અદ્‌ભુત બજતા ટકોરા એક પછી એક ઘડિયાળમાંથી અમારા કાને પડવા માંડ્યા કે મને થયું આવી જાતના ઘડિયાળના ટકોરા મેં ક્યારેય સાંભળ્યા નહોતા. લાલમોહનબાબુ કહે : 'આ જાણે સ્વર્ગદ્વારમાંથી દાખલ થઈએ છીએ મોશાઈ. માંગલિક (ચોઘડિયાં) બજે છે જાણે. આવું રિસેપ્શન તો કલ્પી પણ ન શકાય.'

દાખલ થતાં જ અમને એ સજ્જન મળ્યા, એવું નહોતું. એક કર્મચારી જેવા લાગતા માણસે આવી કહ્યું કે, 'મિસ્ટર ચૌધરી, વ્યસ્ત છે. (રોકાયેલા છે) અમારે થોડી વાર રાહ જોવી પડશે.' અમે એક ઑફિસ ખંડમાં જઈ બેઠા. આ રૂમમાં પણ બે સુંદર ઘડિયાળ : એક દીવાલ પર, અને એક બુકશેલ્ફ પર.

ઘડિયાળનો અવાજ થંભી જતાં જ બંગલામાં સન્નાટો ફેલાયો હોય એવું લાગ્યું. વિરાટ વર્તમાન ફેશનનો બંગલો. પગ નીચેની આરસની ભોંયમાં મોં જોઈ શકાય.

એક અવાજ બંગલાની અંદરથી વચ્ચે વચ્ચે સંભળાતો હતો. ફેલુદા કહે - એ મહાદેવ ચૌધરીનો અવાજ હતો. મખમલ જેવો હતો કે નહિ એ અહીંથી સમજવું મુશ્કેલ, પણ એ અવાજ અચાનક સપ્તમે પહોંચ્યા પછી મખમલી ન રહ્યો એ બરાબર સમજાયું.

મહાદેવ ચૌધરી કોઈકને બેહદ ધમકાવતા હતા. અમે ત્રણે જણ લગભગ અધ્ધર શ્વાસે અનિચ્છા છતાં પણ એમની ગુપ્ત વાત સાંભળતા હતા. બીજી વ્યક્તિ મોટેથી બોલતી નહોતી, તેથી એની વાત સમજાતી નહોતી. વાતચીત અંગ્રેજીમાં થતી હતી. ચૌધરીના અવાજમાં ધમકી હતી : 'આ બધી બાબતમાં હું એડવાન્સ દેતો નથી - તમે આટલું બધું કહ્યું એટલે દીધા - અને હવે કહો છો કે પૈસા ખર્ચાઈ ગયા? તમારી એક પણ વાત પર મને વિશ્વાસ નથી. અને આ એક સામાન્ય કામ કરવા માટે આટલા બધા રૂપિયા શું કામ લાગે એય હું સમજી નથી શકતો. જે હોય તે, હું રૂપિયા દઉં છું, પણ બે દિવસમાં મને માલ જોઈએ. હું કોઈ પણ અગવડની વાત સાંભળવા માગતો નથી, સમજ્યા!'

થોડી વાર બધું શાંત, એ પછી જોડાનો અવાજ સાંભળ્યો, લાગ્યું એ મુખ્ય દરવાજા ભણી જતો હતો. એક મિનિટમાં જ કર્મચારી ફરી આવ્યો. બોલ્યો : 'આપ લોગ આઈએ.'

મિસ્ટર ચૌધરીના માથાના વાળથી લઈને જોડાની પાની પર્યન્ત સાચે જ બધું મખમલ જેવું હતું. લાગે છે એ સજ્જન ચોક્કસ દિવસમાં બે વાર દાઢી કરતા હશે, નહિ તો સાંજના છ વાગે પુરુષ માણસના ગાલ આટલા સુંવાળા ન હોય. (પછીથી લાલમોહનબાબુ બોલ્યા હતા, મનમાં થતું હતું કે ગાલ પર જો માખી બેસશે તોય લપસી પડશે.) જે વિશાળ બેઠકખંડમાં અમે બેઠા હતા એ પણ મિસ્ટર ચૌધરીની જેમ પૉલિશ કરેલો હતો. ખૂણેખાંચરે ક્યાંય એક કણ ધૂળ, એક કીડી કે વાંદો હોઈ શકે એવું ન લાગ્યું.

સોનાના હોલ્ડરમાં ભરાવેલી સિગારેટનો એક કસ મારી, ધુમાડો છોડી, ફેલુદા ભણી જોઈ મિસ્ટર ચૌધરીએ પ્રશ્ન પૂછ્યો : 'વેલ, ઘડિયાળ લાવ્યા છો સાથે?'

અમે બધા જ આશ્ચર્યચકિત, ફેલુદા તો હતો ચોક્કસ જ!

'ઘડિયાળ? કઈ ઘડિયાળની વાત કરો છો?' ફેલુદાએ પૂછ્યું.

'તમે કહ્યું ને એક ઘડિયાળની બાબતમાં તમે મને મળવા માગો છો? હું તો સમજ્યો તમે મારી જાહેરખબર વાંચી મને ફોન કર્યો હતો.'

'માફ કરજો મિસ્ટર ચૌધરી, મેં તો તમારી જાહેરખબર વાંચી નથી. મારે એક બાબતમાં જરાક જાણવાની જરૂર પડી હતી, એ લાગે છે બનતાં સુધી ઘડિયાળની બાબત જ હતી. મેં સાંભળ્યું કે તમે ઘડિયાળ વિષે ઘણું બધું જાણો છો, તેથી -'

મખમલમાં જાણે સળ પડી. સજ્જન જરાક ચીડાઈને ઠીક થઈને બેઠા, અને બોલ્યા : 'મિસ્ટર મિટર, મારી પાસે જરાયે વખત નથી. થોડી વારમાં જ હું કલકત્તા છોડી બહાર જવાનો છું. તમારે શું જાણવું છે તે ટૂંકમાં કહો.'

'પેરિગેલ રિપીટર શું વસ્તુ છે એ જાણવા માગું છું.'

મખમલ અચાનક પથ્થર બની ગયો. સિગારેટનું હોલ્ડર હોઠ પાસે આવી અટકી ગયું. આંખની કીકી પથ્થર, નજર ફેલુદા સામે, નિષ્પલક. 'તમે નામ ક્યાં વાંચ્યું?'

'ઓગણીસમી સદીની એક અંગ્રેજી નવલકથામાં.'

પોતાના કામની સગવડ માટે ફેલુદા અક્લાન વદને જૂઠું બોલી શકે છે એ મેં પહેલાં પણ જોયું છે - 'રિપીટર તો ઘડિયાળ પણ હોઈ શકે અને બંદૂક પણ હોઈ શકે, એ તો ડિકશનરીમાં જોયું, પણ પેરિગેલ વિષે કોઈ કંઈ જ કહી શક્યું નહિ.'

મહાદેવ ચૌધરી હજુ પણ એ જ રીતે જોઈ રહ્યા હતા ફેલુદા સામે! એ પછીના પ્રશ્નમાં મખમલ સાથે ભળેલો એક ધારદાર ભાવ દેખાયો. 'તમે શું હંમેશાં શબ્દનો અર્થ પૂછવા અજાણ્યા

માણસને ઘેર જાઓ છો ખરા?'

'ખાસ જરૂર પડે તો જાઉં, બીજું શું?'

મને એમ કે એ સજ્જન પૂછશે કે ખાસ જરૂર શું હતી? પણ એમ ન કરતાં તેઓ એ જ રીતે ફેલુદા ભણી તાકીને જે શબ્દો બોલ્યા, તેથી મારા જમણી તરફના ટેબલ પર પડેલી ઘડિયાળ જે રીતે ટીક્ ટીક્ કરતી - મારું હૃદય પણ બરાબર એ જ રીતે ટિક્ ટિક્ કરવા માંડ્યું.

'તમે તો ડિકેક્ટિવ છો ને?'

ફેલુદાના નર્વની બલિહારી કહેવાય. જવાબ દેતાં જોકે પાંચ સેકન્ડ વાર લાગી હતી, પણ જ્યારે એણે જવાબ દીધો ત્યારે એનો પણ અવાજ મખમલી હતો.

'તમેય ત્યારે ખબર રાખો છો!!'

'રાખવી જ પડે, મિસ્ટર મિટર! ખબર ભેળી કરવા માટે લોકો હોય છે.'

'મારો સવાલ લાગે છે ભૂલી ગયા છો. વખતે જવાબ તમને ખબર નથી અને જો જાણતા હો છતાંય જવાબ ન દેવો હોય તો પછી હું ઊઠું. નકામો તમારો સમય બગાડીને શું ફાયદો ?'

'સિટ ડાઉન! મિસ્ટર મિટર!'

ફેલુદા ઊભો થઈ ગયો હતો, તેથી જ આ હુકમ. લાલમોહનબાબુને જોઈને મને થયું એમની મેળે તો ઊઠવા જેવી હાલત જ નહોતી. પકડીને ઉઠાડવા પડશે.

'સિટ ડાઉન, પ્લીઝ!' ફેલુદા બેઠો.

'રિપીટરનો અર્થ બંદૂક પણ થાય.' મહાદેવ ચૌધરી બોલ્યા, 'પણ એની સાથે પેરિગેલ લગાડો એટલે એ થઈ જાય ઘડિયાળ. પોકેટ વૉચ, ફ્રાન્સીસ પેરિગેલ. ઇંગ્લિશમેન. અઢારમી સદીના અંતમાં પેરિગેલ જેવા ઘડિયાળના કારીગરો દુનિયામાં ઓછા જ હતા. બસો વર્ષ પહેલાં ઇંગ્લન્ડમાં સૌથી સારી ઘડિયાળ બનતી; સ્વીટ્ઝર્લેન્ડમાં નહિ.'

'આજકાલ પેરિગેલ રિપીટરની કીમત કેટલી હોઈ શકે?'

'એ ઘડિયાળ ખરીદવાની શક્તિ તો તમારામાં નથી મિસ્ટર !'

'એ તો ખબર છે.'

'મારામાં છે.'

'એ ય ખબર છે.'

'તો પછી કિંમત જાણવાથી શો ફાયદો?'

'કુતૂહલ.'

'બેકારનું કુતૂહલ.'

મિસ્ટર ચૌધરી સિગારેટનો છેલ્લો કશ ખેંચી, હોલ્ડરમાંથી એને કાઢી પાસેની કાચની એશટ્રેમાં નાખી દઈ સૉફા પરથી ઊઠીને ઊભા થયા અને બોલ્યા : 'તમારે જે જાણવાનું હતું તે તમે જાણી લીધું છે. હવે તમે જઈ શકો છો. પેરિગેલ રિપીટર જે કલકત્તામાં છે તે મને જ મળશે. તમને નહિ મળે - પ્યારેલાલ!'

એક કર્મચારી આવીને હાજર થયો. એ એ જ પેલો માણસ જેણે અમને ઑફિસ-રૂમમાં બેસાડ્યા હતા. અમે ઊભા થયા. જ્યારે રૂમમાંથી નીકળતા હતા ત્યારે ફરી એક વાર મખમલી અવાજ કાને પડ્યો : 'મારી પાસે બીજી જાતની રિપીટર પણ છે મિસ્ટર મિટર, પણ એનો અવાજ ઘડિયાળ જેવો સુરીલો નથી.'

*

'તમારી વર્તમાન કથાનો નાયક તો આજ હોય એવું લાગે છે.' જટાયુ બોલ્યા. અમે અલિપુર પાર્કમાંથી પાછા ફરતા હતા. ગાડીનો કાચ ફરી ચડાવવો પડ્યો, કારણ વરસાદ. જજીસ કોર્ટ રોડ પર આવતાં જ વરસાદ પડવા માંડ્યો હતો.

ફેલુદા લાલમોહનબાબુની વાતનો કશોય જવાબ ન દેતાં બારીની બહારનાં દૃશ્ય જોવા માંડ્યો. લાલમોહનબાબુ લગાતાર ઝાઝી વાર સુધી બોલ્યા વિના રહી નથી શકતા. કહે, 'ખબર છે, નાયક નહિ ને વિલન કહેવું ઉચિત હતું. પણ તમે જે કહેતા હતા કે ક્રાઈમની બાબતમાં સહુને જ સંદેહ કરવો ઉચિત છે - ગમે તે કોઈ વિલન હોઈ શકે - તેથી હવે નથી કંઈ કહેતો. જો કે સંદેહ પણ ખરેખર કયા કારણસર કરવો ઉચિત છે એય હજુ મને સાફ સાફ નથી સમજાયું. કબર ખોદવી એ શું ક્રાઈમ કર્યો કહેવાય!'

ફેલુદાએ કોઈ પણ વાતનો જ્યારે જવાબ ન દીધો, તેથી લાલમોહનબાબુ અસહિષ્ણુ થઈ બોલ્યા : 'ઓ મોશાઈ, તમે લાગે છે હસીને પાછા પડી ગયા છો. તો પછી અમારી શી હાલત થશે એનો તો વિચાર કરો!! એક તો સજ્જનના હાવભાવ જોઈને હાડકેહાડકાં હચમચી જવા જેવી હાલત થઈ ગઈ હતી. એમાં પાછી એટલી બધી ઘડિયાળોના ટન ટન ટકોરા, અને તેના પર વળી તમે પાછા સૂમ થઈને બેઠા છો, બહાર વરસાદ, રસ્તામાં ખાડા...'

આટલી વાર પછી ફેલુદાએ મોં ખોલ્યું : 'તમારું અનુમાન ખોટું છે, મિસ્ટર ગાંગુલી, હું દમી ગયો નથી - બિલકુલ. જટિલ સમસ્યામાંથી જો રસ્તો જડી જાય તો પછી કોઈ માણસ દમી જાય ખરું! અરે એનું ઊંધું થાય.'

'રસ્તો જડી ગયો છે?'

'રસ્તો મળ્યો છે, પણ રસ્તાને અંતે શું છે તે હજુ ખબર નથી પડી. રસ્તો અતિશય ગોટાળિયો છે. હજુ ઘણું આગળ વધ્યા પછી ખબર પડે કે અંતે શું છે!'

અમે ઘેર પહોંચ્યા પછી પણ ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. લાલમોહનબાબુ કહી ગયા કે કાલે વહેલી સવારે આવશે - 'આ કેસમાં મારી સિવાય તમારી ગતિ નથી. ફેલુબાબુ, બસટ્રામમાં આંટાફેરા કરતા તો વિચાર કરી જુઓ તમને કેટલો

બધો વખત લાગી જાત?'

આજ બપોરે નિગ્રમમાં બેઠો હતો ત્યારે જ જોયું હતું કે ફેલુદા એની નોટબુકમાં શું યે બધું આડુંઅવળું લખતો હતો. રાતના જમ્યા પછી હું એની રૂમમાં ગયો હતો. રાતના જમ્યા પછી હું એની રૂમમાં ગયો ત્યારે ખબર પડી કે એ શું હતું. એણે કંઈ મને બોલાવ્યો હતો એવું નહોતું, એમ જ આમ પણ મને એની ફિકર થતી હતી; મહાદેવ ચૌધરીને જોઈને અને એની વાત સાંભળી ત્યારથી મારા મનમાં ચિંતા થયા કરતી હતી. સજ્જનનો ચહેરો-યાદ આવતાં જ મારી છાતી કોણ જાણે કેમ કંપી ઊઠતી હતી. લાલમોહનબાબુ હીરો, વિલન ભલે જે ગમે તે કહે, પણ મને તો એક ભયાવહ ચરિત્ર લાગ્યા. બહાર મખમલ હોય તેથી શું વળે; અંદર તો મરુ ભૂમિના કાંટાળા થોરના જંગલ જેવું હતું.

જોકે ફેલુદાને જોઈને મનમાં ન લાગ્યું કે એને કોઈ ફિકર-ચિંતા થતી હતી. એ અત્યારે પોતાની સામે નોંધપોથી ખોલી એકચિત્તે બેઠો એક નકશા ભણી જોતો હતો. મને દાખલ થતો જોઈ, 'આ જો શાખા-પ્રશાખા' કહીને નોંધપોથી મારી સામે લંબાવી. એમાં જે દોરેલું હતું એ હું નીચે ઉતારી દઉં છું :

ટોમસ ગોડવીન (૧૭૮૮-૧૮૫૮)

ડેવિડ ગોડવીન (૧૮૭૪)	જોનગોડવીન	શાર્લોટ ગોડવીન
એન્ડ્રુ ગોડવીન (૧૮૮૨)	(૧૮૧૮-૧૮૫૮)	કુંવારો-અપરિણીત
ચાર્લ્સ ગોડવીન (૧૯૨૦)		(૧૮૧૯-૧૮૮૬)

'જમણી બાજુ કેવી ખાલી ખાલી લાગે છે ને!' ફેલુદા બોલ્યો.

મેં કહ્યું : 'એ તો લાગે જ ને! શાર્લોટે તો લગ્ન જ કર્યા નહોતાં.'

'શાલોર્ટને લઈને સમસ્યા નથી. સમસ્યા છે પેલા જોનને લઈને! એ એક શાખાનો બાકીનો અંશ છુપાયેલો છે. જો કે એક વસ્તુ ઊંધી હાલતમાં જોઉં છું, એને સીધું જોવાથી પછી થોડોક આલોકપાત થઈ શકશે. એટલે કે કાલે સવારે.'

આ ફેલુદાનો એક ખાસ જાતનો કોયડો. અને એ જ્યારે કોયડામાં બોલે, ત્યારે ખાસ કોયડો કરવા ખાતર જ બોલે છે.

અમે વાત કરતા હતા એ દરમિયાન વરસાદ બંધ થઈ ગયો હતો. ફેલુદાને અચાનક અકળાઈને પલંગમાંથી ઊઠતો જોઈ મને નવાઈ લાગી.

મેં પૂછ્યું : 'બહાર જાઓ છો?'

'યસ સર!'

'એ શું? ક્યાં?'

'ડ્યુટી છે.'

'શાની ડ્યુટી?'

'ચૉકી-પહેરો.'

પોતાના હન્ટિંગ બૂટ એણે બહાર કાઢી રાખ્યા હતા, એ મેં અત્યાર સુધી જોયા નહોતા. એને જોતાં જ મારાં રૂંવાડાં ખડાં થઈ ગયાં, કારણ ફેલુદાની પ્રત્યેક વિખ્યાત તપાસ સાથે એ સંકળાયેલા છે. મધરાતે કબ્રસ્તાનમાં આંટા મારવા હોય, ફરવું હોય તો એના વિના છૂટકો જ નથી.

'કબ્રસ્તાનમાં?' મેં ડરતાં ડરતાં પૂછ્યું.

'બીજે ક્યાં, કહે જોઈ!'

'એકલા જશો?'

'ફિકર નહિ કર. સાથી છે. રિપીટર.'

ફેલુદાએ કબાટમાંથી પોતાની ૩૨ કોલ્ટ બહાર કાઢી ખીસામાં મૂકી. મને આ જરાયે ન ગમ્યું. મેં કહ્યું : 'પણ ત્યાં હવે બીજો શો બનાવ બનવાની આશા છે? કબર તો ખોદાઈ ગઈ છે. ઘડિયાળ જો મળી હશે તો એ લઈ ગયો હશે.'

'લીધી નથી, જે કોઈ લોક કે લોકો એ ખોદતા હતા એ મડદાની ખોપરી જોઈને ડરથી નાસી ગયા છે, નહિ તો એ રીતે કોદાળી ફેંકીને ન જાય. ક્યાં તો લઈને જાય, અને નહિ તો ક્યાંક છુપાવીને રાખી દે.' આ વાતનો મને મુદ્દલે ખ્યાલ નહોતો આવ્યો. (ક્રમશઃ)

અનુસંધાન] કસુંબલ રંગ [પૃ. ૪૭૮થી


ભલામણપત્ર તો લખ્યો જ, પણ ભાઈને સૂચના આપી કે ડૉક્ટરને તમે મારા વતી પૈસા આપી દેજો અને બહેન-બનેવીને એની જાણ ન થાય તેમ કરશો ! જુલાઈ ૧૯૩૧માં તો દમયન્તીબહેનની તબિયત પણ ક્રમશઃ બગડતી લાગી, અને ઇલાજ માટે રાજકોટ લઈ ગયા. ત્યારે તેઓ આપન્નસત્ત્વા હતાં; ચારેક માસ ચડેલા. મોટાભાઈને લખે છે :

'લોહી તથા ઝાડાની તપાસમાં બહુ ગંભીર પરિણામ જણાયું છે.' (પત્રાંક ૭૭)

'શરીર દિવસે દિવસે ઘસાતું જતું હોવાની વાત તો પ્રત્યક્ષ છે. એટલે ઉપચાર કરવો જોઈએ. દર્દો બહુ છેતરામણાં હોય છે. બાકી એના મન પર કશી જ નબળી અસર નથી.' (પત્રાંક ૭૮)

પેટમાં બાળક, ને તબિયત ખરાબ - બે બાબતોની કાળજી લેવાની રહી. આ બધાંની અસર દમયંતીબહેનના મન પર ન હોય એમ કેમ માનવું ? પણ ચાલો, માન્યું. આ થયો ઘરનો ઇતિહાસ, અને એમાંની સક્રિયતા ! તો, હવે દેશનો પરિવેશ, ને એમાંની એમની કેવી-કેટલીક સંડોવણી તે જોઈએ. પાછાં કાળચક્રને અવળાં ઘુમાવીએ સ્મૃતિ પર. પાછું વળીને જરાક પાછળનું જોઈશું. (ક્રમશઃ)

કલાવાર્તા



દેવજીભાઈ વાજા

ગુજરાતની કલાપ્રવૃત્તિનાં કેન્દ્રોથી દૂર ગયેલા માણસો ક્યારેક વિસ્મરણ પામે છે. કેન્દ્રની નજીકના માણસો પણ કલાપ્રવાહ બદલાતાં ભુલાઈ જાય છે, જેમ કે પ્રાણી-ચિત્રકાર રવિશંકર પંડિત. શ્રી દેવજીભાઈ વાજા ૭૪ વર્ષની પાકટ ઉંમરે છે. રવિભાઈની પેઢીના આ ચિત્રકાર, રવિભાઈ પાસે તૈયાર થયા ને પોરબંદરમાં ગોઠવાઈ ગયા. બસ, આજીવન શિક્ષણકાર્ય કર્યું. કલાપ્રવાહો બદલાતાં તે વાતાવરણ પણ ન મળ્યું અને કલાસૂઝ, સર્જન ને પ્રદાન પ્રદેશ પૂરતાં મર્યાદિત રહ્યાં. તે લખે છે કે, 'પ્રવાહ બદલાય તે તો લોકોની માંગને સ્વીકૃતિ છે. હું દેશના એક ખૂણે ફેંકાઈ ગયો છું, પણ મેં કલાનો સાથ છોડ્યો નથી.' તેઓ સતત પ્રવાસ, સ્કેચો, લૅન્ડસ્કેપ અને લોકજીવનનાં ચિત્રો કરતા જ રહ્યા છે. અત્યારે પણ તેમની પાસે ઘણુંબધું છે. ઉંમરને કારણે બહાર નીકળી શકતા નથી તો ટી.વી. જોતાં તે પરથી ત્વરાલેખનો કરે છે.


નવા પ્રવાહોથી તેઓ પૂરા પરિચિત છે. પિકાસો વિષે તેમણે વાંચ્યું-વિચાર્યું છે. અત્યારનાં નવાં ચિત્રો પણ જુએ છે. તે કહે છે, 'સમય સમયનું કામ કરે છે, કલા તો પરિવર્તનશીલ છે.'

જન્મ પોરબંદરથી વીસેક કિલોમીટરના દૂરી પર આવેલા ફટાણા ગામે. જન્મ : ૧૨-૬-૨૨. સાતેકની વર્ષની નાની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. અભણ છતાં સમજદાર અને ગુણવાન માતાએ મહેનત-મજૂરી કરી દેવજીભાઈને હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ આપ્યું અને કલાશિક્ષણ વેળાએ પણ મદદ કરી. કલાવારસો તો ઉભ. તરફથી મળ્યો. પિતા કાષ્ઠશિલ્પી ને માતા ભરતગૂંથણમાં પારંગત. દેવજીભાઈ પણ આ જોઈ ભીંતો પર આળેખ કરતા - મુખ્યત્વે ગણપતિ ને રાધાકૃષ્ણ.

પોરબંદરથી અંગ્રેજીના શિક્ષક તરીકે આવતા શ્રી ડી. કે. ભટ્ટ 'સુધાંશુ' કવિ હતા. તેમણે શ્રી દેવજીભાઈની કલાભાવના પારખી લીધી અને પોષી પણ ખરી. તેઓશ્રી અવારનવાર પોરબંદરથી 'કુમાર'ના અંકો લાવે, વાંચી સંભળાવે, ચિત્રો બતાવે અને રવિભાઈ ને બચુભાઈ વિષે વાતો કરે. આથી ઈ.સ. ૧૯૪૫-૪૬માં સુધાંશુ દ્વારા જ તેઓશ્રી મુ. રવિભાઈ પાસે પહોંચ્યા ને કલાસંઘના વિદ્યાર્થી બન્યા. કલાસંઘમાં આવતાં જ રવિભાઈએ બધી જ વ્યવસ્થા કરી આપી. રહેવાનું શ્રી નથુરામ શર્માના આનંદ આશ્રમમાં, જમવાનું પણ ત્યાં જ. શરૂઆતમાં તો વડા વિદ્યાર્થીઓનું કામ જોતાં દેવજીભાઈ ડઘાઈ ગયા, પરંતુ ધીમે ધીમે સખત કામમાં લાગી ગયા.







કલાકાર ચંદ્રશંકર રાવળ, ભીખુ આચાર્ય, બંસી વર્મા, શાંતિ શાહ, છગનલાલ જાદવ અને રસિકભાઈ એ સર્વનું સાન્નિધ્ય મળ્યું. આ સુવર્ણ સ્પર્શે જીવનમાં કલા પાંગરી ને મહોરી. આજે કહે છે કે, 'કલા માત્ર પ્રદર્શનની વસ્તુ નથી, પણ પ્રભુને પહોંચવાની-પામવાની સીડી છે.'

રવિભાઈ તો સહુને સતત કાર્યરત રાખતા. વારંવાર કહેતાઃ 'કલાકારનો મોટો ગુરુ તો પ્રકૃતિ છે. પ્રકૃતિમાંથી ખુલ્લી આંખે મેળવો. Draw & Draw. એક ક્ષણ વ્યર્થ ન જવા દો. હાથ થાકે ત્યારે દૃષ્ટિ અને મનને કામે લગાડો.' દેવજીભાઈ સખત કામ કરતા. મુ. રવિભાઈએ તેમને ઓળખી લીધા હતા. નાનામોટા પ્રવાસમાં રવિભાઈ દેવજીભાઈને સાથે રાખતા. તે કહેતા, 'કોઈ પણ કામને નાનું ન ગણો. ઉપેક્ષા ન કરો. કલાકાર બનો પણ જીવનની કલાને સમજો. તે ન સમજો ત્યાં સુધી કલા વાંઝણી ગણાય.' જીવનની કેડી પર રવિભાઈ જેવા ઉત્તમ ગુરુ મળ્યા અને દેવજીભાઈનું ઘડતર થયું. આવા માણસો જ સમાજને ઘડતા રહે છે.

દેવજીભાઈ ચિત્રો કરતા, પ્રદર્શનમાં મોકલતા, ઇનામો પણ મળતાં. ચીનની લડાઈ વખતે સંરક્ષણ ફંડમાં પણ ચિત્રો આપેલાં, જે બાબતમાં ગવર્નર શ્રી શ્રીમન્નારાયણ તરફથી સર્ટિફિકેટ પણ મળેલું. દેવજીભાઈની ધગશ જોતાં શ્રી રવિભાઈની ઇચ્છા ખરી કે તે બહાર જઈ બીજા કલાધર પાસે તાલીમ પામે. તે બાબતે સ્કોલરશિપની તૈયારી પણ કરી, પરંતુ જ્યારે દેવજીભાઈ પોતાને ગામ ગયા ત્યારે તેમનાં માતાએ આંસુભરી આંખે કહ્યું, 'ભાઈ, હવે કાંઈ નાનુંમોટું કામ કરો તો સારું, મારું શરીર હવે કામ નથી કરતું.' આ સાંભળી બધા વિચારો ફેંકી દઈ દેવજીભાઈ પોરબંદરની એક હાઈસ્કૂલમાં કલાશિક્ષક થયા. આ બાબતે રવિભાઈ જરા નારાજ થયા, પરંતુ દેવજીભાઈએ હવે પોરબંદરમાં જ પોતાની એકેડેમી ખોલી હતી. આ સમય એટલે ૧૯૪૯-૫૦.

દેવજીભાઈ શાળામાં પ્રતિવર્ષ એક પ્રદર્શન યોજતા. શાળાના સમય પછી નિયમિત, વિનાશુલ્ક બે કલાક વધારાનું કલાશિક્ષણ આપતા. વિદ્યાર્થીઓમાં રહેલી કલા-વૃત્તિને જાગૃત કરતા, પોષતા ને પ્રવૃત્ત કરતા.

થોડા સમય પછી પાછું વિધિનું પાનું ફર્યું. ગુજરાત કલાસંઘનું સર્ટિફિકેટ શિક્ષણખાતાને માન્ય નહોતું. ૧૯૫૫-૫૬માં ડી.ટી.સી. (ડ્રૉઈંગ ટીચર સર્ટિફિકેટ કોર્સ) માટે શેઠ સી. એન. કલાવિદ્યાલયમાં આવવું થયું. આ બહાને રસિકલાલ પરીખ સાથે કલાની તાલીમ મળી. આ લેખના લેખકને ત્યારે ધીર, ગંભીર અને કાર્યરત દેવજીભાઈનો પરિચય થયો.

અમદાવાદથી પોરબંદર ગયા પછી નારાયણ ખરેનો પોરબંદર ખાતે સંપર્ક રહેલો. તેઓ પરદેશ જઈ આવેલા. પોરબંદરના મહારાણાએ તેમને પૅરિસ મોકલેલા. રવિભાઈ પણ તેમની ટૅક્નિક વખાણતા. દેવજીભાઈને ખરે સાથે સારી મૈત્રી. તેમના સંપર્કથી પણ થોડું જાણવા મળતું. ખરેએ કીર્તિમંદિરમાં ગાંધીજી ને કસ્તુરબાનાં તૈલચિત્રો કર્યાં છે તે પ્રસિદ્ધ છે.

શ્રી દેવજીભાઈએ સન્નિષ્ઠાપૂર્વક શિક્ષણકાર્ય કર્યું ને તેની

કદર પણ થઈ. પોરબંદરની રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, ફ્રેન્ડશિપ ડેવલપમેન્ટ સોસાયટી વગેરે સંસ્થાઓ તરફથી સન્માનપત્રો ને શાલાદિ અર્પણ થયાં. વિદ્યાર્થીઓ તરફથી પણ દબદબાપૂર્વક સન્માન થયું. ૧૯૭૭માં દિલ્હીમાં એક ટ્રેડ ફેર થયેલો જે ભારત સરકાર તરફથી હતો - AGRI-XPO, Delhi. ગુજરાત રાજ્ય તરફથી તેના નિયામક શંખો ચૌધરી હતા. તે માટે દેવજીભાઈએ કામ કર્યું અને એમને પ્રશસ્તિપત્ર મળ્યું.



૧૯૬૭માં મુંબઈમાં ગુજરાત માહિતી ખાતા તરફથી સૌરાષ્ટ્રની લોકકલા પર ભારતીય વિદ્યાભવનમાં પ્રદર્શન થયું. તેમાં ભીંતચિત્રો બાબતમાં સહાય કરેલી. સૌરાષ્ટ્રનું ઘર રચેલું અને બહેનોએ તેને શણગારેલું. આ બાબતમાં મણિભાઈ શાહે, નિરૂપમા શેઠે અને અજિત શેઠે પ્રશસ્તિપત્ર આપેલું. સૌરાષ્ટ્રના લોકજીવન પર 'કુમાર', 'ઊર્મિ' અને 'અખંડઆનંદ' જેવાં માસિકોમાં લેખો લખ્યા. 'લોકગુર્જરી' અને 'બાલમૂર્તિ'માં બાળકળા પર લખ્યું. બે કાવ્યસંગ્રહો અને છેલ્લે બે આધ્યાત્મિક પુસ્તકો પણ પ્રકટ કર્યાં. લોકજીવનને લગતાં ચિત્રો, રેખાંકનો, જોરાવરસિંહ જાદવે પ્રકટ કર્યાં, જે મહત્ત્વનું પ્રદાન ગણાય. કળા બાબતમાં રવિભાઈની ઇચ્છાને માન આપીને બીજા ૬ મિત્રોના સહકારથી 'શ્રીરંગમ્ કલામંડળ'ની સ્થાપના કરી. આવા દેવજીભાઈ લોકોથી અપરિચિત રહે તે કેમ ચાલે?

– નટુ પરીખ





કિલ્લે જંજીરા



જંજીરા દ્વીપદુર્ગની ભવ્યતા તથા રહસ્યાત્મકતા કેવળ એક જ શબ્દમાં વર્ણવી શકાય - અભેદ્ય. અહમદનગરના નિઝામશાહી શાસકોમાં મલિક અંબર દ્વારા નિર્મિત આ દુર્ગને જીતવાનો પ્રયાસ ૩૦૦ વર્ષથી અધિક સમય સુધી વિફલ રહ્યો. પોતાના નિર્માણકાળથી લઈને છેક ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો અને રાજ્યોના વિલીનીકરણ સુધી આ દુર્ગ ક્યારેયે શત્રુ દ્વારા જિતાયો નહિ — ચાહે બળનો પ્રયોગ કર્યો હોય કે છલચાતુર્યનો.

લગભગ ઈ.સ. ૧૪૮૯માં અહમદનગરના નિઝામશાહી રાજાને ત્યાં એક એબિસિનિયન હબસી નોકરી કરતો હતો. કોઈ પણ બનાવટ કરી એણે કોળી નાવિક-કપ્તાન રામ પટેલ પાસેથી ૩૦૦ પેટી ઉતારવાની પરવાનગી મેળવી. આ દરેક પેટીમાં એક એક એબિસિનિયન સૈનિક છુપાયો હતો, જેના દ્વારા જંજીરાનો દ્વીપ તથા દંડી રાજપુરીનો દુર્ગ તેણે હાથ કર્યા. પાછળથી ટાપુ બિજાપુરના રાજ્યમાં ભેળવી દેવાયો. શિવાજીના સમયમાં દક્ષિણ કોંકણની સરકારના બિજાપુરના નૌકાદળના એડમિરલ - જે હંમેશાં એબિસિનિયન હબસી જ રહેતો તેના તાબામાં આવ્યો. પરિણામે શિવાજીએ જ્યારે તેના પર હુમલો કર્યો ત્યારે એનું રક્ષણ બરાબર રીતે કરી શકવાને અશક્ત સીદી એડમિરલે ૧૬૭૦માં મોગલ સમ્રાટ ઔરંગઝેબની મદદ માગી. પણ ઇતિહાસમાં નોંધનીય તો એ રહ્યું છે કે, જંજીરાએ એકલે હાથે બધાં જ આક્રમણો ખાળ્યાં હતાં. મરાઠાઓએ તો એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધેલો, પણ ફાવ્યા નહોતા. શિવાજી પછી ૧૬૮૨માં તેના પુત્ર શંભાજીએ પણ તેના પર હુમલો કરી તેને જીતી લેવા પ્રયત્ન કરી જોયો પણ નિષ્ફળ રહ્યો. એ પછીના હુમલામાં પણ વિફળ રહ્યો. ૧૭૩૩માં પેશ્વા અને આંગ્રિયાનો સંયુક્ત હુમલો પણ જંજીરા પર બહુ પ્રભાવ પાડી શક્યો નહિ. મરાઠા પછી કોંકણના રાજ્ય પર કબ્જો જમાવનાર બ્રિટિશો એના આંતરિક વહીવટમાં દરમ્યાનગીરીથી દૂર જ રહ્યા.

સુન્ની મુસલમાન એબિસિયન જાતિનો સીદી નવાબના શિરપાવથી ઓળખાતો. મુસલમાન વિધિ અનુસાર એને પોતાનો વારસદાર નીમવાની સનદ હતી. તે ખંડણી ભરવામાંથી મુક્ત હતો. ૧૮૬૮ સુધી રાજ્ય બધી રીતે સ્વતંત્ર હતું. ત્યાં કોઈ પોલિટિકલ એજન્ટ નહોતો કે નહોતી આંતરિક વહીવટમાં ડખલગીરી. પણ ૧૮૬૮માં ત્યાંના રાજાના ગેરવહીવટને કારણે ખાસ કરીને ત્યાંની પોલીસ તથા ક્રિમિનલ જસ્ટીસને કારણે એ અતિ નામચીન થઈ જતાં તેના હાથમાંથી એ સત્તા લઈને ૧૮૭૦માં બ્રિટિશ સરકારને સોંપાઈ. જંજીરાનો નવાબ ૧૧ તોપોનું માન ધરાવતો.

જાફરાબાદને બાદ કરતાં મુરુડ અને શ્રીવર્દન એ બે મુખ્ય ગામ. મોટે ભાગે હિન્દુ અને બીજા ક્રમે મુસલમાનોની વસતિ. સીદી મુખ્યત્વે એબિસિનિયન ગુલામોના વંશજો અને સૈનિકો તથા બહુધા નવાબના સગાસંબંધીઓ.

મુરુડ-જંજીરા નામક બંદરની દક્ષિણે એક ખડક પર આવેલા આ દુર્ગ સુધી પહોંચવાનો માર્ગ રાજાપુર જેટી થઈને જાય છે તથા વીસેક મિનિટનો આનંદપ્રદ નૌકાવિહાર કરવો પડે છે. જેમ જેમ નૌકા ડોલતી ડોલતી આગળ વધે છે તથા દુર્ગની દીવાલો નિકટ આવતી જાય છે તેમ તેમ દુર્ગના પ્રવેશદ્વાર વિષયમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. યદ્યપિ સમુદ્રના પાણીના બહાવ વડે દુર્ગની પથ્થરની દીવાલો કેટલેક અંશે વિનષ્ટ થઈ ગઈ હોવા છતાં હાલ એ દીવાલ જળની સપાટીથી ચાળીશ ફૂટની ઊંચાઈ પર છે તથા એટલી ભવ્ય અને પ્રભાવશાળી તથા અભેદ્ય દેખાય છે, જેટલી પુરાણા સમયમાં દેખાતી હતી.

કાળનો પ્રભાવ દુર્ગ પર સ્પષ્ટ દેખાય છે. આજે દુર્ગની અંદરના અતીતના થોડા જ અવશેષો બચ્યા છે. દુર્ગની અંદર બનેલાં ભવનો ઉપયોગમાં ન હોવાને કારણે જીર્ણાવસ્થામાં આવી ગયાં છે. અન્તઃપુરના સ્નાનાગારો સહિત સર્વત્ર કીડામકોડાઓનું સામ્રાજ્ય છે તથા લગભગ બધે જ લીલ ફેલાઈ ગઈ છે. છતાં એ દુર્ગને અભેદ્ય બનાવનારાં ચિહ્નો જોઈ શકાય છે. દુર્ગના પ્રાંગણમાં ઠંડા મધુર પાણીનું એક ઝરણું છે જે ખારા સમુદ્રના નૈકટ્યને કારણે એક આશ્ચર્ય છે. દીવાલો પર સ્થિત તોપો પોતાના ઝરૂખામાંથી સમુદ્રને તાકી રહી છે. આટલો સમય વીત્યો હોવા છતાં તેના પર કાટનું નામ નથી.

મુરુડ-જંજીરા જવાનો માર્ગ પૂરતો સરળ છે. આ માર્ગે તે મુંબઈથી ૧૬૫ કિ.મી. દૂર છે. સડક માર્ગ સિવાય મુંબઈથી લોંચ-સ્ટીમર દ્વારા પણ જઈ શકાય છે. એ ઉપરાંત, અલીબાગ થઈને બસ દ્વારા પણ પહોંચી શકાય છે. મુરુડમાં મહારાષ્ટ્ર પર્યટન વિભાગ દ્વારા આરામપ્રદ વિશ્રામસ્થાન પણ ઉપલબ્ધ છે જે મુરુડના દર્શનીય તથા પૂર્ણતયા નિરાપદ સમુદ્રતટની કાળી રેતીની વચ્ચે સ્થિત છે. □

સાહિત્યસંપર્ક

અવલોકન

અનુવાદકર્મ પણ સર્જનકર્મ જેટલી ક્ષમતા માગી લે છે. મૈત્રેયીદેવીના આ ગ્રંથને રમણીક મેઘાણીએ એ જ ક્ષમતાથી અનુવાદિત કર્યો છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં સંસ્મરણોને 'જીવનની આનંદધારા' તરીકે લેખિકાએ ગણાવી છે.

'ગુરુદેવ અમારે આંગણે'નું મૂળ શીર્ષક 'મંગપુ તે રવીન્દ્રનાથ' છે. હિમાલયની તળેટીમાં આવેલું 'મંગપુ' નામનું નાનકડું ગામ હતું. ત્યાં ટાગોર મૈત્રેયીદેવીના મહેમાન બન્યા હતા, તેનો ચિતાર આ પુસ્તકમાંથી મળી રહે છે. રવીન્દ્રનાથનું અવસાન થતાં પહેલાં ૧૯૩૯-૪૦માં મૈત્રેયીદેવીના તેઓ મહેમાન બન્યા હતા. મૈત્રેયીદેવીએ ચાર વખત ટાગોરની મહેમાનગતી કરેલી. આ ચાર વખતનો સહવાસ ચાર પર્વો રૂપે અહીં આલેખિત થયો છે. એ દ્વારા લેખિકાના અભિજાત્યનો વિનમ્રતાનો સ્પર્શ થાય છે.

ગુરુદેવ માટેનો અખૂટ આદરભાવ અને પ્રેમની અભિવ્યક્તિ આપતા અસંખ્ય પ્રસંગોનું વિવેકપૂર્વક આલેખન કરી રવીન્દ્ર-સાહિત્યમાં એમણે કિંમતી ઉમેરો કર્યો છે. ગુજરાતીમાં રમણીક મેઘાણીએ આ ગ્રંથને લાઘવથી અવતાર્યો છે. પ્રેમના વિવિધ સ્તર, વિવિધ ઊંડાણની આ કથા છે. આ ગ્રંથ દ્વારા ગુજરાતી પ્રજા અને સાહિત્યને ટાગોરનાં સંસ્મરણો જુદી રીતે ઉપકારક નીવડશે. અહીં કેટલાંક વ્યક્તિગત સંસ્મરણો સમષ્ટિગત બને છે.

આમાં ટાગોરની સર્વલક્ષી સામાજિકતા કરતાં વ્યક્તિલક્ષી સામાજિકતા અને સ્વભાવગત ખાસિયતો વિશેષ આલેખાઈ છે. 'જન્મદિન' જેવા લાંબા કાવ્યના પ્રભાવનો પ્રથમ પ્રકરણ (પર્વ)માંથી ખ્યાલ આવે છે. બીજા પ્રકરણ (પર્વ)માંથી ટાગોરનો ગાઢ પરિચય મળે છે. ૧૦, સપ્ટેમ્બર, ૧૯૩૯માં 'મંગપુ' ત્રીજીવાર આવેલા ટાગોરનો ચિતાર ત્રીજા પર્વમાં મળી રહે છે. ૨૧મી એપ્રિલ ૧૯૪૦ની 'મંગપુ' ખાતે ટાગોરની મુલાકાત છેલ્લી અને ખૂબ રસપ્રદ હતી, જેનું વર્ણન ચોથા પર્વમાં છે. આમ, આ ચાર મુલાકાતના પર્વોનું પુસ્તક સમગ્ર રીતે રંગદર્શિતા અર્પે છે.

['ગુરુદેવ અમારે આંગણે' લે. મૈત્રેયીદેવી, અનુ. : રમણીક મેઘાણી, પ્રકા : રન્નાદે પ્રકાશન, ૫૮/૧, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, પૃ. ૨૪૪, પ્રથમ સંવર્ધિત આવૃત્તિ, મૂલ્ય : રૂ. ૯૩-૦૦ અને સુલભ આવૃત્તિ રૂ. ૭૩-૦૦.] **નલિન પંડ્યા**

પ્રાપ્ત પ્રકાશનો

વલાણી-ગોત્ર પાલગોતા - વંશ ચૌહાણ : રમણીકલાલ વહાલચંદ શાહ, પ્રકાશક : પોતે, 'વલાણી બાગ,' ૧૩૫, પારસનગર, ધનેરા : ૩૮૫૩૧૦. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૭૦ ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : નથી. એક સંશોધન નિબંધ.

અસાઈત સાહિત્ય સભા 'તતસત્', બ્રાહ્મણ શેરી, ઊંઝા, ૩૮૪૧૭૦ : (ઉ.ગુ.)નાં પ્રકાશનો : **વારતા વારતા રમીએ** : લે. નટવર પટેલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૬૩, ડિમાઈ, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૨૫. બાળનાટ્ય સંગ્રહ.

રંગનાયક પ્રાણસુખ : દિનકર ભોજક, વિનુભાઈ શાહ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૩૦, ડિમાઈ, કાચું પૂઠું, મૂલ્ય રૂ. ૧૫. ગુજરાતી વ્યવસાયી રંગભૂમિના એક અચ્છા અદાકાર પ્રાણસુખ નાયકના જીવનનો આલેખ અને તવારીખો આપતી લઘુપુસ્તિકા.

આપણી રંગભૂમિ : ભરત દવે, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૦૭, ડિમાઈ, કાચું પૂઠું. મૂલ્ય : રૂ. ૩૫-૦૦. શેરીની સંસ્કૃતિથી માંડીને આધુનિક રંગભૂમિ સુધીનાં નાટકોની વિકાસ રેખાનું પરિચય-પુસ્તક.

નવલશા હીરજી : ચિનુ મોદી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૫૬, ડિમાઈ, કાચું પૂઠું. મૂલ્ય : રૂ. ૨૫. જૂની વાર્તા નવલશા હીરજીને ફેરવી નાખીને નવા પરંપરામાં સર્જેલું ત્રિઅંકી નાટક.

ગીતયમુના : ચંદ્રકાન્ત દેસાઈ. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ ૧૯૯૫, પૃષ્ઠ : ૧૪૦, ડિમાઈ, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૬૦-૦૦. કૃષ્ણગોપીનાં ગીતોનો કાવ્યસંગ્રહ.

નખદર્પણ : ભગવતીકુમાર શર્મા. પ્રકાશક : સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ: ૧૨૮, ડિમાઈ, કાચું પૂઠુ, મૂલ્યઃ રૂ. ૬૦. નવીન ગઝલસંગ્રહ.

દાડમની કળી : ગોવિંદભાઈ, પ્રકાશક : પ્રણવ પ્રકાશન, બી-૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ નં. ૨, અમદાવાદ-૩૮૦૦૫૪. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ. ૫૬, ડિમાઈ, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૨૦. બાળકાવ્યસંગ્રહ.

ઘનશ્યામદાસ બિરલા : ડૉ. ઉષા જોષી. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ ૩૧૮, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૧૨૫-૦૦. હિન્દના ઔદ્યોગિક પાયાને મજબૂત બનાવનાર કર્મનિષ્ઠ, પરિશ્રમશીલ, સિદ્ધાન્તચુસ્ત સાહસિક પદ્મવિભૂષણ ઘનશ્યામદાસ બિરલાના જીવનચરિત્રનું માતબર પુસ્તક.

વેદાંતવિચાર : વેદાંત પર આપેલાં પ્રવચનોનું પુસ્તક. એમાંથી બ્રહ્મ સ્વરૂપનું ગૂઢ ચિંતન પણ પ્રકટે છે. પરમાત્મા વિશેની તાત્ત્વિક ચર્ચા એમાં છે. લે. હીરાભાઈ ઠક્કર, મૂલ્ય રૂ. ૨૦-૦૦, પૃ. ૧૨૮, બીજી આવૃત્તિ,

પરિચય પુસ્તિકાઓ : પરિચય ટ્રસ્ટ તરફથી નીચેની પુસ્તિકાઓ પ્રકટ થઈ છે : (૧) પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ-૮૮૩ : પવનશક્તિ-લેખક : અભિજિત દોશી. (૨) ૮૮૪ : આર્થાઈટિસ-લેખક : ડૉ. રઘુભાઈ શાસ્ત્રી (૩) ૮૮૫ : આરબ-ઈઝરાયલ સમાધાન - લેખક : ઉષા ઠાકર. દરેકની કિંમત રૂ. ૫-૦૦, દરેકનાં પૃ. ૩૨, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

સફળ જીવન જીવવાની કળા

જીવનમાં સુખ, શાંતિ, સફળતા અને સમૃદ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપતું પુસ્તક. લે. મુકુન્દ પી. શાહ, મૂલ્ય રૂ. ૬૦. પૃ. ૧૮૪, ત્રીજી આવૃત્તિ, પ્રકા. કુસુમ પ્રકાશન, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૭

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. (સંસ્કૃત બિલ્ડિંગ, ત્રીજે માળે, ગુજરાત હાઈકોર્ટ રોડ, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.)નાં પ્રકાશનો.

ખતવણી :લે. ઉત્પલ ભાયાણી. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃ. ૯૬, ડિમાઈ, કાચું પૂઠું, મૂલ્ય રૂ. ૬૦. ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. એમાં 'ખતવણી', 'દીવાસ્વપ્ન' અને 'આદાનપ્રદાન' નવલિકાઓ રસપ્રદ છે.

મધુમાલતી :લે. સુરેશ દલાલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પાસબુક સાઈઝ, પાકું પૂઠું મૂલ્ય : રૂ. ૩૦ કાવ્યકંડિકાઓનો સંગ્રહ.

કેફિયત : લે. સુરેશ દલાલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પાસબુક સાઈઝ, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૨૦ અંગત કાવ્યકંડિકાઓનો સંગ્રહ.

મારી પ્રાર્થનાનું મંદિર : લે. સુરેશ દલાલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ડિમાઈ ૧/૩૨ પાકું પૂઠું મૂલ્ય : રૂ. ૨૫. અંગત પ્રાર્થનાલક્ષી અનુભવોનો લેખસંગ્રહ.

મારી પ્રાર્થનાનું સરોવર, મારી પ્રાર્થનાની ધરતી, મારી પ્રાર્થનાનું ગીત, અને **મારી પ્રાર્થનાનાં પુષ્પો** : લે. સુરેશ દલાલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ડિમાઈ ૧/૩૨, પાકું પૂંઠુ, મૂલ્ય : પ્રત્યેકના રૂ. ૨૫. પ્રાર્થનાલક્ષી અભિગમ ધરાવતા લેખોના આ સંગ્રહો ઈશ્વર અને ભક્તિનો મહિમા ગાય છે.

'મૌનનાં કૂજન' : લે. કુસુમાકર, પ્રકાશક : ડૉ. ચન્દ્રહાસ જોષીપુરા, ૨૦, વીરનગર, કિરણપાર્ક સામે, નવી આવૃત્તિ : ૧૯૯૩, પૃષ્ઠ : ૬૨૪, ક્રાઉન પાકુંપૂંઠું, મૂલ્ય રૂ. ૧૨૦.

'કુસુમાકરે' રચેલી સમગ્ર કવિતામાંથી પસંદ કરીને, આ સંચયનું સંપાદન ભરત-કુમાર શંભુપ્રસાદ જોષીપુરાએ કર્યું છે.

'બેનડી! તું પવિત્ર રહેજે!' લે. મુનિશ્રી રાજચંદ્ર વિજયજી, પ્રકા : શ્રીમહાવીર શુભ સંદેશ, કબુતરખાના પાસે, ભૂલેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૨, પુનઃ મુદ્રણ,પૃષ્ઠ ૮૯, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય રૂ.૧૦, મહિલાઓને ઉદ્દેશીને તેઓને સદાચરણ માટેની સલાહ આપતી પુસ્તિકા.

'પંચામૃતઃ' સંપાદક : પ્રા. નટવરલાલ શાહ, પ્રકાશક. લિબર્ટી પબ્લિકેશન્સ, ૩૪૫, ટેમલા પોળ, ઢીંકવા પોલીસ ચોકી સામે, કાલુપુર અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૨૦૮, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય રૂ. ૩૫, વિશ્વનાં ચિંતકોના વિવિધ ક્ષેત્રીય વિચારોનો સંચય છે.

'તરસએક ટહુકાની' લે. મૃણાલ જૈન પ્રકાઃ ચિરાગ-નિશાંત, ૩૬ દિગ્વિજય પ્લોટ, જામનગર-૩૬૧૦૦૫, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ ૬૦, કાચું પૂંઠું, મૂલ્ય રૂ.૩૦૦ મૌલિક ૬૦ રચનાઓનો કાવ્ય-સંગ્રહ.

ગીતાદર્શન : અનુવાદક શ્રી કેશવલાલ શાસ્ત્રી, પ્રકાઃ શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ, રાજકોટ-અમદાવાદ-વડોદરા, પ્રથમ આવૃત્તિ, પૃષ્ઠ - ૨૬૭, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય રૂ. ૧૫. સ્વામી શિવાનંદના 'ધી ફિલોસોફી ઑફ ભગવત ગીતા'નું ભાષાંતર.

કૌતુક : લે. રુસ્વા મઝલૂમી. પ્રકાશક : આયાઝખ્યાન બાબત ઑફ પાજોદ, કેર ઓફ રાજકુમાર કૉલેજ, રાજકોટ-૧, પ્રથમ આવૃત્તિ ૧૯૯૫, પૃષ્ઠ. ૯૬, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્યઃ રૂ. ૪૦ જીવનનાં આશ્ચર્યો અને રહસ્યોના ચિંતનલેખોનો સંગ્રહ.

'કથાસેતુ' : સંપાદક : રામજીભાઈ કડિયા, રમેશ ત્રિવેદી, પ્રકાશકઃ મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી-૩૮૨૭૧૫. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬,પૃષ્ઠ : ૧૧૨ ડિમાઈ, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૬૦-૦૦. લઘુકથા સ્વરૂપનો પરિચય કરાવતું પુસ્તકઃ એમાં ભિન્નકોટિની અને ભિન્ન ભિન્ન લેખકોની લઘુકથાઓ સમાવેલી છે.

"શક્તિસ્રોત" : લે. શ્રી પ્રજ્ઞાન (ૐ ગણેશ,) પ્રકાશક : શ્રી રક્ષા, સમર્પણ સાધનાલય, ગરૂડેશ્વર, - ૩૯૩૧૫૧, જિ. ભરૂચ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠઃ ૧૮૨, ડિમાઈ, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૮૦-૦૦ સંસ્કૃતિ, અધ્યાત્મ, ધર્મને લગતું ચિંતન. વિચારના વિકાસ અને વિસ્તારનું પુસ્તક.

આ અંકનું પૂંઠું · કલકત્તાના વિખ્યાત જૈનમંદિરની શ્રી રમેશ શાહે લીધેલી આ તસ્વીરને એમણે જ કમ્પ્યૂટરની મદદ વડે તેજછાયાનો ઊંડાણયુક્ત વિરોધ રચી ચિત્રનો ભાસ ઊભી કરતી બનાવી છે. મૂળમાંની સહેજ આછી તસ્વીરને અહીં કમ્પ્યૂટર દ્વારા જ ત્રિપરિમાણી અસરવાળી બનાવવાનો સર્જનાત્મક પ્રયાસ જોઈ શકાય છે. અને તેમાં કમ્પ્યૂટરની કમાલ શક્તિનો પણ પરિચય મળી રહે છે.

સરદાર સરોવર યોજના - ગુજરાતની સર્વોત્તમ આકાંક્ષા

સદીઓથી ગુજરાતીઓએ દેશ-દેશાવરમાં અનેક મુશ્કેલીઓ અને ઝંઝાવાતો સામે સ્થાયી થઈ પોતાની સાહસિકતા અને શૌર્યનો પરચો આપ્યો છે. આઝાદીની લડત હોય કે રાષ્ટ્ર માથે કોઈ આપત્તિ આવી હોય ત્યારે ગુજરાતે સર્વદા રાષ્ટ્રીય હિતો અને મૂલ્યોને પ્રિય ગણ્યાં છે.

આ પ્રજાનો તલસાટ છે દાયકાઓનો - સરદાર સરોવર યોજનાને મૂર્તિમંત કરવાનો, કેમ કે આ યોજના ગુજરાતની જીવાદોરી છે અને રાષ્ટ્રના વિકાસની આધારશિલા છે. છેલ્લાં ૩૪ વર્ષ દરમ્યાનના ૧૧ કારમા દુષ્કાળોએ રાજ્યના પ્રત્યેક નાગરિકની અર્થવ્યવસ્થા છિન્નભિન્ન કરી નાખેલી છે. કુદરતના પ્રકોપ સામે એકમાત્ર ઈલાજ છે કુદરતી કૃપાનો ઢાલ સ્વરૂપે સ્વીકાર કરી નર્મદાનાં નીરને દરિયામાં જતાં અટકાવી સરદાર સરોવર યોજનાને સાકાર કરવાનો.

સરદાર સરોવર યોજના ૮,૨૧૫ ગામડાં અને ૧૩૫ શહેરી વિસ્તારોના ૩ કરોડથી વધુ લોકોની તરસ છીપાવશે. ફ્લોરોસીસ જેવા પાણીજન્ય રોગ અને કારમા દુષ્કાળ સામે એકમાત્ર વિકલ્પ અને કાયમી ઈલાજ છે - **સરદાર સરોવર યોજના.**

વરસાદની અનિયમિતતાને કારણે નસીબ પર આધાર રાખતા લાખો ખેડૂતો માટે નર્મદા યોજના આશીર્વાદરૂપ સાબિત થશે. સરદાર સરોવર યોજના દ્વારા ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે, જેમાંના ૭૫ ટકા વિસ્તારો દુષ્કાળગ્રસ્ત છે.

ગુજરાતની સમૃદ્ધિ વધારવાની પ્રચંડ શક્તિ ધરાવતી નર્મદા યોજના ખરા અર્થમાં કામધેનુરૂપ સાબિત થશે.

આ યોજના દ્વારા ૧,૪૫૦ મેગાવૉટ વીજ ઉત્પાદન થશે, જેમાંથી ૧૬ ટકા હિસ્સો ગુજરાતને મળશે. આથી ગુજરાતની વિકાસયાત્રા હજુ પણ વધુ ઝડપી બનશે. આ વધારાનું વીજ ઉત્પાદન ગુજરાતમાં ઉદ્યોગીકરણનો અને રોજગારીનો વ્યાપ વધારવામાં મહત્ત્વનું પરિબળ બની રહેશે.

સમગ્ર વિશ્વમાં અપૂર્વ કહી શકાય તેવી સરદાર સરોવર યોજના ૭૦,૦૦૦ કિલોમીટર નહેરોનું વિક્રમસર્જક નેટવર્ક ધરાવે છે. આ યોજનાની ૪૬૦ કિલોમીટર લાંબી નહેર એક નદી જેટલું જળવહન કરશે.

સરદાર સરોવર યોજના

નર્મદા યોજના ગુજરાતની સમગ્ર પ્રજાની આકાંક્ષાનું પ્રતીક છે. રાજ્ય સરકાર પ્રજાની આ આકાંક્ષાને પરિપૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના પાછળ અત્યાર સુધીમાં રૂ. ૪,૭૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે અને યોજનાનો મુખ્ય બંધ ૮૦ ટકા જેટલો પરિપૂર્ણ થઈ ગયો છે.

ગુજરાત સરકારે નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનર્વસન માટે પણ સુગ્રથિત આયોજન કરીને તે દિશામાં ખૂબ ઝડપી પગલાં લીધાં છે. અત્યાર સુધીમાં મધ્યપ્રદેશનાં ૨,૫૪૪ કુટુંબો સહિત કુલ ૭,૫૮૫થી પણ વધુ વિસ્થાપિત કુટુંબોના પુનર્વસનનું કામ પરિપૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

તાજેતરમાં વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે મળેલી બેઠકમાં બંધનું સ્થગિત થયેલું કામ પુનઃ શરૂ કરવા માટે મહત્ત્વનો નિર્ણય કરવામાં આવતાં મુખ્ય બંધની ૪૫૫ ફૂટની ટ્રિબ્યુનલના ચુકાદા અનુસારની બુનિયાદી ડિઝાઈન અકબંધ રાખીને બંધનું કામકાજ ૪૩૬ ફૂટની ઊંચાઈએ લઈ જવાની અનુમતિ મળી છે. આથી હવે બંધની કામગીરી વધુ ઝડપી બનશે.

સરદાર સરોવર યોજના પરિપૂર્ણ કરવામાં રાજ્ય સરકારને લોકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો સક્રિય સહયોગ મળી રહ્યો છે. સૌરાષ્ટ્રની તરસી ધરતીને ડિસેમ્બર ૧૯૯૮ પહેલાં નર્મદાનાં નીર પહોંચાડી શકાય તે માટે મુખ્ય નહેર, શાખા નહેરો અને સ્ટ્રક્ચર્સનાં કામો વિક્રમસર્જક ગતિએ આગળ વધી રહ્યાં છે.